આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

કુમાર


વર્ષ ચોસઠમું · ફેબ્રુઆરી ઓગણીસસો એકાણું

સળંગ અંક ૭૫૭

સંસ્થાપક · રવિશંકર રાવળ · આદ્યતંત્રી · બચુભાઈ રાવત

તંત્રી · ધીરુ પરીખ

સંપાદક · બિહારીલાલ ટાંક



હર્મીઝનું કાંસ્યશિલ્પ



મધ્યકાલમાં વિજ્ઞપ્તિપત્રમાં ચિત્ર આલેખવાની પ્રથા ઊભી થઈ હતી તેનો આ એક સુંદર નમૂનો છે. આગરાના જૈનસંઘે દેવપાટણસ્થિત પ્રસિદ્ધ જૈનાચાર્ય વિજયસેનસૂરિને પોતાના નગરમાં ચાતુર્માસ ગાળવા માટેનો જે વિજ્ઞપ્તિપત્ર પાઠવ્યો તેની સાથે અ-મારી ઘોષણા અંગે જહાંગીરે જે રુક્કો વિજયસેનસૂરિના પ્રભાવથી બહાર પાડ્યો તેના અર્પણવિધિનું જહાંગીરના પ્રસિદ્ધ દરબારી ચિતારા શાલિવાહને હૂબહૂ રંગીન ચિત્ર દોર્યું છે. આ વિજ્ઞપ્તિપત્ર ૧૩ ફુટ લાંબો અને ૧૩ ઇંચ પહોળો છે, જેમાં આરંભે ચિત્રો છે અને અંતે જૈન શ્રેષ્ઠીઓની સહીઓ છે. એ ચિત્રાવલિના એક ભાગરૂપ ઉપરોક્ત ચિત્રમાં શ્રાવકો અને શ્રાવિકાઓ નૃત્યગાન સાથે ઉત્સવ ઊજવે છે, સાધ્વીઓ સમક્ષ ગહુંલી કરીને વંદના કરે છે, સ્વસ્તિક ઇત્યાદિ મંડણા કરે છે, તેનું અહીં મોગલશૈલીમાં આલેખન થયું છે.

(લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલય, અમદાવાદના સૌજન્યથી)

◁ પૂંઠા પર : ગ્રીક પુરાણશાસ્ત્રમાંનાં દેવ દેવી ઝ્યૂસ અને માઇઆનાં પુત્ર અને દેવદૂત તથા વિજ્ઞાન અને વક્તૃત્વકલાના દેવ લેખાતા હર્મીઝનું આરામમુદ્રામાંનું આ વિશ્વવિખ્યાત કાંસ્યશિલ્પ નેપલ્સના નેશનલ મ્યૂઝીઅમમાં છે.

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવા માટે અપીલ

ત્રણેક વર્ષના અણધાર્યા વિરામ બાદ 'કુમાર'નો ૭૫૧મો અંક પ્રકટ કરી શકાયો તેનો અમને થયો છે તેટલો આપને પણ આનંદ થયો જ હશે. તે અંકના પ્રાકટ્ય સાથે 'કુમાર' માસિકે સાડા બાસઠ વર્ષની મજલ પૂરી કરી નૂતન પગરણ માંડ્યાં છે. ૧૯૨૪માં એનો પ્રથમ અંક પ્રકટ થયો ત્યારથી તે ઉત્તરોત્તર અવનવીન પ્રયોગો કરતું જ રહ્યું છે. એનું કાઠું વિશ્વકોશ સમું છે. કેટકેટલા વિષયો એમાં આવરી લેવાય છે_સાહિત્ય, નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય, ઈતિહાસ-ભૂગોળ, ખગોળ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, પુરાતત્ત્વ, પશુપક્ષી-જગત, દરિયાઈ અને વન્ય સૃષ્ટિ, ચિંતન અને મનન ! આ બધું જ પાછું સચિત્ર. ઊગતી પેઢીનાં રસરુચિનાં સંમાર્જનમાં અને જીવનઘડતરમાં 'કુમાર' માસિકે સંગીન ફાળો આપ્યો છે એવો સંસ્કારી ગુજરાતી પ્રજાનો અભિપ્રાય રહ્યો છે.

આવું સંસ્કારપોષક અને વૈવિધ્યપૂર્ણ શિષ્ટ વાચન પૂરું પાડી 'કુમાર' માસિકે એની આગવી પરંપરા ઊભી કરી છે. આ પરંપરાનું શક્ય તેટલું જતન થતું રહ્યું છે. આ રીતે ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર'નો ફાળો મહત્ત્વનો રહ્યો છે, એવી અમારી નમ્ર પ્રતીતિ છે.

પરંતુ ૧૯૮૭થી થોડાં વર્ષ એનું પ્રકાશન સ્થગિત કરવું પડ્યું હતું તેનો વસવસો અમારી જેમ 'કુમાર'ના અનેક ચાહકોને રહ્યા કરતો હતો. તેની ઊણપ સૌને સતત વર્તાયા કરતી હતી તેવું અનેકોની મૌખિક-લેખિત પૃચ્છાથી જણાયું હતું. આમ, સહુ 'કુમાર'પ્રેમીઓની સદ્ભાવનાના જોર પર શ્રદ્ધા રાખીને 'કુમાર'નું પ્રકાશન પુનઃ આરંભ્યું છે ત્યારે એના પ્રકાશનની નિયમિતતા હવે નંદવાય નહિ અને તે સામગ્રી અને સજાવટ બંને દષ્ટિએ વધુ ને વધુ સમૃદ્ધ થતું રહે તેવા અમારા સક્રિય પ્રયાસો છે. વળી, તેમાંનાં ચિત્રો રંગીન બને તેવો પણ મનસૂબો રાખ્યો છે. કાગળ પણ વધુ સારા વાપરવાથી છપાઈ વધુ ઉઠાવદાર બને તેનો પણ ખ્યાલ રાખ્યો જ છે.

આ બધા માટે 'કુમાર'ને સહાયરૂપ થવા આપના સહકારની અપેક્ષા રહે છે. આ સ્થાનેથી આપને એને સહાયભૂત થવા અમે અન્તઃકરણપૂર્વકની અપીલ કરીએ છીએ. આપ નીચેની રીતે સહાયભૂત થઈ શકો છો :

૧.	વાર્ષિક ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ. ૭૫=૦૦
૨.	આજીવન ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ. ૭૫૦=૦૦
૩.	પેટ્રન સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ. ૧૦૦૦=૦૦
૪.	સંવર્ધક સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ. ૫૦૦૦=૦૦
૫.	સ્થાન સમર્પિત કરીને.	અર્ધું પાનું	રૂ. ૨૫૦=૦૦

આપ શિષ્ટ કાવ્યકૃતિ કે ગદ્યખણ્ડ આ પૃષ્ઠ પર મૂકી સુરુચિપૂર્ણ વાચનના પ્રસાર સાથે 'કુમાર'ને સહાયભૂત પણ થઈ શકશો.

૬. 'કુમાર' માટે જાહેર ખબર આપીને-મેળવી આપીને. જાખના દર :
આખું પાનું રૂ. ૭૦૦, અર્ધું પાનું રૂ. ૪૦૦, પા પાનું રૂ. ૨૫૦

પેટ્રન અને સંવર્ધક સભ્યોને 'કુમાર' આજીવન મોકલાતું રહેશે. તે ઉપરાંત હવે પછી થનારાં 'કુમાર'નાં વિવિધ પ્રકાશનોની ખરીદીમાં વિશેષ વળતરનો લાભ પ્રાપ્ત થઈ શકશે. ઓછામાં ઓછું એક ગ્રાહક બીજો ગ્રાહક બનાવીને 'કુમાર' પ્રત્યેની પોતાની શુભેચ્છા સક્રિય કરે અને શાળા-મહાશાળાઓ તથા નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના ગ્રાહકો અચૂક બને તેવી પણ હાર્દિક અપીલ છે. આપની રકમ આપ ચેક/ડ્રાફ્ટથી 'કુમાર કાર્યાલય લિ.'ના નામે ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલી આપશો. વાર્ષિક લવાજમ જો બહારગામની બેંક પરના ચેકથી મોકલો તો બેંક કમિશનના રૂ. ૧૦=૦૦ ઉમેરીને મોકલવા વિનંતી છે.

તંત્રી

'કુમાર' **સાંકળિયું** વર્ષ ચોસઠમું

ફેબ્રુઆરી ૧૯૯૧ · સળંગ અંક ૭૫૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, (ફોન. નં. ૩૪૩ ૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦.
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર'ના પુન: પ્રકાશનથી આનંદ થયો છે. મારી પાસે 'કુમાર' પ્રથમ અંકથી તે બંધ પડ્યું ત્યાં સુધીની ફાઈલના બે સેટ છે. ૧ સેટ મારે કાઢી નાખવાનો છે. જેને જરૂર હોય તેણે સંપર્ક સાધવો : સુમનભાઈ ર. શેઠ. 'સુવિધા', રાજમહેલ રોડ, ગુંદાફળિયા, વડોદરા ૩૯૦ ૦૦૧

¤

'કુમાર'ના નવા અંકો જોતાં જ ગમી જાય તેવા છે. એને ફરીથી જીવંત કરવા બદલ અભિનંદન. - નરેન્દ્ર પરમાર (નડીઆદ)

¤

'કુમાર'ને વધુ સમૃધ્ધ કરવાની અપીલના પ્રત્યુત્તરમાં સારો પ્રતિભાવ સાંપડી રહેશે એવી અપેક્ષા છે. સહુ 'કુમાર' પ્રેમીઓને આ અપીલનો યોગ્ય પ્રત્યુત્તર આપવા હાર્દિક અનુરોધ. મારા તરફથી પણ નાનકડી રકમ મોકલી આપું છું. જૂના અંકોમાંથી પણ કશુંક આપતા રહેશો તો ગમશે. - નવલકિશોર દવે (અમદાવાદ)

¤

'કુમાર' સામગ્રીની દૃષ્ટિએ મને જરૂર ગમ્યું. કાગળ આથી વધુ સારો વાપરો તો મોંઘું પડે ખરું? ક્યાંક ક્યાંક મુદ્રણદોષો રહી જાય છે તે ખટકે છે. - કૃષ્ણવીર દીક્ષિત (મુંબઈ)

¤

બાળક નાનું હોય ત્યારે માનું ધાવણ તેને પોષણ આપે છે. તે જ રીતે બૌદ્ધિક પોષણ માટે સારું સાહિત્ય માના ધાવણની ગરજ સારે છે. છતાં પણ દુ:ખદ બીના છે કે આવા સાહિત્યના સ્રોતો એક પછી એક સુકાતા જાય છે. એવા સમયે 'કુમાર'ના પ્રાણ ફરી ધબકતા થયા એ બીનાને પાતાળે ધરબાઈ ગએલી ત્રિવેણીમાં ત્રીજી નદી સરસ્વતીની સરવાણી પુન: પૃથ્વી પટ પર વહેતી થઈ, એમ કહું તો અજૂગતું ગણાશે નહિ. આપને અભિનંદન અને શુભેચ્છા. - જયસિંહ એચ. સંપટ (મુંબઈ)

¤

'કુમાર' માસિક ફરીથી શરૂ થયું એ હર્ષદાયક ઘટના છે. 'કુમાર' માસિકનો હું પ્રશંસક છું અને ૮૫ વર્ષનો જૂનો પત્રકાર છું. 'કુમાર' જ્યારે બંધ પડ્યું ત્યારે એક સ્વજન ગુમાવ્યા જેટલું દુ:ખ થયું હતું, જાણે માથેથી મોભ તૂટ્યો! પ્રભુ તમને તમારા શુભ કાર્યમાં હરહંમેશ સહાય કરે. - બાબુભાઈ ગોંડલિયા (સાવરકુંડલા)

¤

ગુજરાતી સાહિત્યના ગૌરવ સમાન 'કુમાર' સામયિક ફરીવાર ચાલુ કરવા બદલ ધન્યવાદ. ૧૯૯૦નો સપ્ટેમ્બર અંક ખૂબ જ ગમ્યો. શ્રી પ્રફુલ્લ રાવલની લઘુકથા 'સાવ અચાનક' ખરેખર આસ્વાદ્ય રચના છે. કાવ્યો પણ મનોહર લાગ્યાં. મારી હાર્દિક શુભ કામનાઓ! - ઈશ્વર પરમાર (અમદાવાદ)

¤

'કુમાર' નવો અવતાર ધરી પુન: પ્રકટ થયું છે તેથી આનંદ થયો છે. ગુજરાતની અસ્મિતા અને સંસ્કારિતાના સંવર્ધનમાં 'કુમાર'નું પ્રદાન હતું અને રહેશે એવી અપેક્ષા સૌ સેવે એ સ્વાભાવિક છે.

- બચુભાઈ ઠાકર (તંત્રી : 'સાધના', અમદાવાદ)

¤

'કુમાર'ને નવજીવન મળ્યાનો આનંદ છે. એ ઉત્તરોત્તર એની મૂળ કક્ષાને પ્રાપ્ત કરશે જ તેવી ખાતરી પડે છે. કમલાબહેન પરીખનો દાવરસાહેબ વિશેનો ચરિત્રલેખ ગમ્યો. સામગ્રી અને રજૂઆત બંને ખૂબ સરસ. ભાષા-અભિવ્યક્તિ પણ સુંદર. હજુ થોડી વધુ વિગતો તેમને વિશે આપી શકાઈ હોત એમ લાગ્યું પણ છે તેવો ય લેખ ઘણો સારો લાગ્યો. એમને અભિનંદન અને આવું લખતાં રહેવા અનુરોધ. - હેમન્ત દેસાઈ (રાજકોટ)

¤

'કુમાર' માસિકમાં આવતા લેખો વિજ્ઞાન, સંસ્કૃતિ, સાહિત્ય આદિ જુદા જુદા વિષયને આવરી લેતા હોઈ વાંચનારને મુગ્ધ કરે છે. હવે જૂના અંકમાંના લેખો પણ આવશે તો જરૂર આવકાર્ય થશે. જૂના અંકો સાથે એ રીતે સંબંધ બાંધી આપશો તો પણ હું નથી ધારતો કે કોઈ વાચક નારાજ થાય. - દયારામ સોલંકી (દમણ)

¤

'કુમાર'ના પુન: પ્રાગટ્યથી અનેરો આનંદ થયો છે. 'કુમાર' સાથે મારા જેવડાં ઘણાંનો કુમારકાળ જોડાયેલો છે. ૧૯૬૨માં જ્યારે શાળામાં હતો ત્યારે અમારા વર્ગશિક્ષક 'કુમાર' અને બુધસભાની વાતો કરતા હતા તે ચિત્તપટ પર આજે પણ જીવતી જાગતી રહી છે.

- પ્રો. મુકુન્દ કોટેચા (વઢવાણ સિટી)

¤

આજથી ૬૦ વર્ષ પહેલાં જ્યારે મારી વય ૧૦ વર્ષની હતી ત્યારે 'કુમાર' શાળાના વાચનાલયમાં રસપૂર્વક વાંચતો. મારું સૌભાગ્ય છે કે મારું જીવનઘડતર પણ 'કુમારે' જ કર્યું છે. 'કુમાર'ના વાચનથી હું સામાજિક તેમજ સેવા અને સાહિત્યક્ષેત્રે સંતોષજનક કાર્ય કરી શક્યો છું અને કરું છું. - જયંતીલાલ ચોક્સી (દાહોદ)

¤

કુમાર'ના નવેમ્બર ૧૯૯૦ના અંકમાં શ્રી વિનોદ ભટ્ટનો લેખ 'પૈસો કદી જેલમાં જતો નથી' ખૂબ ગમ્યો. એમાં વ્યંગ સાથે વિચારો પણ છે. એમણે બંને સરસ રીતે રજૂ કર્યા છે તે બદલ વિનોદ ભટ્ટને અભિનંદન !

- ચંદ્રકાન્ત દવે (અમદાવાદ)

¤

'કુમાર' અંક ૭૫૬ના અનુસંધાને ખરજવા માટે સચોટ ઉપાય

દવા ઘરગથ્થુ છે. સામાન્ય રીતે ઘરમાં ચા પીવાનો રિવાજ છે અને તેના કૂચા નાખી દેવામાં આવે છે. મને એક મહાત્માએ આ કૂચાનો ઉપયોગ ખરજવું મટાડવા માટે સૂચવ્યો હતો. મેં ઘણાંય લોકોને પગે અને ગરદને, આ કૂચા જેટલીવાર મળે તેટલીવાર, ખરજવા ઉપર થથેડીને રાખવા માટે સૂચવેલ, જેનાથી ઘણાંય લોકોનાં સારી દવાઓ કરવાં છતાં ન મટેલાં સૂકાં કે ભીનાં ખરજવાં મટી જવા પામેલ છે.

દેસાઈ દલજીભાઈ હરિભાઈ (ખેરાલુ)

પ્રભાતિયું/શશિશિવમ્

(ઝૂલણા)

ઊઘડતા આભથી ઊતરે હેમ આ મનભરી ઝીલવા જીવ જાગો;
વિમલ તન-મન અને કમલનાં દલ મહીં ઝળકશે તેજ જરી નીંદ ત્યાગો.

પવનના સ્પર્શમાં જીવનના શ્વાસમાં ગહન મહેકી રહે શ્વાસ જેના;
વરસતા મેહમાં જલ તણાં વ્હેણમાં શીત મલપે સદા સ્પંદ એના.

ફૂલના વાનમાં પંખીનાં ગાનમાં સકળમાં વ્હાલ પમરે મરકતાં;
પલકતાં નેણમાં સરકતાં રક્તમાં રંગ ને રૂપ એનાં વિલસતાં.

સૂર્યમાં ચંદ્રમાં તારલાપલકમાં પરમ નીતરે સુધારસ ઉમંગે;
અણુઅણુ પૃથ્વીમાં અલખ મલકી રહ્યો, સ્પરશતો ઊલટથી અંગઅંગે.

ટ લઈ જાય સરવર-નદી-સાગરે પામવા જલ સકળ, કંઈ ન સીધે;
ત્રતા હોય પામે અધિક નવ કશું, શું વળે આપ વિલાપ કીધે !

ટ તણા ભેદ ભૂલી ઠરે એકરસ ભવતણા સકળ સંતાપ શામે;
આપ આઘો કરી મમત મૂકી જરી અખિલમાં નીરખતાં નન્દ પામે.

અંતરે મીટ માંડી ઘડી બેઘડી જાગી જોતાં સકળ એ વિલાસે;
શ્યામના ચરણમાં શરણમાં પામશે એ જ સર્વત્ર ને નિત્ય પાસે.

ઝરણાને બાંધ્યું મેં બેડીએ/સુરેન્દ્ર જી. કડિયા

(ગાન)

એક ઝરણાને બાંધ્યું મેં બેડીએ !
રોમ રોમ ફરકે, થૈ ડાળ ડાળ થરકે, કૈં ઝલ્યું ઝલાય નહીં કેડીએ !

હળવેથી પાલવની કોર સ્હેજ ભીંજવી ને જાગી ભીનાશ જીવ સોંસરી,
એક એક ચાંચ દીઠ એક એક ટહુકાને બોળવાની બીક ગઈ ઓસરી,
પછી રમતું મૂક્યું મેં મારી મેડીએ !

સૂરજ ઊગે ને મારી પાનીએ લાલઘૂમ શમણું બનીને રોજ નીતરે,
હળુહળુ પગલે હું ચાલું તો ઠેરઠેર શરમાતાં મેઘધનુ વીખરે,
એને આખો દિ કેમ કરી છેડીએ?

મુક્તક/ચીમન પુરોહિત

અંદર-બહાર આમ તો પીડાઉં છું સતત
કોને ખબર છતાંય તે હું ગાઉં છું સતત!

વીંધાઉં આરંપાર વાંસ જેમ તો ય તે
અદ્‌ભુત સૂરાવલિ મહીં રેલાઉં છું સતત!

કેટલી વાવી રે/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગાન)

કેટલી વાવી રે ખાટી આંબલી
વાવ્યાં કેટલાં ગુલાબ
આપણી વાડીનો આપણ રાખીએ
રોજે રોજનો હિસાબ...!

આવળ બાવળ ને વળી બોરડી
એના ઊગે શું થાય ?
ખટકો રાખીને વાડી વાવીએ
લીલા રંગ ઉભરાય
પરસેવે રીઝે રૂડાં રૂખડાં એનો રેશમી રુઆબ... !
કેટલી વાવી રે. . .

વાડી તે કોઈની ના વગોવીએ
સૌનાં નોંખાં રે રૂપ
ટહુકામાં પૂરો ભેરુ ટાપસી
બાકી ભલી રે ચૂપ
વીણી વીણીને કરીએ વેગળા
ખીલ્યાં ખોટાં રે ખ્વાબ....
કેટલી વાવી રે. . .

ફરતી વાવો રે કલમું કામની
થાશે ફોરમનું ગામ
શેઢે સુહાવો શીળા છાંયડા
રાજી રેંશે રામ
મોટો માળી રે ઉપર મૂલવે જેની જેવી રે છાબ!
કેટલી વાવી રે. . .

લીલા આવાસમાં/વ્રજલાલ દવે

(ગઝલ)

ફૂલ છું હું : છો ન બેસું પાસમાં,
ના કહેશો તો ય પેસું શ્વાસમાં.
આરસ-સુંવાળી ઓસરી ડંખી જતી,
નેણને સુરમો મળ્યો છે ઘાસમાં.
ધૂળિયા દહાડા પડી રહે છાપરે,
રાત કૈં છલકે કસુંબલ પ્યાસમાં.
ત્રસ્ત કૈં કાન્તિલ તિરાડે ભીંતડાં,
માટીને ખીલવા મળ્યું છે ચાસમાં.
ધુમ્મસો અથડાય અંધા વેગમાં,
શબનમો ઠરતાં લીલા આવાસમાં.

આર્થિક મુશ્કેલીઓ અને સામાજિક અપમાનોના શૈશવકાલીન વાતાવરણમાં ગૂંગળામણ અનુભવનાર અને એ પરિસ્થિતિમાંથી ભારતના દલિત વર્ગને મુક્ત કરાવવાનો જીવનમંત્ર ફૂંકનાર પ્રજાસત્તાક ભારતના બંધારણના ઘડવૈયા અને પ્રખર મેધાવી પુરુષ કે જેમની જન્મશતાબ્દી આ વર્ષે સર્વત્ર ઉજવાઈ રહી છે અને જેમને મરણોત્તર 'ભારતરત્ન' એવૉર્ડ એનાયત થયો છે તે

ડૉ. ભીમરાવ આંબેડકર



ડૉ. ચંદ્રકાન્ત મહેતા

એક જ આકાશના વિતાન નીચે અને એક જ ધરતીની ગોદમાં વસતા માનવ-માનવ વચ્ચેની અસમાનતા સંવેદનશીલ માનવીને ખટક્યા વગર રહી શકે નહીં. વર્ણવ્યવસ્થાનો મૂળ આશય સાવ વિસરાઈ જતાં અસ્પૃશ્યતાની જે બદી હિન્દુધર્મના અક્ષમ્ય કલંક રૂપે ફૂલીફાલી તેને નાબૂદ કરવા માટે સામાજિક ન્યાયના પુરસ્કર્તાઓ, સમાનતાના સમર્થકો અને પ્રચારકો, પીડિતોના આશ્વાસકો અને સામાજિક ક્રાન્તિના અગ્રદૂતોએ ઉઠાવેલી જહેમત, આદરેલો મુક્તિસંઘર્ષ અને અસ્પૃશ્યોના અભ્યુદય માટે ચલાવેલું અભિયાન માનવ-ગૌરવનાં ઈતિહાસનું એક સમુજ્જવળ પ્રકરણ છે, જેમાં ડૉ. ભીમરાવ આંબેડકરનું કર્તવ્યપૂત નામ સ્વર્ણાક્ષરે અંકિત છે.

ભીમરાવ આંબેડકરના પૂર્વજોનું મૂળ વતન તો રત્નાગીરી જિલ્લાનું આંબવડ. એમના દાદાજી માલોજી સકપાળ મહાર જાતિના; વ્યવસાયે સૈનિક. તેમના પુત્ર રામજી સકપાળને ઘેર ભીમરાવ આંબેડકરનો જન્મ થયો હતો. ભીમરાવનાં માતા ભીમાબાઈને ચૌદ સંતાનો. ૧૪મી એપ્રિલે, ૧૮૯૧ના દિને ભીમરાવ આંબેડકરનો જન્મ ચૌદમા સંતાન તરીકે થયો હતો. પાંડુસુત ભીમનું નામ શક્તિ અને સાહસમાં અવિસ્મરણીય મનાતું હોઈ ભીમાબાઈનો આ પુત્ર પણ બળવાન અને મહાન બનશે, એવા ખ્યાલ સાથે એ ચૌદમા સંતાનનું નામ પાડવામાં આવ્યું ભીમરાવ. ભીમરાવના પિતા ત્યારે મધ્ય ભારતના મહુ ખાતે રહેતા હતા, એટલે મહુ ભીમરાવનું જન્મસ્થળ ગણાય.

રામજી સકપાળ અસ્પૃશ્ય ગણાતી મહાર જાતિના કબીરપંથી સજ્જન હતા. કહેવાય છે કે મહાર શબ્દ 'મહાર-અરિ' (એટલે કે 'મહાશત્રુ')નું તદ્ભવ રૂપ છે. ડૉ. ભીમરાવ અસમાનતા, અન્યાય, શોષણ અને અત્યાચારના 'મહાશત્રુ' હતા, એવું અર્થઘટન આ શબ્દ સાથે સુસંગત ઠરે છે!

ભણવામાં તેજસ્વી હોવા છતાં ભોંય પર ફરજિયાત બેસવાનું, પાણીની પરબે પ્યાલા છતાં ખોબે પાણી પીવાની અપમાનિત સ્થિતિ, ગાડામાં બેઠેલો કિશોર અસ્પૃશ્ય જાતિનો છે એવો ખ્યાલ આવતાં ગાડીવાને ગુજારેલો ત્રાસ, તરસ લાગતાં કૂવે પાણી પીવાનો પ્રયત્ન કરતાં 'કૂવો અભડાવવા'નું તહોમત મૂકી લોકો દ્વારા કરવામાં આવેલું પ્રતાડન, વાળંદ દ્વારા મહાર-બાળના વાળ કાપવાનો ધરાર ઈન્કાર! બાળક ભીમરાવનું મન તેને વારંવાર પૂછતું હતું કે શું આવો ત્રાસ, તિરસ્કાર અને અપમાન સહેવા માટે જ મને મળ્યો છે આવો મોંઘેરો માનવ અવતાર? ભીમરાવના મનમાં રોષની ચિનગારી એ બધી ઉપેક્ષાપૂર્ણ-ધિક્કારભરી કડવી ઘટનાઓમાંથી જન્મી હતી! કદાચ એટલે જ મોટા થઈને ભીમરાવે પ્રતિજ્ઞા કરી હશે : 'તિરસ્કાર, ગુલામી અને અન્યાયનો ભોગ થઈને પડેલા જે સમાજમાં મારો જન્મ થયો છે તે સમાજની ગુલામી નષ્ટ કરવામાં મને અપયશ મળે તો હું મારી જાત પર ગોળી ચલાવી દઈશ.'

જીવનના અફાટ રણમાં વિદ્યાર્થી ભીમરાવ માટે જો કોઈ મીઠી વીરડી હોય તો તે હતા એક બ્રાહ્મણ શિક્ષક આંબેડકર. ભીમરાવના પિતા રામજીની અટક સકપાળ હતી, પરંતુ ભીમરાવે પોતાના મૂળ વતન 'આંબવડે' પરથી પોતાની અટક 'આંબવડેકર' રાખી હતી. ગુરુ આંબેડકરે પોતાના શિષ્ય ભીમરાવની અટક 'આંબેડકર' કરી નાખી! આભડછેટમાં ન માનનાર ગુરુની આ 'અટક-પ્રસાદી' ઈતિહાસ-પ્રસિદ્ધ બની ગઈ!

સંસ્કૃત ભણવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં હાઈ સ્કૂલમાં ભીમરાવને આ દેવભાષાનો અભ્યાસ કરવા પર પ્રતિબંધ ફરમાવી ફારસી વિષય રાખવાની ફરજ પાડવામાં આવી!

પરિશ્રમ, ખંત અને અભ્યાસનિષ્ઠાને લીધે ભીમરાવે પોતાની જ્ઞાતિમાં સર્વપ્રથમ મેટ્રિકની પરીક્ષા પસાર કરી ત્યારે તેમના સન્માન-સમારંભ પ્રસંગે તેમના ગુરુ અને આચાર્ય કેળૂસ્કરજીએ પોતાના આશીર્વાદના પ્રતીક તરીકે તેમને 'બુદ્ધચરિત્ર' ભેટ આપ્યું હતું! ત્યારે કોઈને કલ્પના પણ નહિ હોય કે જ્ઞાતિવાદનાં પોલાદી કમાડ ઉપર માથું પછાડી પછાડી નાસીપાસ થએલો આ યુવક માનવમાત્રને સમાન ગણી પ્રેમથી આવકારતા બૌદ્ધધર્મનું શરણું શોધશે!

મહાર જ્ઞાતિમાં બાળલગ્નો પ્રચલિત હતાં. નવ વર્ષના રમાબાઈ ૧૬ વર્ષના ભીમરાવનાં જીવનસંગિની બન્યાં! ઘરની જવાબદારી અને



પિતા: રામજી માલોજી આંબેડકર

ઉચ્ચશિક્ષણના અરમાન. કરુણામય ગુરુ કેળૂસ્કરના પ્રયત્નોથી વડોદરાના વિદ્યાપ્રેમી મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવને અભ્યાસાર્થે માસિક પચ્ચીસ રૂપિયાની શિષ્યવૃત્તિ બાંધી આપી, જેને પ્રતાપે ઈ.સ. ૧૯૧૨માં ભીમરાવે મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી બી.એ.ની પરીક્ષા પસાર કરી, મુંબઈના પરેલ નામના પરાની અગવડભરી ઈમ્પ્રુવમેન્ટ નામની ચાલીમાં રહીને.

સ્નાતક થયા બાદ ભીમરાવ આંબેડકરનું નસીબ ખૂલ્યું. એમને વડોદરા રાજ્યમાં નોકરી મળી, પણ પિતાજીની માંદગીને કારણે મુંબઈ જવું પડ્યું. ઈ.સ. ૧૯૧૩માં તેમણે પિતાની શીળી છાય ગુમાવી. ગુરુ કેળૂસ્કરજીએ તેમનાં આંસુ લૂછી અભ્યાસાર્થે વિદેશ-ગમનની સલાહ આપી. મહારાજા સયાજીરાવે તેમને વિદેશગમન માટે આર્થિક મદદની તૈયારી દર્શાવી — અભ્યાસ બાદ દસ વર્ષ સુધી વડોદરા રાજ્યમાં સેવાઓ આપવાની શરતે.

જુલાઈ, ૧૯૧૩માં ભીમરાવે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. ભારે આર્થિક સંકડામણ વચ્ચે પણ દરરોજના અઢાર-અઢાર કલાક અધ્યયન કરીને 'પ્રાચીન ભારતમાં વ્યાપાર' એ વિષય પર પ્રબંધ લખી ઈ.સ. ૧૯૧૫માં એમણે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. 'ભારતની રાષ્ટ્રિય આવકની વહેંચણી : એક ઐતિહાસિક પૃથક્કરણાત્મક પરિશીલન' શીર્ષકથી મહાનિબંધ લખીને એમણે પીએચ.ડી.ની પદવી મેળવી.

શિષ્યવૃત્તિનો નિર્ધારિત સમય પૂરો થતાં અને વડોદરાના દીવાનનો સંદેશો મળતાં ૨૧મી ઑગસ્ટ, ૧૯૧૭ના દિવસે ડૉ. આંબેડકર મુંબઈ આવી પહોંચ્યા.

એમના ચાહકોએ તેમનું સન્માન કરવા સમારંભ યોજવાની ઈચ્છા પ્રદર્શિત કરી, તેનો અસ્વીકાર કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'મારે માનપત્ર જોઈતું નથી. હું તમારા ઉપર ઉપકાર કરવા માટે ભણ્યો નથી. મને ઈશ્વરની કૃપાથી તક મળી માટે ભણ્યો છું. મારી માફક અન્ય લોકોને તક મળશે તો તેઓ પણ ઉત્તીર્ણ થશે. માટે તમે જે પૈસા ભેગા કર્યા છે (સન્માનપત્ર માટે) તેનો આપણી અસ્પૃશ્ય જાતિના લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે ઉપયોગ કરો એ વધુ ઉચિત છે.' વડોદરા સરકાર સાથેના કરાર મુજબ તેમણે વડોદરા નોકરીએ હાજર થવાનું હતું. એક મહાર યુવક નોકરીએ હાજર થવાના સમાચારે વડોદરાના સચિવાલયમાં ખળભળાટ મચાવી મૂક્યો....ન કોઈ તેમને જમાડવા તૈયાર થાય કે ન કોઈ મકાન આપવા. ચપરાસી તેમને પાણી પિવડાવવા કે ફાઈલો આપવા તૈયાર નહીં!

થોડાક સમય પછી વડોદરાની નોકરીને તિલાંજલિ આપી ૧૯૧૮માં તેઓ મુંબઈની સીડનહામ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. એમના અગાધ જ્ઞાન, વિષયની અદ્‌ભુત પકડ અને આંજી નાખે એવી વાક્છટાથી એમણે વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં, પરંતુ એમનું મન વિદેશમાં અધૂરા મૂકેલા પૉલિટિકલ સાયન્સના અભ્યાસને પરિપૂર્ણ કરવા માટે બેચેન હતું. કોલ્હાપુરના મહારાજાએ તેમને અભ્યાસાર્થે લંડન જવા માટે મદદરૂપ થવાની તૈયારી દર્શાવી. મિત્ર નવલ ભાતેનાએ પણ રૂપિયા ઉછીના આપવાની હૈયાધારણ આપી અને તેઓ જુલાઈ, ૧૯૨૦માં લંડન પહોંચ્યા. ત્યાંની 'સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ ઍન્ડ પૉલિટિકલ સાયન્સ' નામની સંસ્થામાં તેમણે અભ્યાસ આરંભ્યો. એમના એ અભ્યાસને 'જ્ઞાનયજ્ઞ' જ કહેવો જોઈએ. સેન્ડવિચના ટુકડા અને પાણીનો એકાદ ગ્લાસ પેટમાં પધરાવી ગ્રંથાલયમાં કલાકો વાચનરત રહેતો આ યુવાન બ્રિટિશ લાયબ્રેરીના સ્ટાફનો પણ વહાલસોયો બની ગયો હતો. એક દયાળુ ગ્રંથપાલે એટલે જ બપોરનું ખાણું પોતાની સાથે લેવાનો આંબેડકરને અનુરોધ કર્યો હતો.

'પ્રોવિન્શલ ડિસેન્ટ્રલાઈઝેશન ઑફ ઈમ્પિરિયલ ફિનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા' નામક લઘુનિબંધ રજૂ કરીને એમણે એમ.એસસી.ની પદવી મેળવી. ૧૯૨૨માં બૅરિસ્ટરની ઉપાધિ પણ પ્રાપ્ત કરી. પૈસા ખૂટતાં તેઓ ભારત પાછા ફર્યા અને 'ધ પ્રોબ્લેમ ઑફ રૂપી' મહાનિબંધ લખ્યો. આ મહાનિબંધને ધ્યાનમાં લઈ લંડનની યુનિવર્સિટીએ તેમને ડી.એસસી.ની પદવી એનાયત કરી.

અભ્યાસની સુસજજતા કેળવ્યા બાદ એમણે અસ્પૃશ્યોની સેવા, ઉદ્ધાર અને મુક્તિના પોતાના પ્રમુખ જીવનધ્યેયને કાર્યરત બનાવવાનો સંકલ્પ કર્યો. અસ્પૃશ્યોની વેદના, લાચારી, આવશ્યકતાઓ અને અરમાનોને વાચા આપાવા 'મૂક નાયક' પત્રિકામાં એમણે ચોટદાર ભાષામાં લેખો લખવાનું શરૂ કર્યું. એમણે પ્રથમ અંકમાં જ લખ્યું હતું: 'હિન્દુસમાજ અનેક માળવાળી એક ઇમારત જેવો છે. એની અંદર જવા માટે નથી કોઈ નિસરણી કે નથી બહાર નીકળવા માટે બારણું. આ સમાજ એક તરફ એમ માનવાનો દાવો કરે છે કે જડ પદાર્થોમાં પણ પરમાત્મા રહેલો છે, જ્યારે બીજી તરફથી એમ કહે છે કે કેટલાંક લોકો, જે એનું પોતાનું અંગ છે, તે સ્પર્શને લાયક પણ નથી.'

ડૉ. આંબેડકરે ધારાશાસ્ત્રી તરીકે પોતાની આગવી કાબેલિયતનો પરિચય કરાવ્યો. જિલ્લા અદાલતોમાં કેસ લડ્યા બાદ હાઈ કોર્ટમાં પણ તેમણે સફળ પ્રેક્ટિસ શરૂ કરી.

ઈ.સ. ૧૯૨૪માં ડૉ. આંબેડકરે દામોદર હૉલ, મુંબઈમાં એક સંમેલન બોલાવ્યું અને તેમાંથી 'બહિષ્કૃત હિતકારિણી સભા' નામની સંસ્થાએ આકાર લીધો. અછૂત-સેવાની વિવિધ પ્રવૃત્તિઓના શ્રીગણેશ મંડાયા. સોલાપુરમાં એક અછૂત છાત્રાલયની સ્થાપના કરવામાં આવી. કારાગૃહમાંથી મુક્ત થયા બાદ ગાંધીજીએ પણ અસ્પૃશ્યતા-નિવારણ માટે આંદોલન શરૂ કર્યું હતું. મહારાજા સયાજીરાવ ગાયકવાડ, છત્રપતિ શાહુ તથા કર્મવીર શીંદેના સહયોગથી સમગ્ર મહારાષ્ટ્રમાં અસ્પૃશ્યતા-નિવારણની પ્રવૃત્તિને બળ મળ્યું. ડૉ. આંબેડકરને અસ્પૃશ્યો પ્રત્યેની દયા નહોતી ખપતી. તેઓ માનતા હતા કે અસ્પૃશ્યોએ પોતાના મનમાંથી લઘુતાગ્રંથિને દૂર કરી પોતાની જાત પ્રત્યે, જાતિબંધુઓ પ્રત્યે આદરની ભાવના વિકસાવવી પડશે. ગાંધીજી અને સાવરકરના અભિગમ કરતાં ડૉ. આંબેડકરનો અભિગમ જુદો હતો. આંબેડકર કહેતા : 'ગુલામને એની ગુલામગીરીનું ભાન કરાવી દો, એટલે તે આપોઆપ બંડ કરશે.' સ્વાભિમાન, સ્વાવલંબન અને સ્વોદ્ધાર વિના અસ્પૃશ્યો પાસે અન્ય કોઈ જ માર્ગ નથી એવું તેઓ ભારપૂર્વક માનતા હતા. અસ્પૃશ્યતા-નિવારણ માટે ગાંધીજીની કેવળ 'સમતા ને મમતા'ની વાતોમાં એમને વિશ્વાસ નહોતો. બહિષ્કૃત હિતકારિણીના અધિવેશન પ્રસંગે ડૉ. આંબેડકરે અસ્પૃશ્યોને સમજાવ્યું હતું : 'તમે માણસ જેવા છો. પોતાની કામગીરી વડે ઉન્નતિ કરવાનો સર્વને અધિકાર છે. તમે આ દેશના રહેવાસી છો. તમને અન્ન, વસ્ત્ર, આવાસ વગેરે અન્ય ભારતીઓની માફક મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે એટલે તમારે સ્વાભિમાનપૂર્ણ જિંદગી જીવવી હોય તો સ્વાવલંબન એ જ આત્મોન્નતિનો માર્ગ છે.'

જાગૃત થયેલા અસ્પૃશ્ય કાર્યકરોએ ઠેકઠેકાણે પરિષદો ભરી અસ્પૃશ્યતા સામે જેહાદ જગાવવાનું શરૂ કર્યું.

મહાડ નગરપાલિકા હસ્તકના 'ચૌદાર તળાવ'ને કાંઠે અસ્પૃશ્યોને પાણી ભરવા જવાની મનાઈ હતી. ડૉ. આંબેડકરે ૧૯૨૭માં 'ચૌદાર તળાવ સત્યાગ્રહ'નું આંદોલન આરંભ્યું. 'દલિત જાતિ પરિષદ' ના સભ્યોએ પણ આ સત્યાગ્રહમાં ભાગ લીધો. તળાવનાં પગથિયાં ઊતરીને એમણે એક 'ઐતિહાસિક માનવ અધિકાર' પ્રસ્થાપિત કર્યો. વીરેશ્વર મંદિરમાં પણ ડૉ.આંબેડકરના સાથીઓએ શિસ્તબદ્ધ પ્રવેશ કર્યો. 'ચૌદાર તળાવ'-નો મામલો હાઈ કોર્ટ સુધી પહોંચ્યો અને હાઈ કોર્ટે જળાશયનાં પાણીના ઉપયોગનો અસ્પૃશ્યોનો અધિકાર માન્ય રાખ્યો. ડૉ. આંબેડકરે બ્રિટિશ સરકાર સમક્ષ અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે કેટલીક મહત્ત્વની માગણી રજૂ કરી, જેમાં અસ્પૃશ્યોનો દેવાલયપ્રવેશ, વિધાનપરિષદોમાં અસ્પૃશ્યોના વધુ પ્રતિનિધિઓની સરકાર દ્વારા નિયુક્તિને બદલે જનતા દ્વારા ચૂંટણી, સૈન્ય અને પોલીસમાં અસ્પૃશ્યોની વધુ સંખ્યામાં ભરતી વગેરે ઉલ્લેખનીય ગણાય. ડૉ. આંબેડકર પોતાની સામેના આક્ષેપોનો 'બહિષ્કૃત ભારત' નામના પાક્ષિક દ્વારા જવાબ આપતા હતા. ક્યારેક તો તેમનો



મહર્ષિ ધોંડો કેશવ કર્વે

વિરોધવંટોળ ઉગ્રતાની પરાકાષ્ઠાએ પહોંચી જતો : 'જેવી રીતે અગ્નિશિખાને તુચ્છ માની જીભ પર મૂકવાથી તે જીભને બાળે છે અને પોતાની નોંધ લેવાની ફરજ પાડે છે, તેવી રીતે અસ્પૃશ્ય લોકોએ તેમને અસ્પૃશ્ય કહેનારની જીભ ખેંચી લીધી હોત તો કોઈએ તેમને અસ્પૃશ્ય કહેવાની હિંમત ન કરી હોત. ભીખ માગવાથી અધિકારો મળતા નથી!'

આંબેડકરની મુંબઈ વિધાનસભામાં સરકારે નિયુક્તિ કરી ત્યારે ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૭ની બેઠકમાં તેમણે આપેલું ભાષણ તેમની નિર્ભયતા, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના ઊંડા અભ્યાસ અને માનવગૌરવના આગ્રહની સાખ પૂરે છે.

હિંસા, અહિંસા, સત્યાગ્રહ વગેરે વિશે ડૉ. આંબેડકર આગવા વિચારો ધરાવતા. તેમણે કહ્યું હતું : "હિંસા કે અહિંસા કેવળ આગ્રહની સિદ્ધિ માટેનાં સાધનો છે. કર્મ અથવા કર્મોના સંદર્ભમાં ક્રિયાપદનું રૂપ બદલાય છે તેમ કેટલાંક સાધનોના સંદર્ભમાં આગ્રહનું નૈતિક રૂપ બદલાતું નથી. કારણ કોઈ દુરાગ્રહી પોતાનો આગ્રહ પાર પાડવા માટે અહિંસાનો માર્ગ સ્વીકારે તો તે માટે તેના દુરાગ્રહને સત્યાગ્રહ કહેવામાં નહીં આવે અથવા કોઈ સત્યાગ્રહી સત્યાગ્રહની સિદ્ધિ માટે હિંસાનું આચરણ કરે તેટલા જ માટે તેના સત્યાગ્રહને દુરાગ્રહ કહેવો શક્ય નથી! તેમ કહેવામાં આવે તો ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને સત્યાગ્રહની સિદ્ધિ માટે જે હિંસાનો માર્ગ સ્વીકારવાની ફરજ પાડી તેનું શું? ...'અહિંસા પરમ ધરમ છે' એ તત્ત્વ બધા સમયે પાળવાનું શક્ય નથી! ખરેખર તો શક્ય હોય ત્યાં સુધી અહિંસા અને જરૂર પડે તો હિંસા એવું ધોરણ સત્યાગ્રહીએ અપનાવવું તે સિદ્ધિની દૃષ્ટિએ યોગ્ય છે, એટલું જ નહીં, એ નીતિની દૃષ્ટિએ પણ યોગ્ય છે. પરંતુ આપણે બધા નિઃશસ્ત્ર હોવાને કારણે આ પ્રશ્ન સત્યાગ્રહની બાબતમાં ઉદ્ભવતો નથી !.. ...ખરેખર તો અસ્પૃશ્યતા એટલી ભયંકર છે કે તેને નિવારવા

કેટલાકે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા પડે તો પણ કોઈ હરકત નથી! ...મહાભારતમાં વિદુલાએ પોતાના પુત્રને 'સો વર્ષ સુધી નિરર્થક જીવન જીવવા કરતાં પરાક્રમની જ્યોતિ પ્રકટાવી મૃત્યુ પામીશ તો સારું..' એવો ઉપદેશ આપ્યો હતો!" અસ્પૃશ્યોદ્ધાર માટે જાગૃતિની મશાલ ડૉ. આંબેડકરે સભા-સંમેલનો, લેખો, ભાષણો વગેરે દ્વારા જલતી રાખી હતી. સાયમન કમિશને કરેલી ભલામણો મુજબ ભારતીય લોકોએ કરેલી માગણીઓ અંગે લંડન ગોળમેજી પરિષદમાં વિવિધ નેતાઓને નિમંત્રણ મળ્યાં. ડૉ. ભીમરાવ આંબેડકર તથા રાવબહાદુર શ્રીનિવાસનને પણ દલિતો-અસ્પૃશ્યોના નેતાઓ તરીકે એ પરિષદમાં ઉપસ્થિત રહેવા માટેનું આમંત્રણ પ્રાપ્ત થયું. ત્યારે એમણે કહ્યું હતું : 'હું મારા લોકો માટે ન્યાયી અધિકારોની માગણી કરીશ જ અને સ્વરાજ્યની પણ માગણી કરીશ. રશિયા, જર્મની, અમેરિકા, જપાન વગેરે દેશોના અગ્રણી નેતાઓને મળીને બહિષ્કૃત ભારતીયોનાં દુઃખો એમની સામે રજૂ કરીશ.'

૧૨ નવેમ્બર, ૧૯૩૦ના રોજ ઈંગ્લેન્ડમાં યોજાયેલી પરિષદમાં ડૉ. આંબેડકરે જે વક્તવ્ય રજૂ કર્યું હતું તે ખૂબ જ પ્રભાવશાળી હતું. 'સન્ડે ક્રોનિકલ' નામના દૈનિકે લખ્યું હતું : 'આંબેડકર હાડોહાડ રાષ્ટ્રભક્ત છે. કટ્ટર સામ્રાજ્યવાદી બ્રિટિશ મુત્સદ્દીઓનાં મીઠા ભાષણોમાં ન આવી જતાં પોતાની સાચી રાષ્ટ્રિય ભાવનાનો નાશ ન થાય તે માટે તેમણે અનેક પ્રકારના મોહથી દૂર રહેવું પડ્યું છે.' એમણે લંડનમાં રજૂ કરેલું અસ્પૃશ્યોના મૂળભૂત અધિકારોની માગણી કરતું જાહેરનામું એક મહત્ત્વનો દસ્તાવેજ છે. એમણે અનામત બેઠકોની વ્યવસ્થા, પોતાના માણસોને પ્રતિનિધિ તરીકે ચૂંટવાનો અસ્પૃશ્યોને અધિકાર, અસ્પૃશ્યતાની રૂઢિની કાયદા દ્વારા નાબૂદી વગેરે બાબતો પર ભાર મૂક્યો હતો.

ગાંધીજીએ જ્યારે ડૉ. આંબેડકરને જણાવ્યું કે અસ્પૃશ્ય-સમાજ એ હિન્દુસમાજનું એક અવિભાજ્ય અંગ હોવાથી હું તેને હિન્દુઓથી અલગ કરવાની વિરુદ્ધ છું! તેમને અનામત બેઠકો આપવા માટે હું હકીકતમાં રાજી નથી! ત્યારે આંબેડકરે કહ્યું હતું : 'આપનો મત પ્રત્યક્ષ આપના મુખેથી જાણવા મળ્યો, એ સારું જ થયું. હું આપની રજા લઉં છું...'અને તેઓ ગાંધીજીને પ્રણામ કરીને બહાર નીકળી ગયા હતા.



પ્રથમ પત્ની રમાબાઈ આંબેડકર

બીજી ગોળમેજી પરિષદમાં પણ ડૉ. આંબેડકરે પોતાની નીતિ સ્પષ્ટપણે જાહેર કરતાં જણાવ્યું હતું : 'પ્રથમ ગોળમેજી પરિષદમાં સમિતિએ જેવી રીતે ભાવિ રાજ્યબંધારણમાં અસ્પૃશ્યોનું સ્થાન માન્ય રાખ્યું હતું તેવી રીતે આ વખતે પણ અસ્પૃશ્યોને ભાવિ બંધારણમાં સ્થાન નહીં મળે તો પોતે આ સમિતિમાં ભાગ લેશે નહીં. અથવા ગાંધીજીના સભામોકૂફીના ઠરાવને અંતઃકરણપૂર્વક ટેકો આપશે નહીં.'

ગાંધીજીની જે વાત તેમને ગળે ઊતરતી નહોતી તેનો તેઓ સ્પષ્ટ રીતે વિરોધ કરતા હતા. એના લીધે એમણે વારંવાર ટીકાઓ ને શાબ્દિક હુમલાઓનો ભોગ પણ બનવું પડ્યું હતું. આંબેડકર કહેતા કે ગાંધીજીની અસ્પૃશ્યોના પ્રશ્નને જોવાની દૃષ્ટિ કેવળ ભાવનાપ્રધાન છે. ડૉ. આંબેડકર પોતાને અસ્પૃશ્ય વર્ગના જન્મજાત અને વ્યવહારુ નેતા માનતા હતા.

અસ્પૃશ્યોને સ્વતંત્ર મતદાર સંઘ અપાયાની જાહેરાત થતાં ગાંધીજીએ 'આમરણ ઉપવાસ કરીશ' એવી જાહેરાત યરવડા જેલમાંથી કરી. એના કારણે ખળભળાટ મચી ગયો. ઉપવાસ શરૂ થયા બાદ ગાંધીજીનું નબળું પડતું જતું શરીર ચિંતાનો વિષય બન્યું. ડૉ. આંબેડકર સાથે અગ્રણી નેતાઓની વાટાઘાટો શરૂ થઈ. અંતે ૧૯૩૨માં ડૉ. આંબેડકરે 'પુણે કરાર' મંજૂર રાખી સહી કરી, પરંતુ ગાંધીજી જે વર્ણાશ્રમ વ્યવસ્થાને સ્વીકૃત ગણતા હતા, તે ડૉ. આંબેડકરને લેશમાત્ર મંજૂર નહોતી. મનુષ્યને મનુષ્યથી અલગ ગણે એવી કોઈ વ્યવસ્થાના ડૉ. આંબેડકર હિમાયતી નહોતા. ગાંધીજીના વિચારો સાથે આ બાબતમાં તેઓ ક્યારેય સંમત થઈ શકે તેમ નહોતા.

૧૯૩૫માં જીવનસંગિની રમાબાઈનું અવસાન થતાં એમણે કારમો આઘાત અનુભવ્યો. પણ એ આઘાતને ચૂપચાપ જીરવીને એમણે દલિતોદ્ધારનું પોતાનું કર્તવ્ય અવિરતપણે અદા કરવાનું ચાલુ રાખ્યું. તે જ વર્ષે ગવર્નમેન્ટ લૉ કૉલેજના આચાર્ય તરીકેની તેમની સેવાઓ પણ નોંધપાત્ર રહી.

૧૯૪૨માં વાઈસરૉયે તેમની નિમણૂક કાર્યકારિણી સભામાં કરી. ડૉ. આંબેડકર મજૂર પ્રધાન બન્યા. પોતાના સન્માનનો પ્રત્યુત્તર વાળતાં તેમણે કહ્યું હતું : 'હું ગરીબીમાં જન્મ્યો છું અને ગરીબીમાં જ ઉછર્યો છું. તેથી મારી જાતિનાં ભાંડુઓનાં દુઃખદર્દોને હું સમજી શકું છું.' તેમણે મજૂરો અને દલિત વિદ્યાર્થીઓના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ પ્રસ્તુત કરી. વાઈસરૉય લિનલિથગો સાથે ચર્ચા કરીને ૧૬ દલિત વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પરદેશ મોકલવાનું નક્કી કરાવ્યું. તાર-ટપાલ, આબકારી જકાત, આવકવેરા, જેવાં સરકારી ખાતાંઓમાં અછૂતો માટે અનામત જગાઓ ઊભી કરાવડાવી.

૧૯૪૬માં બંધારણ-સભાના સદસ્ય તરીકે ડૉ. આંબેડકરની નિયુક્તિ થઈ. તેઓ કાયદાના ઊંડા અભ્યાસી હતા. ડૉ. ધનંજય કીરે નોંધ્યું છે તેમ ડૉ. આંબેડકરના મતે લોકશાહી એ સમાજનું એક સ્વરૂપ છે. એમાં બે બાબતોનો સમાવેશ થાય છે. પહેલી બાબત છે - માનસિક વલણ, સહકાર્યકરો સાથે સમાનતા અને માનની લાગણી. બીજી બાબત છે - ચુસ્ત સામાજિક ભેદભાવોથી મુક્ત એવું સામાજિક સંગઠન, જેમાં

અવરોધોને કારણે 'સહિતો' અને 'રહિતો' જેવા ભેદભાવ ઊભા થતા હોય, એ લોકશાહી અધૂરી અને અસંતુલિત છે. થોડાંક લોકોને લાભ મળે અને બહુસંખ્ય લોકો તેનાથી વંચિત રહે?

૨૯મી એપ્રિલ, ૧૯૪૭ના રોજ બંધારણ સમિતિએ જણાવ્યું હશે કે અસ્પૃશ્યતાની હવે નાબૂદી થઈ ગઈ છે ત્યારે ડૉ. આંબેડકરના અસ્પૃશ્યતા-નાબૂદી માટે સતત સંઘર્ષ કરતા મનને કેટલી બધી ટાઢક વળી હશે! 'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' અસ્પૃશ્યતા નાબૂદીની જોગવાઈ અંગે પ્રતિભાવ આપતાં લખ્યું હતું : 'યુગયુગોથી લાગેલા આ કલંકને ધોઈ નાખવા માટે ડૉ. આંબેડકરે કરેલી આ પ્રગતિની તુલના નિગ્રો લોકોની થયેલી મુક્તિ અને રશિયાના કિસાનોની મુક્તિ સાથે કરી શકીશું.'

ભારતની આઝાદી બાદ તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા-પ્રધાન બન્યા. ૨૯મી ઑગસ્ટ ૧૯૪૭માં બંધારણનો મુસદ્દો ઘડવા માટે બનાવવામાં આવેલી સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. આંબેડકરની વરણી થઈ. ૧૯૪૮માં તેમણે ડૉ. શારદા કબીર સાથે બીજું લગ્ન કર્યું.

૧૯૫૨ તથા ૧૯૫૪માં ચૂંટણીમાં પરાજિત થયા છતાં એમના જુસ્સામાં કશો જ ફેર પડ્યો નહીં. ૧૯૫૬માં બૌદ્ધ નેતા તરીકે વિશ્વ સંમેલનમાં તેઓ ગયા. દલિત જાતિઓના ઉદ્ધારમાં બૌદ્ધધર્મ મદદરૂપ થશે એવી પ્રતીતિ થતાં એમણે પોતાના અનુયાયીઓને બૌદ્ધધર્મ અંગીકાર કરવાની હાકલ કરી. તેનું કારણ આપતાં તેમણે જણાવ્યું હતું કે બૌદ્ધધર્મ સ્વીકારવાનું મારા મનમાં નિશ્ચિત છે, કારણ કે બૌદ્ધધર્મના સિદ્ધાંતો ટકાઉ છે અને તેનો આધાર સમાનતા છે. દલિતોના ઉત્સાહ પર હિંદુ ધર્મે પાણી રેડ્યું છે. હું હિંદુ તરીકે જન્મ્યો તો ય હિન્દુ તરીકે મૃત્યુ પામીશ નહીં!'

'આ ધર્માંતર હિંદુ સમાજસુધારકો માટે એક મોટી ચેતવણીરૂપ છે' એવી એક અખબારે ટકોર કરી હતી, જે અત્યંત મહત્ત્વની કહી શકાય. ૧૪મી ઑક્ટોબર, ૧૯૫૬માં ડૉ. આંબેડકરે પોતાના પાંચ લાખ અસ્પૃશ્ય બંધુઓ સહિત બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો. બીજી ડિસેમ્બર ૧૯૫૬માં શ્રી દલાઈ લામાના સન્માનમાં આયોજિત સમારંભમાં ડૉ. આંબેડકરે હાજરી આપી અને ૧૧ વર્ષથી આરંભ કરેલા 'ગોસ્પેલ ઑફ બુદ્ધ'ની ભૂમિકા લખીને પાંચમી ડિસેમ્બરની રાત્રે તેઓ નિદ્રાધીન થયા. આ ધરતી પર એ રાત તેમની અંતિમ રાત હતી. છઠ્ઠી ડિસેમ્બરે ડૉ. આંબેડકરે ચિરવિદાય લીધી ત્યારે લાખ્ખો લોકોની આંખમાંથી અશ્રુધોધ વહી રહ્યો હતો. મુંબઈમાં નીકળેલી એમની સ્મશાનયાત્રા બે માઈલ લાંબી હતી.

ડૉ. આંબેડકર અધ્યયનશીલ મહાનુભાવ હતા. એમના અંગત ગ્રંથાલયમાં પચાસ હજાર જેટલાં પુસ્તકો હતાં. તેમના નિવાસસ્થાનનો જ એક ભાગ તેમનું પુસ્તકાલય હતો, જેનું તેમણે 'રાજગૃહ' એવું નામાભિધાન કર્યું હતું. ડૉ. આંબેડકર પ્રખર ચિંતક અને વિદ્વાન લેખક હતા. તેમણે લખેલાં પ્રકાશિત-અપ્રકાશિત પુસ્તકોની સંખ્યા ૨૫થી પણ વધુ છે, જેમાં 'એન્શન્ટ ઈન્ડિયન કોમર્સ', 'અનટચેબલ્સ', 'રેવલ્યૂશન એન્ડ કાઉન્ટર રેવલ્યૂશન ઈન ઈન્ડિયા', 'બુધ્ધ એન્ડ ફ્યૂચર ઑફ રિલિજિયન' વગેરે મુખ્ય છે. 'મિ. ગાંધી એન્ડ ધી ઈમેન્શિપેશન ઑફ અન્ટચેબલ્સ', 'વૉટ કૉંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટુ ધી અન્ટચેબલ્સ' વગેરેમાં વ્યક્ત થયેલા ગાંધીજી, અસ્પૃશ્યો, કૉંગ્રેસ વગેરે અંગેના તેમના વિચારો અભ્યાસીઓ માટે મહત્ત્વના કહી શકાય.

ડૉ. વી. પી. સિંહની સરકારે ડૉ. આંબેડકરને દેશનો સર્વોત્તમ એવૉર્ડ 'ભારતરત્ન' એનાયત કરવાનો નિર્ણય લઈને તેમજ સંસદના સેન્ટ્રલ હૉલમાં તેમનું તૈલચિત્ર મૂકીને 'એક વ્યક્તિનું નહીં, પરંતુ સૈકાઓથી દમનકારી પદ્ધતિઓનો ભોગ થઈ પડેલા સૌ કોઈનું સન્માન કર્યું છે.'

ડૉ. ભીમરાવ આંબેડકર સાચા અર્થમાં સમાજસુધારક હતા. અનેક ઝંઝાવાતો, આઘાતો, પ્રત્યાઘાતો સહન કરીને એમણે ભારતના દલિત, અસ્પૃશ્ય અને કચડાયેલા બંધુઓની મુક્તિ માટે ચલાવેલી લડતને મહાન મુક્તિ અભિયાન જ કહી શકાય. એમાં સામાજિક ન્યાય માટેનો 'આર્તનાદ' નહોતો, હક માટેની ન્યાયોચિત ઉઘરાણી હતી. તેઓ સાચા દેશપ્રેમી અને મહાન રાષ્ટ્રવાદી હતા. દેશની એકતાને તેઓ મહત્ત્વ આપતા હતા, વિભૂતિપૂજાને નહીં. તેઓ માનતા હતા કે કૃતજ્ઞ થવામાં કશું ખોટું નથી, પણ કૃતજ્ઞતાને પણ એક સીમા હોય છે.

ધૂળમાંથી ઊભા થઈને ધુરંધરોની પંક્તિમાં સ્વપુરુષાર્થથી પોતાનું આગવું સ્થાન પ્રતિષ્ઠિત કરનાર ડૉ. આંબેડકરને કેવળ દલિતોના નેતા કહેવા એ માનવની પ્રતિષ્ઠા માટે ઝઝૂમનાર કર્મયોગીને ઉચિત શ્રદ્ધાંજલિ નથી, કારણ કે તેઓ આમજનતાના નેતા હતા, માનવ-સ્વાતંત્ર્યના મહાશિલ્પી હતા. એમણે રાષ્ટ્રની એકતા અને તેના ઘડતરમાં આપેલો ફાળો અમૂલ્ય છે. એમની ઉગ્રતા અને વ્યગ્રતામાં 'પ્રતિશોધ' નહીં, પણ તિરસ્કાર, અપમાન, ઉપેક્ષા અને પ્રતાડન વેઠીને ક્લાન્ત-શ્રાન્ત થઈ ગએલી દલિત જનતાનાં મજબૂર આંસુનો ન્યાય માટેનો પોકાર હતો. દલિતોની ચિંતા જ એમના તેજસ્વી, તર્કશીલ અને આઝાદ દિમાગમાં ચિંતનની ચિનગારી અને સંઘર્ષની જ્યોતને જલતી રાખતી હતી. ડૉ. આંબેડકરે માનવીય અધિકારોને દબાવીને બેઠેલા અસ્પૃશ્યતાના ગોવર્ધનને ટચલી આંગળિયે ઊંચો કરીને પોતાની પ્રચંડ સંકલ્પશક્તિનો પરચો કરાવ્યો હતો. એમનાં ભાષણોમાં કેવળ દાહકતા કે ગરમી જ નહોતી, પીડિતોના ઉત્કર્ષ માટેનો પારાવાર પ્રકાશ પણ હતો. એમને અંજલિ આપતાં પંડિત જવાહરલાલ નેહરુએ લોકસભામાં કહ્યું હતું : 'હિંદુ સમાજની જુલમ અને સીતમ વરસાવતી બધી પ્રવૃત્તિઓ સામે બળવો કરનાર વ્યક્તિ તરીકે લોકો આંબેડકરને હંમેશાં યાદ કરશે. આ જુલમ કરનાર પ્રવૃત્તિ સામે તેમણે ઉગ્ર વિરોધ કર્યો, તેથી લોકોમાં જાગૃતિ આવી હતી. આંબેડકર એક વિવાદાસ્પદ મહાન વ્યક્તિ હતા છતાં તેમણે સરકારી કામકાજમાં રચનાત્મક અને મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આંબેડકરે જેની સામે બંડ કર્યું તે (પ્રવૃત્તિ) સામે દરેક વ્યક્તિએ બંડ કરવું જોઈએ. અલૌકિક રાષ્ટ્રપુરુષોની માળાના ડૉ. આંબેડકર પણ એક મણકા સમાન હતા. 'આ સામાજિક ક્રાન્તિકારીએ વિચારશક્તિ અને તર્કશક્તિનો સુપેરે સફળ ઉપયોગ કર્યો હતો.'

ડૉ. આંબેડકરના માનવવાદની કદર કરીને માનવગૌરવના આ મસીહાને ખરા હૃદયથી તેમની જન્મશતાબ્દીએ શ્રદ્ધાંજલિ અર્પીએ. અને તેમને 'પૂજા'ની પરિધિમાં મૂલવવાને બદલે તેમના સંઘર્ષપૂત જીવનમાંથી માનવ ગૌરવના સંતરી બનવાનો સંકલ્પ ગ્રહણ કરીએ એ જ ઉચિત ગણાશે. □

સામાન્ય પણે જોવા ન મળે તેવી 'માધીયાની વઉ'ની વાત

ભગીરથ બ્રહ્મભટ્ટ

'એ....ઈ....આલજો રા...જ' કહેતી આંગણમાં ઊભેલી એ બાઈ આજે ય મારા સ્મરણમાંથી ખસતી નથી. મારા ગામમાં કોઈને ત્યાં સારો-માઠો પ્રસંગ હોય, મહોલ્લામાં કૂતરું કે બિલાડી મરી ગયાં હોય, કોઈ વારતહેવાર હોય ત્યારે એ અચૂક આવે જ. તેનો મીઠો સૂર સાંભળવો મને ગમતો. એની બોલવાની હલકમાં યાચકની નમ્રતાની પ્રતીતિ થઈ જાય.

'અલી લ્યે, માધીયાની વૌ! કહેતાં મારાં બા તેને દાણા કે ખાવાનું આપતાં, ખોળો ધરીને, નીચે નમી એ ઝડપી લે, ઝીલી લે, પાછી આશિષ બોલે : 'જીવતાં રહેજો ને લાખ વરહનાં થજો ભા' ખાસ્સી લાજ કાઢેલી મુદ્રામાં જ હોય.

તેનું સાચું નામ શકરી. પણ ગામ આખ્ખું ય તેને 'માધીયાની વૌ'ના નામે જ ઓળખે. એના પતિનું નામ માધુ. બીડીઓ પીએ, દારૂ પીએ, અવળી લતે ચઢી ગયેલો. એને સમજાવવામાં તેની વહુએ જિંદગીનાં મહત્ત્વનાં વર્ષો વેડફી નાખ્યાં છતાં ય એ સુધરે નહિ. આજે પણ માધુને સુધારવાના પ્રયત્નો એણે છોડ્યા નથી.

મધ્યમસરની ઊંચાઈ, ઉઘાડે પગે, સાંધાળો કે થીંગડાંળો સાડલો કલાત્મક રીતે પહેર્યો હોય, એક હાથમાં સાવરણો ને બીજા હાથમાં ટોપલો, કેડમાં બેઠું હોય એક છોરું. માધીયાની વહુની એ છબી મને બરોબર યાદ છે.

અમારા ગામમાં અણુજાનો, સરપંચના ઠરાવનો, કોઈ મીટિંગનો, ઢોર છોડવાનો, મુખીએ કરેલા કોઈ હુકમનો-એવો તો કોઈ પણ પ્રકારનો સાદ પડાવાનો હોય કે ગામને ખબર કરવાની હોય ત્યારે એને સમાચાર પહોંચાડતા. એ મોટે ભાગે સમી સાંજે ગામમાં આવતી, ચકલેચકલે ફરે અને લાંબી હલકથી બોલે:

'એ...ઈ આજે હાંજે મંદિરમાં ભેગા થજો...ય'
'એ...ઈ વેરો ભરી જજો...ય'
'એ....ઈ કાલ હવારથી તેણ દા'ડા માતાજીના અણુજા રાખજો ય'
'એ....ય તળાવડીના ખોટની હેંરાજીમાં આવજો...ય'

શેરીએ શેરીએ સાદ પાડતી, તાલબધ્ધ રીતે બોલતી...એ...ય એવા ઉદ્ગારથી પ્રારંભે ઉક્તિ પ્રલંબાય...પ્રલંબાય...જાણે ગુમ્બજમાં ધ્વનિ પડઘાતો ન હોય! એની વાણીનો સ્વાદ આરોગવાનો યં એક લ્હાવો હતો ત્યારે. અમે તેને સાંભળવા ચકલેચકલે ફરતા. મને મારી માએ સંભળાવેલાં હાલરડાંનો કોઈ લય યાદ નથી, પણ આજે મારા સ્મરણમાં 'માધીયાની વઉ'ના સાદની પ્રતિશ્રુતિઓ ઉછાળાં મારે છે.

એ ગામ આખાને સાફ રાખતી. સાફ રહેતી. તેના શ્યામ છોકરાને ય શણગારેલો રાખતી. કાજળનાં ટપકાં કરતી. ત્યારે હું નવમામાં ભણતો. એકવાર એને ત્યાં મેં માણસો એકઠાં થયેલાં જોયાં હતાં.

'મારો ચમન્ચો પૈણાવું સું' એ બોલેલી. એ દિવસોમાં એનું ઘર લીંપાયેલું, ગળીથી લાભશુભ લખાયેલું. ગામમાંથી ટીપ કરી અમુક અમુક એકઠું કરેલું. માધીયાની વહુએ તે દિવસે રેશમી સાડી પહેરેલી. કોઈએ એની મજાક પણ કરેલી, ત્યારે મને સુંદરમ્ યાદ આવેલા :

'શેઠાણી પ્હેરે ચૂંદડી રે રંગ ચૂંદડી રે જ્યારે નીકળે એમની જાન,
ભંગડી પ્હેરે ચૂંદડી રે રંગચૂંદડીએ જ્યારે નીકળે છૈયાની જાન.'

'જાન' શબ્દનો શ્લેષ માધીયાની વહુ સાથે બંધ બેસાડવાનું મને ગમેલું.

એકવાર એ ગામકૂવે પાણી ભરવા આવેલી, દૂર બેઠેલી ત્યારે મેં ગામકૂવે ટાંકી પર લખેલું: 'ગંદવાડ ત્યાં મંદવાડ'. છેટેથી એણે પૂછેલું : 'એ શું લસ્યું ભયા?'

'ગંદવાડ ત્યાં મંદવાડ', મેં કહેલું.

ભૈ હાવ હાચી વાત સે તમારી, પણ મુઉં લોક મહીંથી સુધરે તો હાચી ચોખ્ખઈ આવે ને, હાચું ને?

અંદરથી સુધરવાની, સાફ રહેવાની, પ્રામાણિકતાનો પહેલો પાઠ ભણાવતી હોય એવી એની ઉક્તિએ મારા જીવનમાં તો ખરેખર સુકિયાણી સલાહનું કામ કર્યું છે. એ અભણ અને અસ્પૃશ્ય બાઈ પાસેથી જીવનઘડતરની ચોખ્ખાઈનો જે ખ્યાલ મારા મગજમાં બંધાયો છે એ અનન્ય છે!

ગામનું નાનામાં નાનું છોકરું ય એને 'માધીયાની વઉ' જ કહેતું. એ જ એનું નામ જાણે! હું ય ત્યારે તો તેને એ જ નામે ઓળખું. લોકો એને એ નામે બોલાવે તો કોઈને ય એ કંઈ કહે નહિ, એને કશો જ વાંધો નહિ. 'માધીયાની વઉ'નું તખલ્લુસ સ્વીકારીને એ અણઘડ બાઈ જીવનકવિતા કરવા ઊતરી આવેલી લૌકિક કવયિત્રી તો નહિ હોય એમ મનમાં ઊગી આવ્યું છે!

ગામમાં કોઈને ય ત્યાં લગનપ્રસંગ હોય તો બેત્રણ દિવસ પહેલેથી ચકલું-ચૌટું એવું સાફ કરી નાખે કે ન પૂછો વાત! જાન આવવાની હોય તે દિવસે તો ઘરે પણ ન જાય, ક્યાંય કાગળ સરખો ય પડ્યો રહેવા ન દે. સૌ જમી રહ્યાં પછી મોડી રાત્રે એનો ભાવ પુછાય કે ન પુછાય તો પણ એને વરરાજા જેટલો સંતોષ હોય.

માંગલિક પ્રસંગમાં એની કે એના છોકરાની બુભુક્ષાની ફરિયાદનો કકળાટ ન હોય.

એકવાર હું એને ત્યાં વાંસ લેવા ગયેલો. અમારા પાડોશમાં પશાભા મૃત્યુ પામેલા. નનામી માટેના વાંસ તેને ત્યાં મળે. એટલે મેં માગેલા ત્યારે એને પૂછેલું: 'કુણ જાતરાએ જ્યું?'

મેં કીધું: 'પશાભા.'

'તો તો આ ટૂંકા ના હાલે, પશાભા તો લાંબા હતા.'

પશાભાની લંબાઈનો, તેમની ઊંચાઈનો, તેમનાં કર્મોનો એ ખ્યાલ રાખતી. પશાભા જેવા ધરમી માણસની પાલખી ટૂંકા વાંસના ટુકડાઓમાં ન બંધાય. એમાં એની આબરૂ નહિ અને મરનારની ય નહિ એમ એ માનતી. કેટલી અણીશુધ્ધ હૈયા-ઉકલત ધરાવતી હતી એ બાઈ! હું તો એના ઉપરથી, એવો મત ધરાવતો થઈ ગયો છું કે ગામમાં કોઈ પણ માણસની સાચી માહિતી મેળવવી હોય તો આવાં પાત્રોનો સંપર્ક કરવો જોઈએ.

તે મનમંદિરથી શરૂ કરીને ગામનો ખૂણેખૂણો સાફ રાખતી. તેનું કર્મ વાળવાનું હતું. તે એના ઘરાકોને સારી પેઠે ઓળખતી. કોઈને ત્યાંથી એને શું મળશે, કેટલું મળશે એની એને પૂર્વકલ્પના! માણસોનાં મન ઓળખતી.

અનાજ પાકે ત્યારે લેવા દોડી જતી. સહુ તેને સાચવે, એ સહુના ભરમ સાચવતી.

આવા માણસો સાથેના આપણા રૂઢિગત વ્યવહારો જોઈને સમાજવ્યવસ્થા તોડી નાખવાની ઇચ્છા બળવત્તર બને છે. એના દીકરાને તાવ આવે ત્યારે ગામનો ડોક્ટર ખપ ન લાગે એ કેવું? એને મદદની જરૂર હોય ને કોઈ દોડી ન જાય એ કેવું? માધીયો એને પીટતો હોય અને એની ચીસો ગામની સંવેદના ન જગાડે એ કેવું? માધીયો મૃત્યુની પથારીમાં પડ્યો હોય, શકરી સેવામાં થાકી ગઈ હોય અને કોઈ ખબર સરખીય પૂછવા ન જાય એ કેવું?

ખરેખર હું તો માધીયાની વહુને ગામનું મોણ ગણાવું છું. તેની વૃત્તિ-પ્રવૃત્તિથી ગામના આરોગ્યમાં, મનના આરોગ્યમાં સ્વસ્થતા કેળવાઈ છે, કેળવાય છે.

આવા પ્રકારના માણસોનું સમાજવ્યવસ્થા પ્રમાણે પોષણ મળી રહેવું જોઈએ. એમના સારામાઠા પ્રસંગો નીકળી જવા જોઈએ. સહન કરવું પડે છે - એમાં વાંક કોનો?

સરકારે એને મફત પ્લોટ ફાળવ્યો ત્યારે એ બોલેલી: 'મારે તો ગામની વચમાં રેવું સે - અને સઉકાર લોકો મને શું કેશે?' છતાં ય એ નામનો પ્લોટ મેળવી લઈને એ ખુશ થયેલી. એના પતિના મૃત્યુ વખતે ગામના મુખીને એ પ્લોટ આપી દીધેલો અને પુન: નિરાધાર બની ગયેલી. દૂર દૂર અંધારામાં બેઠેલી માધીયાની વહુ જેવી, કોડીલી બાઈઓ, કોડીલાં કુટુમ્બોની બળતરાઓને ઠારવાનું કામ કોણ, કેવી રીતે કરશે, એવો પ્રશ્ન આજે મને સતાવી રહ્યો છે. □

આરોગ્યસૂત્ર

- હા, શિયાળો છે તો 'અડદ'ના ગુણકર્મ જાણી લો. અડદ પચવામાં ભારે, મળમૂત્રને સાફ લાવનાર, સ્નિગ્ધ, રુચિકારક, વાયુનાશક, બળપ્રદ, શુક્રવર્ધક, વાજીકરણ, ધાવણ વધારનાર, શરીરને પુષ્ટ કરનાર, અર્શ, અર્દિત (મોં-નો લકવો), શ્વાસ વગેરેનો નાશ કરનાર છે. અડદની દાળને આ ઋતુકાળમાં ભોજનમાં અવારનવાર સ્થાન આપો.
- નારિયેળના કોપરાને સુશ્રુતે માંસપ્રદ કહ્યું છે. જેમના શરીરમાં માંસધાતુ ઓછી હોય એમને આ ઋતુમાં કોપરું અને ગૉળ ખાવાથી લાભ થશે. આપણે ત્યાં શિયાળામાં કોપરું-ગૉળ ખાવાની પરંપરા છે. ગૉળ શક્તિદાયક, શ્રમહર અને સુપાચ્ય છે.
- અનિદ્રા માટે એક પ્રયોગ જાણી લો. રાતે ભોજનમાં એક વાટકીમાં બે-ત્રણ ચમચા દહીં લેવું. એમાં એક મધ્યમકદની ડુંગળી સમારવી, નમક-ખાંડ નાખી શકાય. ભોજન સાથે આ રીતે દહીં-ડુંગળી ખાવાથી ઊંઘ આવશે. આ પ્રયોગ 'ભાવપ્રકાશ' ગ્રંથના કર્તા પંડિત ભાવમિશ્રે બતાવેલો છે.
- ચરક કહે છે કે સોજાવાળા માટે ગાજરનું શાક હિતકર છે. સોજાના દર્દીને બધો ખોરાક બંધ કરાવીને દિવસમાં ત્રણ વખત એક એક કપ ગાજરનો રસ આપવો. દિવસમાં ત્રણચાર વખત એક એક કપ દૂધ પીવું. આવા ચાર-પાંચ દિવસ કડક પથ્યપાલનથી સોજા ઊતરી જાય છે. પછી ધીમે ધીમે રોજિંદા ખોરાક પર ચઢવું.
- જે સ્ત્રીઓને ઘણા પ્રસવને કારણે ગર્ભાશય શિથિલ થઈ ગયું હોય તેમને માટે 'ખેર' ખૂબ જ ગુણકારક છે. ચાર કપ જેટલાં પાણીમાં દશ ગ્રામ ખેરની છાલનો ભૂકો નાખીને ધીમા તાપે ઉકાળવું. આશરે ત્રણ કપ જેટલું પાણી બળી જાય એટલે ઉતારી લેવું. ઠરી જાય એટલે ગરણીથી ગાળી લેવું. સવારે અને સાંજે અર્ધો અર્ધો ભાગ પી જવો. ધીરજ રાખીને બે મહિના સેવન કરવું.
- દાંત-પેઢામાં કળતર થતું હોય તો તે માટે એક ઘરગથ્થુ ઇલાજ જાણી લો. આકડાનું પાંદડું તોડવાથી દૂધ ટપકશે. આ દૂધનાં ટીપાં આંગળી પર ઝીલી લઈને દુખતા ભાગ પર ધીમા હાથે ઘસવું. પછી થૂંકી દેવું. વાગ્ભટે દાંતના કૃમિ અને તેને કારણે થતી દંતશૂલમાં દુખતા સ્થાનમાં આકડાનું દૂધ ભરવાનું સૂચવ્યું છે.
- શિયાળામાં ઘણાને કફ-ખાંસીની ફરિયાદ વધી જાય છે. તે માટે આ દવા અસરકારક છે. બહેડાનું ચૂર્ણ ત્રણ ગ્રામ, હળદરનું ચૂર્ણ ત્રણ ગ્રામ અને લીંડી પીપરનું ચૂર્ણ બે ગ્રામ મિક્સ કરીને દિવસમાં બેથી ત્રણ વખત મધમાં મેળવીને ચાટી જવાનું રાખો. ઘરે હો ત્યારે પાણી ઉકાળેલું અને લગાર ગરમ ગરમ પીવું. તળેલું - મીઠાઈ ન ખાવાં.
- જે સ્ત્રીઓને અકાળે માસિક અનિયમિત થઈને, ચઢીને, મોડું આવતું હોય તેમને શિયાળામાં આંતરે દિવસે રીંગણાનું શાક, બાજરીનો રોટલો અને ગોળ ખાવાથી ફાયદો થશે.

'પુનર્વસુ'

સલાહ આપનારને એટલી જ સલાહ આપવાની કે...

વિનોદ ભટ્ટ

એક માણસે એક મજૂરને બોલાવીને કહ્યું: 'જો, આ પેટીમાં કાચની બાટલીઓ ભરેલી છે, એ મારા ઘેર પહોંચતી કરવાની છે. બોલ, શું મજૂરી લઈશ?' મજૂરે જણાવ્યું: 'તમે સમજીને જે કંઈ આપવું હોય તે આપજો.' શેઠે કહ્યું: 'અહીંથી ઘર સુધી પહોંચતા રસ્તામાં હું તને અમૂલ્ય સલાહનાં ત્રણ સોનેરી વાક્યો કહીશ. મજૂરીના પૈસા તો બે કલાકમાં ખલાસ થઈ જશે, પણ આ સોનેરી સલાહ તો તારે જીવનભર કામમાં આવશે.' આ સાંભળી 'ભલે' કહી મજૂરે પેટી માથે મૂકી ચાલવા માંડ્યું.

થોડીવાર ચાલ્યા પછી મજૂરે એ માણસને એમની વચ્ચે થએલી શરતની યાદ દેવડાવી અને સોનેરી સલાહના પહેલા વાક્યની માગણી કરી. એ માણસે કહ્યું: 'જો સાંભળ, ભરેલા પેટ કરતાં ખાલી પેટ વધારે સારું એમ કોઈ કહે તો એ વાતમાં વિશ્વાસ રાખીશ નહીં...'

થોડો રસ્તો કાપ્યા પછી એ માણસે કહ્યું: 'હવે બીજી સલાહ સાંભળ, ઘોડા પર બેસવા કરતાં પગે ચાલવું સારું એમ કોઈ કહે તો એ વાતમાં વિશ્વાસ કરીશ નહીં.'

પછી છેક ઘર સુધી પહોંચ્યા બાદ મજૂરે ત્રીજી સલાહ માગી ત્યારે એ માણસે હસીને જણાવ્યું: 'મારી ત્રીજી સલાહ એ છે કે તારા કરતાં વધુ મૂર્ખ અને ડફોળ મજૂર આ ગામમાં રહે છે એમ કોઈ કહે તો એ માણસ પર વિશ્વાસ કરીશ નહીં.'

પેલા મજૂરે માથા પરની પેટી ઉંબરા પર જોરથી પછાડી ગંભીર અવાજે જણાવ્યું: 'અને શેઠ, મારા તરફથી હવે આ એક સલાહ તમે પણ સાંભળી લો. આ પેટીમાંની એક પણ બાટલી સાજી રહી છે એમ તમને કોઈ કહે તો એ માણસ પર વિશ્વાસ કરશો નહીં.'

મારા મતે ઉપરના કિસ્સામાં મજૂર કરતાં તેનો શેઠ વધુ બેવકૂફ ગણાય, માત્ર આઠબાર આનાની મજૂરી બચાવવાના લોભમાં તેણે બાટલીઓને બદલે કાચનો ભંગાર મેળવ્યો. જોશ બિલિંગ્સનું વિધાન છે કે સલાહ એરંડિયા જેવી છે, જે બીજાને આપવી બહુ સહેલી છે પણ પોતાને લેવી ત્રાસદાયક રીતે કઠીન છે. જગતમાં સૌથી સસ્તી ચીજ હોય તો તે સલાહ છે, જે બધાને આપવી ગમે છે ને લેવી કોઈને પસંદ નથી. પૈસાનું આથી ઊંધું છે : તે લેવો ગમે છે, આપવો ગમતો નથી.

સલાહ આપનારાઓને ઇમર્સને સલાહ આપી છે કે 'આપણે સૌ પારકા માટે જ શાણા હોઈએ છીએ, પોતાના માટે નહિ.' જે સલાહ આપણે અન્યને આપીએ છીએ એ જ સલાહ આપણને કોઈએ આપી હોય તો આપણને મોં મચકોડવાનું મન થશે. સલાહ ગમે તેટલી સોનેરી હોય તો પણ નાણાં ખર્ચીને તે લેવાનું મૂળભૂત રીતે આપણને માફક નથી આવતું. જર્મન કવિ ઓટો હર્ટલબેનને તેના ડૉક્ટરે સલાહ આપી કે તમારે વધુ પડતું ધૂમ્રપાન તેમજ શરાબનું સેવન ત્યજી દેવું પડશે. આ સાંભળી કવિ ચાલવા માંડ્યા એટલે ડૉક્ટરે તેમને કહ્યું: 'કવિ, મારી આ સલાહ બદલ તમારે મને ત્રણ માર્ક ચૂકવવા પડશે.' 'પણ તમારી સલાહ હું સ્વીકારું તોને!' કહી કવિ અંતર્ધાન થઈ ગયા.

આમ તો સલાહ એ માણસના 'સુપર ઈગો'નું બાળક છે. અન્ય માણસ કરતાં ઈશ્વરે મને થોડી વધારે અક્કલ આપી છે, મારી પાસે જ્ઞાન અને અનુભવ મબલખ છે એવી પાકી સમજને કારણે માણસ બીજાને સલાહ આપવા હંમેશાં તત્પર રહેતો હોય છે. સલાહનું તો એવું છે કે કોઈ લખપતિને કરોડપતિ કેવી રીતે થવું એની સલાહ સટ્ટામાં રોડપતિ થઈ જનાર પણ આપી શકે છે. આગામી બજેટમાં કઈ કઈ વસ્તુ પર ભારે કરવેરા નાખવા અંગે નાણાંપ્રધાનને સલાહ આપવાની ક્ષમતા ભિક્ષુક પાસે પણ હોય છે. ડૉક્ટરોને દવા અંગે સલાહ આપતા ઘણા દર્દીઓને આ લખનારે જોયા છે. એક રમૂજ પ્રમાણે એક માણસ બસ નીચે કચડાઈને મરી ગયો. તેના વિશે માહિતી આપતાં એક જણે કહ્યું: "આ તો પેલો લેખક છે જેણે 'પગે ચાલનારને સલાહ' નામનું પુસ્તક લખ્યું છે."

જે માણસની છાપ અત્યંત સ્વાર્થીની હોય તે પણ સલાહ આપવાની બાબતમાં પરમાર્થી બની જતો હોય છે. તેની સલાહથી કોઈ વંચિત રહી જાય એ તેને પરવડતું નથી. તેની સલાહ વગર કોઈ માણસ ઊંડા કૂવામાં ઊતરી જશે કે તેને મોટું નુકસાન જશે એટલે તેને એમાંથી બહાર કાઢવાની પોતાની સંપૂર્ણ જવાબદારી છે એવી શુભ કામનાથી સલાહ અપાતી હોય છે. સલાહ આપવી એ માણસનો જન્મસિદ્ધ અધિકાર છે. જે માણસ બીજું કશું જ આપી શકતો નથી તે સલાહ તો ચોક્કસ આપતો હોય છે. ભક્તથી માંડીને ભગવાન સુધીના સૌને સલાહ આપવી ગમે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં શું કર્યું છે! અર્જુનને સલાહો જ આપી છે કે બીજું કંઈ! છેવટે કંટાળીને અર્જુને યુદ્ધના મેદાનમાં ઝંપલાવેલું... મને તો પેલા અતિજ્ઞાની સહદેવની દયા આવે છે જે પોતાના ભાઈઓને, 'આમ કરો કે તેમ ના કરો' જેવી સલાહ નહોતો આપી શકતો, એ બદલ તે કેટલો બધો રિબાયો હશે!

પણ સાચું પૂછો તો આપણી સલાહની કોઈને જરૂર નથી હોતી. 'ગુલિવર્સ ટ્રાવેલ' ફેઈમ જોનાથન સ્વિફ્ટે નોંધ્યું છે કે જે લોકો ચેતવણીની પણ દરકાર નથી કરતા એ લોકો તમારી સલાહ માનશે એવું તમે કેવી રીતે માનો છો? તો ઑસ્કાર વાઈલ્ડે જણાવ્યું છે કે સારી સલાહ હંમેશાં બીજાની તરફ સરકાવી દો, તે ક્યારેય કોઈના ખપની નથી

હોતી. મારી જાતને ઘણીવાર હું અમૂલ્ય સલાહો આપું છું, પણ હું પોતે જ તેનું પાલન કરી શકતો નથી એ વાતનો આનંદ મોન્ટેગ્યૂએ વ્યક્ત કર્યો છે.

જગતમાં માત્ર બે જ પ્રકારના માણસો વસે છે. એક તો સલાહ આપનારા ને બીજા તે નહીં માનનારા. એક સ્ત્રીએ પોતાના પ્રેમીને વિનંતી કરી હતી કે હવે પછીના તારા પત્રમાં તું મને એકાદ સારી સલાહ આપજે - તે નહીં પાળવાનું હું તને વચન આપું છું. આ પરથી લાગે છે કે સલાહની કોઈને જરૂર હોતી જ નથી, પણ તે આપનારના અહમ્‌ને પોષવા વાસ્તે જ માગનાર સલાહ માગતા હશે.

ડૉક્ટરે મારા શરીરમાં ડાયબીટીઝ શોધી કાઢ્યો ત્યારે મારા ઘણાંબધાં સ્નેહી-સંબંધીઓએ ઉપચાર અંગે મને જાતજાતની સલાહ આપી હતી. મારે કઈ કઈ દવાઓ લેવી, શું શું ના ખાવું વગેરે અંગે વિનામૂલ્યે સલાહો આપવામાં આવી હતી. પણ મને એ કહેવતની જાણ હતી કે જે માણસ બધાની સલાહ લઈલઈને ઘર બનાવે છે એનું ઘર જલદી તૂટી પડે છે. મારે મારા શરીર રૂપી ઘરને તૂટવા દેવું નહોતું એટલે મેં માત્ર ડૉક્ટરના માર્ગદર્શન પ્રમાણે વર્તવાનું નક્કી કર્યું - ડાયબીટીઝ અત્યારે કાબૂમાં છે. હું ને ડાયબીટીઝ બન્ને એકબીજાને સાચવી રહ્યા છીએ. બન્નેને ફાયદો થયો છે.

એક પ્રશ્ન અંગે તમારી સલાહ લેવા આવ્યો છું એમ કોઈ મને કહે ત્યારે હું રાજી નથી થતો, સ્વાનુભવને કારણે. એકવાર કોઈ કાયદાકીય મોટી ગૂંચ માટે એક પરિચિત સજ્જન મળવા આવ્યા. તેમને ધ્યાનપૂર્વક સાંભળી મેં તેમને પ્રશ્ન કર્યો: 'આ તો અટપટો મુદ્દો છે. સલાહ માટે તમે કોઈ કાબેલ વકીલ પાસે કેમ ન ગયા? 'હું તો જતો હતો...' તેમણે ખુલાસો કર્યો: 'પણ મોટાભાઈએ કહ્યું કે કોઈ મૂરખ માણસ પણ આ કેસમાં તને સલાહ આપી શકશે; એટલે સીધો તમારી પાસે આવી ગયો.'

અને જ્યારે કોઈ સલાહ લેવા આવે ત્યારે તે ખરેખર તો સલાહ માટે આવ્યો જ નથી હોતો, જે બાબતની સલાહ માગવા આવ્યો હોય છે તે અંગે ઘેરથી જ નક્કી કરીને આવ્યો હોય છે. લગ્ન માટે તેણે છોકરી અંકે કરી નાખી હોય છે કે નોકરી માટેનો એપોઈન્ટમેન્ટ લેટર ખિસ્સામાં નાખીને આવ્યો હોય છે, પણ તેણે જે નિર્ણય લીધો છે તે યોગ્ય છે એવું અનુમોદન તે તમારી પાસે માગતો હોય છે. મહોરની જ તેને જરૂર હોય છે. બિલિંગ્સે આ સંદર્ભમાં જ કહ્યું છે કે 'મારી પાસે સલાહ માટે કોઈ માણસ આવે ત્યારે પહેલાં તો હું એ જાણી લઉં છું કે કેવા પ્રકારની સલાહ તેને જોઈએ છે, પછી તેને માફક આવે એવી સલાહ હું આપી દઉં છું...'

એક જર્મન કહેવતમાં કહેવાયું છે કે 'જેને સલાહની જરૂર હોય છે એ સિવાયના તમામને સારી સલાહ એટલે શું એની જાણ હોય છે.' જો કે આ કહેવત કોઈ સલાહ આપનારે જ વહેતી કરી હોય એવું આ લખનાર માને છે, કેમ કે જેને સલાહ મેળવવી હોય છે એ તો સજીવ કરતાં નિર્જીવ ચીજમાંથી ય સાચી સલાહ મેળવી લેતો હોય છે. જીભની આગળ દાંત મૂકવાથી શું થાય એ અંગેની સલાહ તેને કોઈ માણસ કરતાં દાંત કે જીભ પાસેથી વધુ સારી રીતે મળી શકે છે. બાકી સલાહ લેવાથી કોઈને ય ફાયદો થતો નથી એ વાત સલાહ આપનારે સમજી લેવા જેવી છે.

સલાહ આપનાર માટે તે એટલું બધું આસાન છે કે ગમે તે વિષય પર તે મન ફાવે તેવી સલાહ ઝટ આપી શકે છે - સામેવાળો તે માગે એટલી જ વાર...

જેણે લગ્ન કરવા કરતાં ડાયવોર્સ વધુ વાર લીધા છે એવી ઝા ગાબોર નામની હંગેરિયન અભિનેત્રીને એક સ્ત્રીએ સલાહ માટે પ્રશ્ન કર્યો: 'એક અતિ ધનવાન પુરુષ સાથે થએલ મારી સગાઈ મારે તોડી નાખવી છે. તેણે મને એક મોંઘોદાટ ફરકોટ, હીરાનો નેકલેસ, એક સ્ટવ અને એક રોલ્સ-રોય કાર આપેલ છે તો મારે શું કરવું?' 'સ્ટવ પાછો આપી દે...' ઝા ગાબોરે તત્કાળ સલાહ આપી દીધી.

એ જ રીતે બ્રિટિશ નાટ્યકાર અભિનેતા સેમ્યૂઅલ ફૂટેને એક મિત્રે ફરિયાદ કરી કે પત્તામાં અંચઈ - ઘાલમેલ - કરવા બદલ તેને બીજા માળની બારીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો. પછી પૂછ્યું: 'મારે શું કરવું?' આ સલાહના જવાબમાં સેમ્પૂઅલ ફૂટે બોલ્યો: 'એટલે ઊંચે રમવા ના જવું...'

'બધાને બહુ સલાહ આપઆપ ના કરો, તમે જાતે જ કામ કરો, આ રીતે જ તમે અન્યને સલાહ આપી શકશો. તમે કામ કરશો તો બીજા તમને અનુસરવા માંડશે - આ મારી સલાહ છે...' એવી સલાહ પંડિત જવાહરલાલ નેહરુએ આપી છે. એમ તો 'આરામ હરામ હૈ'નું સલાહીસૂત્ર, તે કાશ્મીરની ખીણમાં આરામ કરવા ગયા ત્યારે તેમણે આપ્યું હતું. નાનામાં નાનો ચલણી સિક્કો એટલે સલાહ - જે માગનાર માટે ઘણી કીમતી છે એવું સલાહનો આપણહાર માનતો હોય છે.

પણ સલાહ આપનારને કેટલીક અમૂલ્ય સલાહો આપવાનો લોભ આ લખનાર રોકી શકતો નથી... એક અરબી કહેવત છે કે ટોળાને ક્યારેય સલાહ ના આપવી. એનું કારણ કદાચ એ હશે કે ડાહ્યામાં ડાહ્યો માણસ પણ જ્યારે ટોળામાં હોય છે ત્યારે ડાહ્યો રહેતો નથી. મૂરખને સલાહ આપવા સામે ય ઈસપે ચેતવણી ઉચ્ચારી છે, સુગરી અને વાંદરાની વાર્તા દ્વારા. ટાઢથી ધ્રૂજતા વાંદરાને ઘર બનાવવાની સલાહ આપનાર સુગરી પોતે જ ઘરવિહોણી થઈ ગઈ હતી. ભૂખ્યાને સલાહ ના આપવી એવું સોફોક્લીસે કહ્યું છે. જે વહાણમાં તમે બેઠા હો ને તે ડૂબતું હોય ત્યારે વહાણના કપ્તાનને સલાહ ના આપવી... તમારાથી બધાં જ ક્ષેત્રોમાં આગળ હોય તેને સલાહ આપવા પ્રયાસ ના કરવો એવું ટાગોરે કહ્યું છે. પણ સામેનો માણસ આપણાથી બધાં જ ક્ષેત્રોમાં આગળ છે, ચડિયાતો છે એ વાત જ સ્વાકારવી આપણા માટે અઘરી છે. વિન્સ્ટન ચર્ચિલે પોતાના એક મેધાવી મિત્ર માટે એવો અભિપ્રાય આપ્યો હતો કે તે અત્યારે છે એના કરતાં એ દિવસોમાં વધારે શાણો હતો કારણ કે તે ઘણીવાર મારી સલાહ લેતો...

એક મલેશિયન કહેવત છે કે સલાહ એ વટેમાર્ગુ જેવી છે, આપણે તેને આવકારીશું તો તે રાતવાસો કરશે ને જાકારો દઈશું તો તરત જ તે પોતાના ઘેર પાછી ફરી જશે. સલાહ આપનારના દુર્ભાગ્યે, આ કહેવતની જાણ બધાંને છે... □

શું તમે પૂરતું પાણી પીઓ છો, ખરા?

ડૉ. સુશ્રુત પટેલ

જીવવા માટે અત્યંત આવશ્યક, બલ્કે કહો કે અનિવાર્ય એવા બે ઘટકો છે: હવા અને પાણી. હવા વગર આપણે થોડી મિનિટ પણ જીવી ન શકીએ એ ખરું, પણ હવા કરતાંય પાણીનું મહત્ત્વ વધારે છે, કારણ કે પાણી વિના કોઈ જીવ ઉત્પન્ન જ ન થઈ શકે. માનવીની જ વાત કરીએ. જન્મસમયે આપણું શરીર ૯૦ ટકા પાણીનું જ બનેલું હતું ને? તંદુરસ્ત પુખ્ત વયની વ્યક્તિના શરીરમાં ૬૦ થી ૭૦ ટકા તો પાણી જ હોય છે. આમાંનો મોટો ભાગ લોહીમાં છે: આશરે ૮૩ ટકા. મગજમાં ૭૪.૫ ટકા, જ્યારે હાડકામાં ૨૨ ટકા. કેટલાંક પ્રાણીઓમાં તો આપણા કરતાં પણ વધુ પ્રમાણમાં પાણી જોવા મળે છે - કહો કે આપણા કરતાંય કેટલાંક પ્રાણીઓ વધુ 'પાણીદાર' છે! સરેરાશ માછલીના શરીરમાં ૨૨ ટકા, મરઘીના શરીરમાં ૭૪ ટકા તો અળશિયાના શરીરમાં ૮૦ ટકા. એકકોશી જીવો તો પાણીથી ભરચક જ હોય છે. તો જે ખરેખર 'ફિશ' એટલે કે માછલી નથી તે જેલીફિશ (ગુજરાતીમાં જળશ), પરપોટા જેવો અથવા રબ્બરના ફુલાવેલા નાના ફુગ્ગા જેવા આકારનો પોર્ટુગીઝ મેન ઑફ વૉર (પોર્ટુગીઝ મનવાર યા વાળો) વગેરે જેવા સામુદ્રી જીવો તો પાણીથી છલબલતા જ હોય છે. માત્ર પ્રાણીસૃષ્ટિ જ પાણીથી છલોછલ નથી, સમગ્ર વનસ્પતિસૃષ્ટિમાં પણ એનું પ્રમાણ ઓછું-વધતું તો જોવા મળે જ છે. જેમ કે કાકડીમાં ૯૬.૪ ટકા, કેળામાં ૭૧.૪૨ ટકા, તો સફરજનમાં ૮૫.૯ ટકા જેટલું પાણી છે. અરે, માત્ર સજીવ સૃષ્ટિ જ શા માટે? માટીના એકાદ ઢેફામાં પણ પાણી છે, તો ઘઉંના આટામાં એનું પ્રમાણ ૧૨.૨ ટકા જેટલું જણાય છે!

વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે મરઘીના એક જ ઈંડાની બનાવટમાં ૧૨૦ ગેલન, ગોમાંસ તૈયાર કરવામાં ૩,૫૦૦ ગેલન અને પાંઉરોટીની બનાવટમાં ૩૦૦ ગેલન જેટલું પાણી વપરાતું હોય છે. આવું સર્વવ્યાપક ઉપયોગી પાણી સૂર્યમંડળમાં કદાચ પૃથ્વી પર જ છે. બાકીના આઠેઆઠ મોટા ગ્રહો નપાણિયા જ છે.

મોંએથી અન્નનો દાણો પણ લીધા વિના માનવી બહુબહુ તો બેએક મહિના ખેંચી કાઢે, પરંતુ પાણી વિના તો થોડા દિવસ પણ માંડ ચાલે. અને તેમ છતાંય, મોટાભાગના માનવીઓ જાણતા હોતા નથી કે એમણે ખરેખર કેટલું પાણી દિવસ દરમિયાન પીવું જોઈએ. સામાન્ય રીતે મોટા ભાગના માણસો અપૂરતું પાણી જ લેતા હોય છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલુ રહે તો શરીરમાં પાણીની ખેંચ કે ઉપક્ષય જોવા મળે છે. શરીરની આવી નિર્જલિત હાલતને તબીબીશાસ્ત્રમાં નિર્જલીકરણ (dehydration) કહેવાય છે. પુષ્કળ ઝાડા-ઊલટી યા બેમાંથી કોઈ પણ એક પુષ્કળ માત્રામાં થતાં આવી જ અવસ્થા ઉપસ્થિત થાય છે.

નિર્જલિત અવસ્થાની સામે એક બીજી પાણીને લગતી અવસ્થા છે, જે તબીબીશાસ્ત્રમાં 'water intoxication' તરીકે ઓળખાય છે. ગુજરાતીમાં આપણે એને પાણીનો કેફ યા વિષાક્તતા યા વિષાયણ કે પછી પાણીનું આવિષાંચન કહી શકીએ. પણ આ હાલત સામાન્ય તંદુરસ્ત વ્યક્તિમાં જોવા મળતી નથી. જો મૂત્રપિંડો (કિડ્નિ) બરાબર કામ ન આવતી હોય, તો જ વ્યક્તિએ વધારે પડતું પીધેલું પાણી શરીરની બહાર ન નીકળતાં પાણીનો આવો કેફ ચડે છે. આમાં દર્દીને માથું દુ:ખે છે, તમ્મર આવે છે, ઊલટીઓ થાય છે, આંકડી યા આંચકી કે તાણ આવે છે, અને વ્યક્તિ બેશુદ્ધિમાં સરી પડે છે. ક્વચિત્ મોત પણ આવે છે.

પણ આપણે જોયું તેમ, પાણીનું ઝેર સ્વસ્થ માનવીમાં ચઢતું નથી, પણ જો તંદુરસ્ત વ્યક્તિ અપૂરતું પાણી લે, તો શરીરનો બિનજરૂરી કચરો બહાર ન નીકળતાં, એનું જ શરીરને ઝેર ચડે છે. આપણા મૂત્રપિંડો યૂરિક ઍસિડ તથા યૂરિયા જેવા ઝેરી પદાર્થોનો નિકાલ કરી નાંખે છે. આ ઘટકો પાણીમાં ઓગળીને પેશાબરૂપે બહાર નીકળી જાય છે. જો યોગ્ય માત્રામાં પાણી ન લેવાય તો આ બધો કચરો અસરકારક રીતે ઉત્સર્જિત ન થતાં, પથરી (કિડ્નિ સ્ટોન)માં રૂપાંતરિત થાય છે.

ખોરાકના પાચનમાં તેમ જ ઉપાપચય યા ચયાપચય (metabolism)ની અટપટી રાસાયણિક પ્રક્રિયાઓ માટે પણ પાણી એટલું જ જીવનોપયોગી છે. લોહીને તરલ સ્વરૂપ પાણી જ આપે છે. આ લોહીપોષક દ્રવ્યો તથા ઑક્સિજન જેવા વાયુને વહી જવાનું કાર્ય કરે છે એમાં પાણીનો સથવારો ભારોભાર મળી રહે છે. શરીરમાંનું પાણી ત્વચા દ્વારા પરસેવારૂપે બહાર નીકળીને બાષ્પિત થતાં ત્વચા ઠંડી બને છે, અને આમ પાણી શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત, પાણી આપણા સાંધાઓને ઊંજવાની (lubricates) કામગીરી પણ બજાવે છે.

શ્વાસોચ્છ્વાસ માટે પણ પાણી એટલું જ આવશ્યક છે. આમાં ઑક્સિજન અંદર લેવાય છે, જ્યારે કાર્બન ડાયૉકસાઈડ બહાર કાઢવામાં આવે છે. આ બંને વાયુઓની આપ-લે માટે ફેફસાં ભેજયુક્ત હોવાં

જરૂરી છે. પાણી આ માટેનો જરૂરી ભેજ પૂરો પાડે છે. શ્વાસ બહાર કાઢવાની ક્રિયામાં એક દિવસમાં આશરે અડધો લીટર જેટલું પાણી બાષ્પરૂપે બહાર ફેંકાતું હોય છે.

આમ, તંદુરસ્ત વ્યક્તિ દ્વારા અપૂરતું પાણી લેવાથી વિવિધ શારીરિક પ્રક્રિયાઓ મંદ પડી જતાં, કાળે કરી શરીરના 'ચક્કા જામ' થઈ જાય છે. આપણા જેવા ગરમ-ઉષ્ણકટિબંધ દેશની આબોહવામાં વ્યક્તિને પરસેવો સારા એવા પ્રમાણમાં થતો હોય છે. આને કારણે ઘણું પાણી બહાર નીકળી જાય છે. આ ખોટ જો યોગ્ય રીતે ભરપાઈ કરવામાં ન આવે તો, શરીર પોતે જ એની વ્યવસ્થા કરવા પ્રયત્ન કરે છે. એની એક અસર મોટા આંતરડા પર પડે છે. અહીંથી બને તેટલું પાણી શોષી લેવાય છે. આમ થવાથી આંતરડામાં બંધાતો મળ કોરો પડી જાય છે, અને સૂકો તથા સખત બની જતાં મલાવરોધ યા બંધકોષ (કૉન્સ્ટિપેશન) થતો જોવા મળે છે.

કેલિફૉર્નિયાના ડૉ. હોવાર્ડ ફ્લેક્સ (Howard Flaks) જાડાપણા યા સ્થૂળતાના નિષ્ણાંત એટલે કે મેદવૃદ્ધિ નિષ્ણાત (bariatric) કહે છે કે પૂરતું પાણી ન લેવાથી ઘણાં માનવીઓમાં સ્નાયુદૌર્બલ્ય તથા સ્નાયુસંકોચન જોવા મળે છે. સ્નાયુઓમાં વધારાની ચરબી જમા થાય છે, અને પાચનશક્તિ મંદ થઈ જાય છે. શરીરના બધા જ અવયવોની કામગીરી મંદ પડે છે, શરીરમાં વિષતત્ત્વો વધી જાય છે, સાંધાઓમાં અને માંસપેશીઓમાં સોજા આવી જાય છે. પણ આ બધાથી નવાઈની વાત તો આ સ્થૂળતા-નિષ્ણાત એવી કહે છે કે અપૂરતું પાણી લેવાથી શરીરમાં પાણીનો ભરાવો (retention) થઈ જાય છે! છેને આપણા, 'નાવમેં નદિયા ડૂબડૂબ જાય' જેવી કબીરજીની અવળવાણી જેવી વાત! પણ આમાં ગૂઢ કશું નથી. પાણીના અભાવે, પાણીના ભરાવાનું કારણ આ છે: જો પૂરતું પાણી ન લેવાય તો શરીર પાણીના અભાવને પહોંચી વળવા, નુકસાન ભરપાઈ કરી આપવા, પાણીને શરીરની અંદર રોકી રાખે છે. બહાર નીકળવાના સર્વ માર્ગો પર નાકાબંધી ખડી કરી દે છે. આમ, શરીરમાં પાણીના ભરાવાથી ઊગરવું હોય તો, એના ઉપાય તરીકે પાણી ઓછું ન લેતાં, વધુ માત્રામાં લેવું તે છે. અને મોટાભાગના કિસ્સાઓમાં આ ઉપાય કારગત નીવડે છે.

ડૉ. ડૉનાલ્ડ રૉબર્ટસન (Donald Robertson) આવા એક બીજા સ્થૂળતા-નિષ્ણાત છે. એ કહે છે કે વજન ઓછું કરવા માટે વ્યક્તિએ ઉચિત માત્રામાં પાણી લેવું જોઈએ. બલ્કે એમ કહેવું જોઈએ કે યોગ્ય માત્રામાં લીધેલું પાણી જ વજન ઉતારવાની કૂંચી છે. જે વ્યક્તિ વજન ઉતારવા માંગતી હોય તે જો પૂરતું પાણી પીવાનું ન રાખે તો શરીરમાંની ચરબી યા વસાનું ઉપાપચય યોગ્ય રીતે ન થતાં, શરીરમાં ચરબી ઘટવાની વાત તો બાજુએ રહી, ઊલટાની ચરબી વધુ પ્રમાણમાં જમા થવા લાગે છે! આમાં પાછું ઓછું 'હોય તેમ, પાણીનો ભરાવો પણ ઉમેરાય છે, જેથી વજન ઑર વધે છે.

હવે યક્ષપ્રશ્ન એ રહે છે કે માનવીએ રોજનું કેટલું પાણી પીવું જોઈએ? નિષ્ણાતો કહે છે કે તંદુરસ્ત માનવીએ દિવસ દરમિયાન ઓછામાં ઓછા આઠથી દસ ગ્લાસ પાણી પીવું જોઈએ. આ જરૂરિયાત ઘણીવાર વ્યક્તિના વજન સાથે પણ જોડવામાં આવે છે. આ સંદર્ભમાં, આપણા જેવા પ્રમાણમાં ગરમ દેશની વાત કરીએ તો ૭૫ કિલોગ્રામ વજન ધરાવતી વ્યક્તિએ દિવસ દરમિયાન રોજના સરેરાશ ૧૦ થી ૧૨ જેટલા ગ્લાસ (સામાન્ય કદના) પાણી મોંએથી લેવું જોઈએ. શારીરિક શ્રમ કરતી વ્યક્તિએ આનાથી થોડાં વધારે પવાલાં પાણી પીવું જોઈએ. આદર્શ વજનથી જો વ્યક્તિનું વજન વધારે થતું હોય, તો પ્રત્યેક ૧૦થી ૧૧ કિલો વધારાના વજનદીઠ તેવી વ્યક્તિએ એક વધારાનો ગ્લાસ પાણી લેવું જોઈએ.

લૉસ ઍંજલ ખાતે આવેલા ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સમેડિસિન ઇન્સ્ટિટ્યૂટે વ્યક્તિએ રોજ કેટલું પાણી પીવું જોઈએ તેની ગણતરી આ રીતે મૂકી છે: જો વ્યક્તિ બહુ સક્રિય ન હોય કે ઝાઝી હિલચાલ કરતી ન હોય એટલે કે જો ઝાઝી કામઢી ન હોય તો પોતાના શરીરના વજનના પ્રત્યેક અડધો કિલો વજને ૧૫ મિલિલીટર જેટલું પાણી રોજ પીવું જોઈએ. બીજી રીતે કહીએ તો જો તમારું વજન ૮૦ કિલો જેટલું હોય તો ૨૪ મિલિલીટરના એક એવા દસ પાણીના ગ્લાસ એક દિવસ દરમિયાન પીવા જોઈએ. પણ જો વ્યક્તિ કસરતબાજ (ઍથ્લીટ) હોય, તો પ્રત્યેક અડધા કિલો વજને ૨૦ મિલિલીટર પાણી પીવું જોઈએ. એટલે કે જો કસરતબાજ વ્યક્તિનું વજન ૮૦ કિલો જેટલું જ હોય, તો એણે દિવસના ૧૩ થી ૧૪ ગ્લાસ પાણી પીવું જોઈએ. દિવસ દરમિયાન પાણી એકસામટું ન પીતાં, આટલા પાણીના કુલ જથ્થાને સમગ્ર દિવસ દરમિયાન અને સાંજે તથા સૂતા પહેલાં વહેંચવાનો છે.

અહીં એક પ્રશ્ન થવો બહુ સ્વાભાવિક છે અને તે એ કે જો વ્યક્તિ આટલું બધું પાણી પીધા કરે તો આખો દિવસ મોટાભાગનો સમય લઘુશંકા કરવામાં જ ન જાય? શંકા સાચી જ છે. આવું થશે. શરૂઆતમાં આવું થશે જ. વળી, ઠંડી ઋતુમાં પણ એની અસર વધુ વર્તાશે. પણ થોડાં અઠવાડિયાં પછી સમગ્ર મૂત્ર- ઉત્સર્ગ તંત્ર (યૂરિનરિ સિસ્ટિમ) પાણીના આ વધારાને અનુકૂળ થઈ જશે. મૂત્રપિંડો દ્વારા બનતું મૂત્ર જ્યાં સંગ્રહ પામે છે અને જેના ભરાવાથી પેશાબ કરવાની હાજત અનુભવાય છે, તે મૂત્રાશય (યૂરિનરિ બ્લેડર) આનાથી ટેવાઈ જશે. આમ થવાથી લઘુશંકા જવાની સંખ્યા ઘટતી જશે, પણ દરેક વખતે પેશાબની માત્રા પહેલાં કરતાં વધી જશે. આમ, કાળે કરી શરીર ટેવાઈ જતાં પેશાબ થશે ત્યારે વધુ થશે, પણ એની વારંવારતા અગાઉ કરતાં ઘટતી જશે.

આ રીતે આખા દિવસમાં વહેંચાય એ રીતે પાણીના સાધારણ કદના ગ્લાસ છલોછલ ભરીને ઋતુ પ્રમાણે તથા શારીરિક હલનચલન અનુસાર આઠથી દસેક ગ્લાસ નિયમિત પીવાની ટેવ પાડવાથી શરીર નિરોગી તેમજ પાતળું રહેશે. □

·।। कथासरित्सागर ।।·

કનુભાઈ જાની

પ્રથમ લમ્બક : પંચમ તરંગ (શ્લોક ૧ થી ૧૪૧)

વરરુચિનું આત્મકથન (ચાલુ)

એમ કહીને, વળી પાછા વરરુચિએ કથાવર્ણન માંડ્યું.

કાળ જતાં યોગનન્દ પણ કામાદિને વશ થયો, ગજેન્દ્ર જેવો મત્ત થયો અને કશાને એ ગણકારતો જ નહોતો. અકસ્માત પ્રાપ્ત થયેલી લક્ષ્મી કોને વિમોહિત નથી કરતી? એટલે મેં વિચાર્યું : 'રાજા તો હવે નિરંકુશ થઈ ગયો છે. એનાં કાર્યોના વિચારમાં ને વિચારમાં હું મારો સ્વધર્મ પણ ચૂકું છું.' એટલે, સારી સહાય માટે એ શકટાલનો જ કાં ન પાછો ઉદ્ધાર કરું? (હા,) કદાચ એ રાજાની વિરુદ્ધ કાંઈક કરે તો હું બેઠો છું ને! એ શું કરી શકવાનો?' એવો નિશ્ચય કરીને, રાજાને વિનંતી કરીને, મેં શકટાલને અંધકૂપેથી પાછો બહાર કઢાવ્યો. (આમ તો,) દ્વિજજાતિના હોય તો છે મૃદુ. 'જ્યાં સુધી (આ) વરરુચિ છે ત્યાં સુધી યોગનન્દ પણ દુર્જય જ છે. માટે (વેર લેવા માટેના) અનુકૂળ સમયની રાહ જોઈ આપણે નેતર-નીતિનો આશરો જ લેવો (પ્રવાહની સામે થવા કરતાં એની દિશામાં નમવાની નીતિ રાખવી.)' એમ પાક્કો વિચાર કરી, એ પ્રાજ્ઞ શાકટાલે, મારી ઇચ્છાથી પાછું મન્ત્રીપદ પ્રાપ્ત કરી, રાજ્ય-કારભાર સંભાળી લીધો.

હવે, એક વાર યોગનન્દ નગરબહાર (ફરવા) ગયેલો; (ત્યાં) એણે ગંગાની મધ્યે, પાંચે આંગળીઓ સજજડ રીતે વળાઈ છે એવા (મુઠ્ઠી વાળેલા) એક હાથને જોયો! મને બોલાવીને 'આ શું છે?' એમ પૂછ્યું. મેં તત્ક્ષણ એ દિશામાં (મારા હાથની) બે આંગળીઓ દેખાડી, કે હાથ અદૃશ્ય થઈ ગયો! રાજા વિસ્મય પામ્યો. વળી મને પૂછવા માંડયો. ત્યારે મેં એને કહ્યું, "પાંચ જો મળે તો આ જગતમાં શું ન સાધી શકાય?" એમ એ હાથ, પોતાની પાંચ આંગળીઓ બતાવીને મને કહેવા માગતો હતો; ત્યારે હે રાજા, મેં, '(અરે,) બે જ જો એકચિત્ત બને તો ય શું અસાધ્ય રહે? એમ, મેં મારી બે આંગળીઓ બતાવી જણાવ્યું. આમ ગૂઢવિજ્ઞાન[1] કહી બતાવ્યું એટલે રાજા ત્યારે (મારી ઉપર) પ્રસન્ન થયો; પણ શકટાલ, મારી બુદ્ધિને દુર્જય જોઈને દુઃખી થયો. (૧૩)

હસે નિર્જીવ માછલી! (૧૪થી ૪૭)

એકવાર યોગનન્દે જોયું તો ઝરૂખેથી પોતાની રાણી, નીચે ઊભેલા (ને) ઊંચે (રાણીને) જોઈ રહેલા એક બ્રાહ્મણઅતિથિ સામું જોઈ રહી હતી. આટલી-અમથી વાતમાં તો કુપિત થયેલા રાજાએ એ બ્રાહ્મણના વધનો આદેશ આપ્યો! ઈર્ષ્યા જ છે વિવેકવિરોધિની! એ દ્વિજને જ્યારે વધભૂમિ તરફ દોરી જવાતો હતો ત્યારે બજારમાં પડેલું એક નિર્જીવ માછલું (ખડખડાટ) હસી પડ્યું.[2] ત્યારે, એ જાણતાં જ, રાજાએ વિપ્રનો વધ મોકૂફ રખાવી, મને આ મત્સ્યહાસ્યનું કારણ પૂછ્યું. 'વિચારીને કહું' એમ જણાવી હું ત્યાંથી નીકળી ગયો. એકાન્તમાં ધ્યાન ધરતાં સરસ્વતીએ ધ્યાનમાં ઉપસ્થિત થઈને કહ્યું, 'રાતે આ તાડ-ઝાડની પાછળ સંતાઈને રહેજે; તને જરૂર આ મત્સ્યના હાસ્યનું કારણ સાંભળવા મળશે.' આ સાંભળીને, રાત્રે ત્યાં જઈને, હું તાડ પર ચઢીને રહ્યો. રાતે એક ઘોર રાક્ષસીને મેં પોતાનાં નાનાં-નાનાં બાળ-પુત્રો સાથે ત્યાં આવેલી જોઈ. ખાવાનું માગતાં તેનાં બાળુડાંને એ કહેવા લાગી : 'સવારે તમને હું બ્રાહ્મણનું માંસ આપીશ, હોં! આજ તો એનો વધ ન થયો.' 'આજ વધ કેમ ન થયો?' એમ પૂછવાથી એ ફરી કહે, 'એને (લઈ જવાતો) જોઈને મરેલું હતું એ માછલુંય હસી પડ્યું, તેથી.' 'હસી કેમ પડ્યું?' એ પૂછવાથી ફરી એ રાક્ષસીએ એમનાં બાળોને કહ્યું, 'રાજાની સર્વ રાણીઓ છે જ વિપ્લુતા (સ્વેચ્છાચારી). બધીઓનાં અન્તઃપુરમાં બધે સ્ત્રીના વેશમાં પુરુષો રહે છે! એટલે આ વિપ્ર તો બીચારો વિનાવાંકગુને હણાય છે, એમ વિચારીને એ હસી ઊઠી. રાજાના આવા આત્યંતિક અવિવેકીપણા પર હસવાવાળા અને સર્વ પ્રાણીઓને હૈયે પેસી વિચરી શકનાર (રાક્ષસી[3] જેવા) સૌ ભૂતો(પ્રાણીઓ)નો આવો જ પ્રતિભાવ હોય.' એનાં આવાં વેણ સાંભળીને મેં પછી તરત જ ત્યાંથી ચલતી પકડી અને સવારે મત્સ્યહાસ્યનું કારણ જણાવ્યું (રાજાને). પછી તો ત્યાં રાજાના અંતઃપુરમાં સ્ત્રીના વેશમાં રહેલા ઘણા પુરુષો મળી આવતાં, પેલા વિપ્રને પણ વધમાંથી મુક્તિ આપનાર રાજા મારા પ્રત્યે બહુ માન રાખવા લાગ્યો. (પણ) મને આ બધું જોઈને અને રાજાને ફાવે તેમ વર્તતો જોઈને ખેદ થતો હતો.

એ અરસામાં કોઈક ચિત્રકાર ત્યાં આવી ચડ્યો. એણે મહાદેવી અને યોગનન્દનું ચિત્ર એક પટ પર આળેખ્યું. એ એટલું બધું સજીવ હતું કે જાણે એક બોલવુંચાલવું જ બાકી! એ ચિત્રકારને રાજાએ ધનથી ધરવ્યો અને ચિત્રને વાસગૃહને ભીંતે જડાવ્યું. એકવાર (રાજાના) એ (એકાન્ત) વાસગૃહમાં હું પ્રવેશ્યો, ને ચિત્રમાંની રાણી (જોકે) સમ્પૂર્ણ લક્ષણોથી શોભતી હતી; (છતાં) એ લક્ષણોના આંતરસંબંધ જોતાં, મારી પ્રતિભાને કારણે, મને લાગ્યું કે જ્યાં એનો કેડનો કંદોરો છે ત્યાં એક તલ હોવો જ જોઈએ. એમ મેં એને (એ ચિત્રમાંની રાણીને) (તલનું ટપકું કરીને) સમ્પૂર્ણલક્ષણા કરી અને પછી ચાલ્યો ગયો. (રાજા) યોગનન્દ આવ્યો; એણે પેલો તલ જોયો. 'આ અહીં કોણે કર્યું?' એણે રક્ષકોને પૂછ્યું. એમણે, મેં આ તિલચિહ્ન કર્યું છે તેમ જણાવ્યું. દેવીના દેહના આ ગુપ્ત ભાગમાંના આ તલ વિષે તો મારા વિના કોઈ જાણતું નથી. તો પછી આ વરરુચિ વળી કઈ રીતે આનો જાણતલ હોય?[4] નક્કી એણે છાની રીતે મારા અન્તઃપુરને કલુષિત કરી દીધું છે! એટલે

જ એણે આમ જ અન્ત:પુરમાં છૂપી રીતે રહેલા નરોને પણ જોયા હશે.' આમ વિચારતો યોગનન્દ (મારા પર) ક્રોધથી સળગી ઊઠ્યો. મૂર્ખોની વાતો પણ ખરેખર આવી જ હોય છે.

પછી તો એણે પોતે શકટાલને બોલાવીને આદેશ આપ્યો: 'રાણીનો (એના શીલનો) વિધ્વંશ કરનાર હોવાથી તારે હવે વરરુચિનો વધ કરવો.' 'જેવી આપની આજ્ઞા' એમ કહીને એ (ત્યારે) ત્યાંથી નીકળી ગયો. વિચારવા લાગ્યો : 'વરરુચિને હણવાની મારી શક્તિ નથી. એ છે દિવ્ય બુદ્ધિપ્રભાવાળો. (વળી) એણે મને આપત્તિમાંથી છોડાવ્યો છે. છેય બ્રાહ્મણ. એટલે મારવાની હા ભલે પાડી, એને હું છુપાવીને હાલ રાખું એ જ શ્રેષ્ઠ ગણાય.' એમ નિશ્ચય કરીને રાજાના અકારણ કોપની ને મને હણવાની છે એ વાત મને કહીને, પછી શકટાલ બોલ્યો : 'હણાયાની વાત ફેલાય માટે હું કોઈકને પૂરો કરીશ; ને તમે મારા ઘરમાં જ છુપાઈને રહો; મને એ રાજાના કોપમાંથી બચાવજો.' આમ એણે કહ્યા પ્રમાણે હું ત્યાં એને ઘેર છુપાઈ ગયો. અને તે રાત્રે એણે, મારો વધ થયો છે એવી જાહેરાત થાય એમ કોઈનો વધ કર્યો.

આમ, આવો નીતિપ્રયોગ કરનાર શકટાલને પ્રીતિથી એકવાર મેં કહ્યું, 'તું એક એવો મંત્રી થયો જેણે મને મારવાની વૃત્તિ ન રાખી. (જો કે) હું મરાઉં એ શક્ય પણ નથી. મારો એક મિત્ર છે રાક્ષસ. એને યાદ કરતાં-માત્રમાં એ મારી ઇચ્છા મુજબ આવીને, આખા વિશ્વને ઓહિયાં કરી જઈ શકે એમ છે. વળી, આ જે રાજા છે એ ઇન્દ્રદત્ત નામનો મારો મિત્ર છે. એ બ્રાહ્મણ છે; એને પણ ન મરાય.' એ સાંભળીને એ (શકટાલ) બોલ્યો : '(એ) રાક્ષસ મને દેખાડો ને!' ત્યારે મેં એનું ધ્યાન ધરતામાં જ હાજર થયેલા રાક્ષસને મેં દેખાડ્યો. એને જોઈને એ ઘણો જ ભયભીત ને આશ્ચર્યચકિત થઈ ગયો. રાક્ષસ અન્તર્ધાન થયો પછી શકટાલ મને ફરીથી પૂછવા લાગ્યો : 'આ રાક્ષસ તમારો મિત્ર થયો કેવી રીતે?'(૪૮)

રાક્ષસ મિત્ર બન્યો (શ્લોક ૪૯થી ૫૮)

એટલે મેં કહ્યું : 'પૂર્વે એકવાર એવું બનવા લાગ્યું કે રોજેરોજ રાત્રે રોનમાં નીકળતો એક નગરરક્ષક મરાવા લાગ્યો. એ સાંભળીને યોગનન્દે મને નગરરક્ષક નીમ્યો. રોનમાં ફરતાં ફરતાં મેં એક રાક્ષસને એ રાતે ફરતો જોયો. એણે મને કહ્યું, 'કહે જોઈ, આ નગરે સૌથી સુન્દર સ્ત્રી કોણ છે?' એ સાંભળીને એ કહે, 'તું એક એવો નીકળ્યો જેણે મને જીતી લીધો છે.' મારો પ્રશ્નમોક્ષ[૫] થતાં, વધમાંથી બચી જતાં, એ ફરી મને કહે, 'તારાથી હું પ્રસન્ન છું. તું (હવે) મારો મિત્ર. તું મને જેવો સ્મરીશ કે (તરત) તારી સમક્ષ હું હાજર થઈશ.' આમ કહીને એ અલોપ થયો અને હું મારે રસ્તે પડ્યો. આમ, આપત્તિમાં સહાયરૂપ થઈ પડે એવી મૈત્રી આ રાક્ષસ સાથે બંધાઈ.' આવું કહેનાર મને ફરી શકટાલે વિનંતી કરી, એટલે મેં ધ્યાન ધર્યું કે મૂર્તરૂપે ગંગાજી પ્રકટ્યાં. એનું દર્શન મેં એને કરાવ્યું અને એ દેવી મારી સ્તુતિથી પ્રસન્ન થઈને પછી અલોપ થયાં! ત્યારથી તો શકટાલ મને સહાય કરતો અને નમતો થયો.

હવે એકવાર મારી આવી લપાઈને રહેવાની સ્થિતિથી હું ખિન્ન થયો હતો ત્યારે એ મંત્રી કહે, 'બધું જાણવા છતાં આમ તમારો જીવ કેમ બાળો છો?' શું તમે નથી જાણતા કે રાજાની બુદ્ધિ જ આવી અવિચારરત હોય છે? (અરે) આમ ક્ષણમાં તમારી નિર્દોષતા સાબિત થઈ જશે. આ બાબતમાં, જુઓ, એક કથા (કહું, તે) સાંભળો.' (૫૮)

નીતિ સદાય જીતતી (૫૯થી ૭૮)

જૂના વખતમાં અહીં આદિત્યવર્મા નામે એક રાજા થઈ ગયો. એને એક મહાબુદ્ધિશાળી મંત્રી હતો નામે શિવવર્મા. એકવાર એની એક રાણી બેજીવસોતી થઈ. એ જાણીને રાજાએ અન્ત:પુરમાંના રક્ષકોને પૂછ્યું, 'મને તો આના અન્ત:પુરમાં પ્રવેશ્યેય બે વરસ થઈ ગયાં! તો પછી આ ગર્ભ રહ્યો કેવી રીતે, એ તો કહો! ત્યારે પેલા કહે : '(હા,) એક શિવવર્મા, આપના મંત્રી, બેરોકટોક આવેજાય છે ખરા.' એ સાંભળીને રાજાએ વિચાર્યું : 'નક્કી, આ મંત્રી જ મારો દ્રોહી છે. પણ એને સૌ જાણે એમ મારીશ તો હું જ વગોવાઈશ.' આમ વિચારીને એણે યુક્તિ કરી. પોતાના એક ખાસ મિત્ર સામન્ત રાજા ભોગવર્માની પાસે એને મોકલી દીધો. અને વાંસોવાંસ, આને મારી નાખવાના છૂપા સંદેશ સાથે, ખાનગી રીતે, એક ખેપિયો પણ મોકલ્યો.[૬] મંત્રીને ગયે માંડ એક સમાહ થયું હશે ત્યાં, ભયની મારી રાણી, ભાગવા જતાં જ સ્ત્રીવેશમાંના પુરુષની સાથે, રક્ષકોથી પકડાઈ ગઈ. એ જાણીને આદિત્યવર્માને મનોમન ખેદ થયો : 'અરેરે! મારાથી શું આવા ભલા મંત્રીનો અકારણ વધ થયો?'

દરમ્યામાં શિવવર્મા તો રાજા ભોગવર્માની પાસે પહોંચી ગયો. પછી પેલો રાજાની ખાનગી ચિઠ્ઠીવાળો ખેપિયો પણ પહોંચ્યો. વધનિર્દેશ[૭]નું વાંચીને ભોગવર્મા, વિધિવશાત્, શંકામાં પડ્યો. ખાનગીમાં એણે શિવવર્માને એ ચિઠ્ઠીની વાત કરી. શિવવર્મા તો મંત્રીસત્તમ! સામન્તરાજાને એ કહે : 'તમે-તારે મને મારો; નહિ તો હું જાતે મારી હત્યા કરીશ.' સાંભળીને રાજા વિસ્મય પામ્યો. પૂછ્યું, 'છે શું એવું? હે પ્રિય, એ મને કહો, ના કહો તો મારા સમ! (શાપ દઈશ.)' ત્યારે એ મંત્રી બોલ્યો, 'હે રાજા, જ્યાં મારો વધ થાય એ દેશમાં બાર વરસ વરસાદ ન વરસે! (દુષ્કાળ પડે!)' સાંભળીને (પોતાના) મંત્રીઓ સાથે રાજાએ વિચાર્યું : 'રાજા (આદિત્યવર્મા) તો દુષ્ટ ગણાય; આપણા દેશનો વિનાશ ઇચ્છે છે! એને ત્યાં શું ગુપ્ત રીતે (આનો) વધ કરનારાની કાંઈ ખોટ છે (તે આને અહીં મોકલ્યો)? માટે આ મંત્રીનો વધ તો થાય જ નહિ; વળી, એને આત્મહત્યામાંથી પણ બચાવવો જોઈએ.' આમ મંત્રણા કરીને શિવવર્માના રક્ષણાર્થે રક્ષકો ગોઠવીને, પછી ભોગવર્માએ શિવવર્માને પોતાના રાજ્યની બહાર તરત જ (બીજે) રવાના કરી દીધો. આમ, એ મંત્રી પોતાની બુદ્ધિપ્રભાથી જીવતો પાછો આવ્યો; અને એની નિર્દોષતા બીજી રીતે પણ સિદ્ધ થઈ. ધર્મ કદી અન્યથા (અવળું) ન જ કરે. (નીતિ સદાય જીતતી.) માટે, કાત્યાયન! તારી નિર્દોષતા પણ સાબિત થશે જ; ત્યાં સુધી તું મારે ત્યાં (ખુશીથી) રહે. આ (તારો) રાજા પણ જરૂર પસ્તાશે.' શકટાલવડે આમ કહેવાયું, (પછી) હું એને ત્યાં (મુક્તિમાટેના) યોગ્ય અવસરની પ્રતીક્ષા કરતો, છુપાઈને રહ્યો. એ દિવસો બહુ કઠિન ગયા.(૭૮)

પાદટીપ

૧. હકીકતે આ પણ પ્રહેલિકાનો જ એક પ્રકાર, કરપલ્લવી, હાથની સંજ્ઞાઓ દ્વારા થતી પ્રશ્નોત્તરી. આ કૃતિમાં બે-ત્રણ સ્થળે આવું આવે છે.

૨. એક ફ્રેન્ચ કથામાં સમ્રાટ જુલિયસ સીઝરના અન્તઃપુરમાં નારીવેશમાં બાર જેટલા જુવાનો છે એ જોઈને મર્લિન હસે છે, એવું છે. કાઉન્ટેસ દ' ઓલ્નોયની કથા પણ આવી છે એમ બેન્ફી કહે છે. આપણી શુકસપ્તતિમાં પણ આવી કથા છે. ત્યાં તો વળી તળેલો મત્સ્ય હસે છે! ઉજજયિનીનો રાજા વિક્રમાદિત્ય જમવા બેઠો છે ત્યારે એ રાણીને તળેલો મત્સ્ય આપે છે; ના પાડતાં રાણી કહે છે, 'હું તો આવા નરજાતિનાની સામુંય ના જોઉં, ત્યાં લેવાની તો વળી વાત જ કેવી!' સાંભળીને પેલો મત્સ્ય, તળેલો હતો છતાં, એવા જોરથી ખડખડાટ હસી પડે છે કે નગરજનોને પણ એ હાસ્ય સંભળાય. પછી તો બાલપંડિતા એનો ભેદ પકડી પાડે છે. નોલી (Knowle) એ આપેલી કાશ્મીરી લોકકથામાં પણ આવું છે. આવી વાર્તાઓમાંના આ હાસ્ય પણ જાતજાતનાં ને રહસ્યાત્મક હોય છે, કયાંક આનંદસૂચક, ક્યાંક કટાક્ષાત્મક, ક્યાંક આનંદસૂચક, કયાંક છે તરવા માટેનાં, કયાંક વળી ઊંડા રહસ્યભર્યાં. અંગ્રેજીમાં કહેવત છે Enough to make a cat laugh. બિલાડી તો જીવતું પ્રાણી; અહીં તો મરેલું પ્રાણી હસી પડે છે, એવી વાત છે! 'પ્રબન્ધચિન્તામણિ'માં કઠિયારો બીજા જન્મે રાજા થયો એ જોઈને માછલી હસે છે. (વિશેષ માટે જોવું પેન્ઝર, I 46 , પાદટીપ)

૩. પેન્ઝર (I 197) 'કથાસ.સા.'માં આવતાં આપણી પુરાકલ્પનકથાઓ (Myths)માંનાં, અતિમાનુષી તત્ત્વોની યાદી આપે છે : અપ્સરા, અસુર, કિન્નર, કુમ્ભાંડ, કુષ્માંડ, ગણ, ગંધર્વ, ગુહ્યક, દસ્યુ, દાનવ, દૈત્ય, નાગ, પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, વિદ્યાધર, વેતાલ અને સિદ્ધ. આમના એ ચાર વિભાગ પાડે છે : (૧) દેવવિરોધી (અસુર, દૈત્ય, દાનવ); (૨) દેવસેવીઓ (ગંધર્વ, અપ્સરા, ગણ, કિન્નર, ગુહ્યક અને યક્ષ); (૩) સ્વતન્ત્ર માનવેતર અને માનવોત્તર તત્ત્વો (નાગ, સિદ્ધ અને વિદ્યાધર); અને (૪) માનવના વેરી જેવાં (રાક્ષસ, પિશાચ, વેતાલ, ભૂત, દસ્યુ, કુમ્ભાંડ, અને કુષ્માંડ. આ તત્ત્વો પરની પેન્ઝરની નોંધ વિદ્વત્તાભરી અને અતિ મહત્ત્વની છે. એનો સાર આવો :

(અ) 'અસુર' શબ્દ એની પ્રથમાવસ્થામાં તો 'દેવ'નો સમાનાર્થી હતો, જેમકે રુદ્રને असुरदेव કહ્યો છે. અવેસ્તામાં 'અહુર' એ સર્વોચ્ચ દેવ છે. આ દેવવાચક શબ્દ અ-દેવવાચક કેવી રીતે બન્યો? એ માટે તર્ક એવો કરાયો છે કે મૂળ તો આ આર્યેતર 'દેવ' હતો; એટલે આર્યોને મન એ પછી અ-દેવ બન્યો.

બીજું, વેદમાં असुर શબ્દપ્રયોગ ખાસ કરીને વરુણ અથવા મિત્ર-વરુણ માટે થયો છે. આ મિત્રવરુણ જાણીતો એની માયા ('ગંભીર માનસિક શક્તિ') માટે. આ 'માયા' પછી 'અભદ્ર' લેખાઈ, ને 'માયાવી' તે 'અ-દેવ', 'અ-સુર', ગણાયો! ઋગ્વેદકાળના છેલ્લા ચરણમાં આ પરિવર્તન આવ્યું, 'અ-સુર' શબ્દ નકારાત્મક અર્થમાં પ્રચાર પામ્યો; 'સુર' હકારાત્મક બન્યો. આ 'સુર' શબ્દનો આવા અર્થમાં સૌપ્રથમ પ્રયોગ ઉપનિષદમાં થયાનું નોંધાયું છે. (જુઓ ડૉ. સૂર્યકાન્ત-અનુવાદિત મૂળ ડૉ. મેકડોનાલ્ડરચિત 'વૈદિક માયથોલૉજિ'નું હિન્દી ભાષાન્તર 'વૈદિક દેવશાસ્ત્ર', ભારતભારતી દિલ્હીનું ૧૯૬૧નું પ્રકાશન, પૃ. ૪૦૪). પુરાણોથી આ 'અ-દેવ' અર્થ દૃઢ થયો.

(બ) એસ્સિરિયાનો એ રાષ્ટ્રિય દેવ. એનો મૂળ અર્થ 'અધિપતિ' (Lord); પછી પર્શિયનોએ એ શબ્દ લીધો ને 'દેવ'ના અર્થમાં 'અહુર' કરીને વાપર્યો; પછી વૈદિક હિન્દુઓએ એ શબ્દ લીધો ને આરંભે 'દેવ' અર્થમાં વાપર્યો પણ પછી અર્થ પલટાઈ ગયો!

(ક) 'દેવ'વાચક આ શબ્દ મૂળમાં જાતિવાચક પણ હોઈ શકે. હિટ્ટાઈટ અને મિતાનીના રાજા વચ્ચે થયેલી સંધિનું એક પ્રાચીન ખતપત્ર એશિયામાઈનોરમાંથી મળેલું; એ સૂચવે છે કે (જુઓ રૉયલ એશિયાટિક સો.નું જર્નલ, ૧૯૦૯, પૃ. ૭૨૧) વૈદિક આર્યો એસ્સિરિયનોના પડોશી હતા; એ આર્યોએ જ્યારે ભારતની દિશામાં પ્રયાણ કર્યું હશે ત્યારે આ એસ્સિરિયનોએ (અસુરોએ) એનો સામનો કર્યો હશે ને સંઘર્ષો થતા રહ્યા હશે. જેમ પછીથી દસ્યુઓએ આ આર્યોનો સામનો કર્યો, અને એ દાનવો જેવા ગણાયા એમ આ પ્રજા માટે પણ થયું હોય. (ડૉ. ભાંડારકર પણ આમ માને છે. જુઓ રૉ. એ. સો.ની મુંબઈ શાખાનું જર્નલ, વૉલ્યૂમ ૨૫, ૧૯૧૮, પૃ. ૭૬) પ્રાચીન ઇરાનીઓએ 'અહુર' શબ્દ 'દેવ'ના અર્થમાં લીધો હતો, પણ 'દેવ' શબ્દને 'દાનવ' જેવા અર્થનો ગણ્યો છે!

અહીં જ 'દૈત્ય' શબ્દનો વિચાર પણ કરીએ. 'દૈત્ય' એટલે 'દિતિનો', 'દિતિ' પરથી ઊતરી આવેલો'. 'દિતિ' તો ઋક્-અથર્વ-વેદમાંની એક દેવી. એ આદિત્યની બહેન. 'આદિત્ય' શબ્દ માતૃવાચક છે: 'અદિતિનો'. આ 'અદિતિ'નો વિરોધી તે 'દિતિ', તેથી 'આદિત્ય'નો વિરોધી તે 'દૈત્ય', એવી સંભાવના (I199) પેન્ઝર મૂકે છે.

વળી, મહાભારત પ્રમાણે તો અસુર જાતિનો ઉદ્ભવ બ્રહ્માના પુત્ર દક્ષની પાંચ પુત્રીઓમાંથી. એ પુત્રીઓમાંથી બેનાં નામ હતાં અદિતિ અને દિતિ. ત્રીજી એક હતી દાનુ. આ દાનુના વંશજ તે દાનવ. આમ 'આદિત્ય', 'દૈત્ય' એક જાતિ-વંશનો નિર્દેશ કરે છે.

૪. શેક્સ્પીઅરકૃત 'સિમ્બેલાઈન'માં આવું, સુંદરીના ગુપ્તાંગ પરના તલના ચિહ્નનું વસ્તુ આવે છે. પૂર્વના દેશોમાં તલનો સ્ત્રીના સૌન્દર્યચિહ્ન તરીકે વારંવાર ઉલ્લેખ આવે છે. એક તલ પર સમગ્ર સમરકંદબુખારા ન્યોચ્છાવર કરવાની વાત હાફિઝે લખી છે. આ 'તલ'ની મહત્તાએ જ પછી ત્રાજુડાં ત્રોફાવવાનું રૂપ લીધું એમ પેન્ઝર માને છે. હકીકતે બન્ને જુદી વસ્તુઓ છે.

૫. આવા પ્રશ્નમોક્ષના ઉખાણાવાળી, યુધિષ્ઠિર ને યક્ષ, સ્ફિંક્સ ને ઈડિપસ વગેરે, વાતો ઘણી છે. આ પણ ઉખાણાનો જ પ્રકાર.

૬. પત્ર દ્વારા મારવાનો છૂપો સંદેશો મોકલ્યો હોય અને પછી પરિણામ જુદું જ આવે - એ, 'ખાનગી વધચિઠ્ઠી'ના મોટિફવાળી (ચન્દ્રહાસાખ્યાનમાં છે તેમ) ઘણી કથાઓ છે. આવી કથાઓનું મૂળ ભારતમાં; પછીથી, છેક બારમી સદી પછી યૂરોપાદિ પશ્ચિમના દેશોમાં આ મોટિફ ફેલાયું એવું પેન્ઝરનું મંતવ્ય છે (I 52).

૭. 'વધનિર્દેશ'માંના 'નિર્દેશ'નો અર્થ હાલ કેવો ફરી ગયો છે! અહીં 'આદેશ', 'સ્પષ્ટ સૂચના' એવો અર્થ છે. (ક્રમશઃ)

વિટામિનો વિષે થોડુંક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દેહના વ્યાપારોનના નિભાવ માટે વિટામિનો અત્યાવશ્યક ક્રિયાશીલ કુદરતી શક્તિ છે. ખોરાક વાટે તે મૂળરૂપમાં કે પછી પૂર્વગામી રૂપમાં તે આપણા શરીરમાં જાય છે. સ્વસ્થ શરીરમાં વિટામિનોનું કાર્ય ઉદ્દીપનનું હોઈ તેનું સમતોલ પ્રમાણ જળવાવું આવશ્યક છે.

વિટામિનોની રાસાયણિક વિશિષ્ટતા પ્રમાણે તેમનું 'જલદ્રાવ્ય' અને 'ચરબીદ્રાવ્ય' એમ વર્ગીકરણ થયું છે. આ તેમના જૈવ ગુણધર્મ જેવા કે શરીરમાં પ્રસારણ અને સંઘરો, વિઘટનપ્રક્રિયા અને વિસર્જનના માર્ગ ઉપર આધારિત છે.

'બી-કોમ્પ્લેક્સ' અને 'સી' વિટામિનો જલદ્રાવ્ય છે. ચરબીદ્રાવ્ય વિટામિનોમાં વિટામિન 'એ', વિટામિન 'ડી', વિટામિન 'ઈ' અને વિટામિન 'સી'નો સમાવેશ થાય છે.

વિટામિનોની ન્યૂનતાને લીધે શરીરમાં થતા વિશિષ્ટ ફેરફારોના આધારે વિટામિનોના વ્યાપારોનું અનુમાન થવા માંડ્યું. હજુ હમણાં જ 'બી-કોમ્પલેક્સ' વિટામિનોનો જીવન-રાસાયણિક પ્રક્રિયામાં ભાગ હોવાનું જાણવા મળ્યું છે. બી-વિટામિનો શરીરના દરેક કોષમાં એન્ઝાઈમના ઘટકો જેવું કામ ઉપાડતાં હોવાથી ચયાપચયની પ્રતિક્રિયામાં મુખ્ય ભાગ ભજવે છે. બી-વિટામિનોની રાસાયણિક રચનામાં થોડા પણ ફેરફારો થતાં તેના ગુણ નાશ પામે છે.

બી-વિટામિનોની ન્યૂનતા કે વેગીલી અપક્રિયાથી અને ચયા-પચયની પ્રક્રિયાથી ઉગ્ર બગાડ થાય છે. આ વખતે જો કે વિટામિનની ન્યૂનતાનાં લક્ષણો શરીરમાં હોતાં નથી, અગર તો સ્થિતિ વધુ બગડતાં લક્ષણો દેખા પણ દે છે.

ચરબી-દ્રાવ્ય વિટામિનો ચયાપચયની ક્રિયામાં સીધો ભાગ ભજવે છે. વળી, એન્ઝાઈમ (પાચક રસ)ના ઘટકો જેવું કામ ઉપાડતાં હોવાનું મનાય છે.

વિટામિન-'સી' પાચક રસોના ઘટક જેવું કામ ઉપાડતાં હોવાની કોઈ જાણકારી તો નથી. હા, પણ તે હાઈડ્રોક્સીલેશન પ્રક્રિયામાં ભાગ લે છે.

નિરામય શરીરને વિટામિનોના સૂક્ષ્મ પ્રમાણની જરૂર છે. તેમની જરૂરિયાત મુજબ તે રોજિંદા આહારની વાનગીઓમાંથી મળી રહે છે. સગર્ભાવસ્થા અને સ્તનપાન દરમિયાન તેમના પ્રમાણની જરૂરત વધે છે, જે વધુ પ્રમાણના આહારની વાનીઓ લેવાથી મળી રહે છે.

અપૂરતા આહારથી, આંતરડાંના બગાડાથી, વિટામિનોના કથળેલા શોષણથી, ચયાપચયની વધેલી ક્રિયાથી અગરતો વિટામિનોના સક્રિય રૂપમાં ફેરફારોના બગાડાથી વિટામિનોની ન્યૂનતાનાં લક્ષણો શરીર ઉપર દેખા દે છે. વળી, સ્ટ્રેસના સંજોગો વખતે અને ચયાપચયની ક્રિયાને બગાડતા રોગો વખતે આહારના પરિપાકમાંથી વિટામિનો નહિ શોષાવાથી વિટામિનોની ન્યૂનતાનાં લક્ષણો દેખાય છે.

વિટામિનોની ન્યૂનતાનાં લક્ષણો નિર્બળ આર્થિક સ્થિતિના કારણે લેવાતા અપૂરતા પોષણના લીધે હોય છે.

ઉચ્ચ ધોરણવાળા દેશોમાં વિટામિનોની ન્યૂનતાની સ્થિતિ જવલ્લે જ જોવામાં આવે છે. હા, ગરીબ સામાજિક, આર્થિક સ્થિતિ વખતે, અપૂરતા પોષણ ના કારણે વિટામિનોની ન્યૂનતાનાં લક્ષણો દેખા દે છે. બીજાં કારણોમાં માનસિક બગાડ, ધાર્મિક કારણોસર ખાવાની રસમમાં ફેરફાર, મદ્યપાન કરનારાઓનો અપૂરતો ખોરાક; ભૂખનાશ, વજન ઉતારવાના અખતરા, હળવો ખોરાક ખાવાની ઘેલછા વગેરે છે. વળી, કેટલાંક ઔષધના કારણે વિટામિનોનું અપચય વધવાથી કે પાચનક્રિયા અટકવાથી પણ વિટામિનોની ન્યૂનતા આવી પડે છે.

વિટામિનોની વધુકી અછતના કારણે પેદા થયેલાં લક્ષણો સહજમાં પરખાય છે. લોહીની તપાસમાં વિટામિનોનું સંઘટન જાણી શકાય છે. વળી, વિટામિનોના આધારે થતા જૈવ વ્યાપારોની માપણીથી વિટામિનોની ન્યૂનતાની માહિતી મળે છે.

આ સ્થિતિ વખતે ઘણુંખરું વિટામિનોની ન્યૂનતાનાં કોઈ લક્ષણો નથી હોતાં, પણ રોગી થાક, કોઈ કામ શરૂ કરવા આત્મવિશ્વાસનો અભાવ, કામકાજમાં એકાગ્રતાની ઊણપ, ઉદાસીનતા અને ચેપી રોગોના જલદી ભોગ બનવાનાં લક્ષણો ધરાવે છે.

રોજિંદા સયુક્ત આહાર લેતા પુખ્ત વયનાં નિરોગી સ્ત્રી-પુરુષને વિટામિનો લેવાની જરૂર નથી. નાનાં બાળકો, સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ, અને ઘરડી ઉંમરે રોજિંદા ખાદ્ય દ્રવ્યોમાં અમુક વાનીઓનાં ઉમેરાની જરૂરત રહે છે. અસામાન્ય જીવનપ્રથાવાળાં, વજન ઉતારવા માટે અમુક જ આહાર લેવાવાળાં, દૂધ પણ ન પીનારાં, અતિ ચુસ્ત શાકાહારી લોકોને વિટામિનયુક્ત ખાદ્ય પદાર્થો લેવાની ખાસ જરૂર છે. આંતરડાંમાં વિટામિનોનાં શોષણ અને શરીરમાં પ્રસારણ ઘટ્યાં હોય કે વળી શરીરમાં તેમની જરૂરત વધી હોય ત્યારે, વિટામિનો ઔષધરૂપે લેવાં જરૂરી છે, પણ આહારની પુરવણીરૂપે વિટામિનોનો ઉપયોગ ન થવો જોઈએ.

થોડાંક વિટામિનપુષ્ટ ખાદ્યો આ રહ્યાં: તાજું દૂધ, પનીર, સફરજન, દ્રાક્ષનો રસ, ચેરી, નારંગી અને તેનો રસ, પ્લમ, લીલી દ્રાક્ષ, શિંગ શાકો, ગાજર, બટાટા, તાજી કુબિજ, લેટિસ, પાલખ અને બીજી ભાજી, શેકેલી મગફળી, ઈંડાં અને મરઘીનું માંસ. આ ચીજોને આપણા ખોરાકમાં સ્થાન આપવાથી આપણા શરીરને જોઈતાં વિટામિનો સામાન્ય રીતે મળી રહે છે. □

ચામડીના રોગો ખસ-ખૂજલી અને તેના ઉપચાર

ખસ-ખૂજલી એ ચામડીનો ચેપીરોગ છે. એ જંતુજન્ય રોગ છે. આ રોગમાં પીળા ફોલ્લા થાય છે. મેલાં વસ્ત્રો, દસ્તની કબજિયાત અને બરાબર ચોળીને સ્નાન ન કરવાથી આ રોગ થાય છે. ચામડીના જીર્ણ કણો, મેલ અને શરીરનો પરસેવો રોજ સ્નાન દ્વારા સાફ થવાં જ જોઈએ. નહિતર આ ગંદકી ચામડીને ઉત્તેજે છે અને સમયાન્તરે કરી ચળ આવી ફોલ્લા થાય છે. તેલ ચોળી, ચણાનો લોટ ઘસી, ગરમ પાણીથી દરરોજ સ્નાન કરનારને ખસ-ખૂજલીનો રોગ થતો નથી. ખસના રોગીએ ખોરાકમાં સાકર, ગળપણ, દૂધ, ચોખા, ઘઉંની રોટલી અને ઘી ખાવાં. દાળ, શાક, મીઠું, મરચું, ગોળ, તેલ બંધ કરવાં. ખસના રોગીનાં કપડાં અલગ જ રાખવાં, જેથી બીજા માણસોને તેનો ચેપ ન લાગે. તેનાં કપડાં ઊકળતાં ગરમ પાણીમાં પલાળીને જ ધોવાં. ખસના રોગીએ પ્રથમ ખાંડ અને ઘી એકત્ર કરી, ખાઈ એક સારો જુલાબ લેવો.

ખસ-ખૂજલીના સર્વસામાન્ય ઉપાયો

(૧) દારૂડીનાં સો ગ્રામ પાન અને મરીના આઠ-દસ દાણાને પાણીમાં લસોટી, તેમાં વધુ પાણી મેળવી, ગાળીને પીવાથી પાંચ-સાત ઝાડા થઈ ખસ-ખૂજલી મટે છે.

(૨) તાંદળજાના સ્વરસમાં સાકર મેળવીને પીવાથી ખસ-ખૂજલી મટે છે. તેનાથી શરીરની ગરમી પણ મટે છે.

(૩) પાકાં ટામેટાંનો રસ સવાર-સાંજ પીવાથી અને ખોરાકમાં મીઠું બિલકુલ બંધ કરવાથી (કે ન છૂટકે નહીં જેવું ઓછું લેવાથી) ચળ, ખસ-ખૂજલી, લાલ ચાઠાં, નાની નાની ફોડલીઓ અને ચામડીની શુષ્કતા મટે છે.

ખસ-ખૂજલીમાં લેપાદિ ઉપાયો

(૧) મરી અને ગંધકને બારીક વાટી, ઘીમાં ઘૂંટી ચોપડવાથી અને સૂર્યના તડકામાં બેસવાથી ખસ મટે છે.

(૨) ડમરાનાં પાનનો રસ ચોપડવાથી અથવા તેનાં પાનને બારીક લસોટીને ખસ-ખૂજલી પર જાડો લેપ કરવાથી ખસ-ખૂજલી જેવા રોગો મટે છે.

(૩) લીંબુનો રસ અને કોપરેલ એકત્ર કરી તેની માલિશ કરવાથી ખસ-ખૂજલી, દાદર વગેરે રોગો મટે છે. તેનાથી ચામડીની શુષ્કતા પણ મટે છે.

(૪) બાવચીના બીનું તેલ ચોપડવાથી ખસ મટે છે. તેમજ બાવચીનાં પાન વાટી, તેનો રસ ચોપડવાથી ખસ મટે છે.

(૫) બાવચીનાં પાન અને કડવી કારેલીનાં પાન ગાયના મૂત્રમાં વાટીને ચોપડવાથી ખસ મટે છે.

(૬) ધંતુરાનાં બીનું ચૂર્ણ કરી, તેલમાં ખરલ કરીનને ચોપડવાથી ખસ મટે છે.

(૭) કણજીનું તેલ, ગંધક, કપૂર અને લીંબુનો રસ સરખે ભાગે એકત્ર કરીને ચોપડવાથી ભયંકર ફેલાયેલી ખસ ટૂંક સમયમાં મટે છે.

(૮) આકડાનાં સૂકાં પાન બાળી, તેની રાખને ગાયના ઘીમાં મેળવી, ખૂબ ઘૂંટી મલમ બનાવીને ચોપડવાથી ખસ, ખૂજલી મટે છે.

(૧૦) લીમડાનાં પાન બાળી, જૂના તલના તેલમાં કે કણજીના તેલમાં ખરલ કરીને ચોપડવાથી ખસ મટે છે.

(૧૧) તુવેરનાં પાન બાળી, તેની રાખ કરી, તેને દહીંમાં મેળવીને ચોપડવાથી ખસ મટે છે.

(૧૨) આમળાં બાળી, તેને તલના તેલમાં ખરલ કરી, ચોપડવાથી ખસ મટે છે.

(૧૩) ગરમાળાનાં પાન છાશમાં વાટી, શરીરે ચોળવાથી અને થોડીકવાર રાખી પછી સ્નાન કરવાથી ખસ મટે છે.

(૧૪) અધેડાનાં પંચાંગ (પાન, ફૂલ, ફળ, મૂળ અને છાલ)નો ઉકાળો બનાવી, તેનાથી સ્નાન કરવાથી ખૂજલી મટે છે. □

માધવ ચૌધરી

અનુસંધાન) ક્રિકેટ-૭ (પૃ. ૬૩ ઉપરથી

શક્તિશાળી ખેલાડીઓ જુદી જુદી રીતે ડ્રાઈવ લગાવતા હોય છે. જેમ કે વિવિયન રિચાર્ડ્સ સુનિલ ગાવસ્કરની માફક બંને પગથી આગળ આવીને ડ્રાઈવ મારી શકે છે. સામાન્ય રીતે જમોડી બેટ્સમેન ડાબો પગ આગળ લાવીને અને ડાબોડી બેટ્સમેન જમણો પગ આગળ લાવીને ડ્રાઈવ મારે છે. પરંતુ ગાવસ્કર અને રિચાર્ડ્સ ચપળ ફુટવર્ક અને વેધક દષ્ટિને કારણે ઓફ સાઈડના દડાને બેકફૂટ જઈને લેગ સાઈડ પર ડ્રાઈવ કરી શકે છે, જ્યારે ઈમરાન, બોથમ કે કપિલ લૉફ્ટેડ ડ્રાઈવ લગાવતી વખતે ભારે મોજ અનુભવતા હોય છે.

ડ્રાઈવના અનેક પ્રકાર છે, પરંતુ બેટ્સમેનને અમુક પ્રકાર અજમાવવો વધુ પસંદ હોય છે. ઑસ્ટ્રેલિઆના ડોન બ્રેડમેન ઑન ડ્રાઈવ વધુ લગાવતા હતા. આમે ય એમને ઑન બાજુ ફટકા લગાવવા તરફ પક્ષપાત હતો. આમાંથી તો ડગ્લાસ જાર્ડિનની 'લેગ-થીઅરિ'નો ઉદ્ભવ થયો અને એણે બ્રેડમેનને ઝુકાવવા લારવૂડને બૉડિલાઈન ગોલંદાજીની પ્રેરણા આપી.

આજના બેટ્સમેનોને જોતાં એમ લાગે છે કે વિવિયન રિચાર્ડ્સ જેવા શક્તિ અને ટાઈમિંગથી ડ્રાઈવ લગાવતા હોય છે જ્યારે ડેવિડ ગાવર ટાઈમિંગ પર વધુ મદાર રાખે છે. આજે બેટ્સમેનો બેકફૂટ જઈને ડ્રાઈવ કરવા તરફ વધુ ઝોક ધરાવે છે. સલિમ મલિક કે સંજય માંજરેકર ફ્રન્ટફૂટ અને બેકફૂટ બન્નેથી ડ્રાઈવ લગાવવામાં કુશળ છે. અઝહરુદ્દીનના ઑફ સાઈડ પરના સ્ક્વેર ડ્રાઈવ એટલા જ આકર્ષક છે અને આમેય છટા, જોશ, શક્તિ અને ગૌરવભર્યા ક્રિકેટનો કોઈ સ્ટ્રોક હોય તો તે ડ્રાઈવ છે. (ક્રમશઃ)

ડ્રાઈવ

કુમારપાળ દેસાઈ



ડાબી બાજુ - ઓન ડ્રાઈવ ત્રણ તબક્કામાં




• જમણી બાજુ - ઑફ ડ્રાઈવનો ફટકો લગાવવાની રીત

ક્રિકેટની રમતનો ઉત્તેજનાપૂર્ણ સ્ટ્રોક છે ડ્રાઈવ. આક્રમક બૅટ્સમૅનનું તો એ બ્રહ્માસ્ત્ર કહેવાય. ભિન્નભિન્ન પ્રકારના ડ્રાઈવ લગાવીને બૅટ્સમૅન ચોગ્ગા ફટકારતો હોય છે. આને કારણે એ ગોલંદાજને એની ગોલંદાજી છોડવાની ફરજ પાડી શકે છે અને વિરોધી ટીમના સુકાનીને માટે બાઉન્ડ્રિ પર ફિલ્ડરો ગોઠવવાની કપરી પરિસ્થિતિ સર્જી શકે છે. બૅટ્સમૅનને જોશભરી બૅટિંગનો અને પ્રેક્ષકોને છટાદાર ફટકાબાજીની રંગતનો આમાંથી આનંદ મળતો હોય છે. વેસ્ટઈન્ડિઝના વિવિયન રિચાર્ડ્સ, ઑસ્ટ્રિલિઆના એલન બોર્ડર અને ડિન જોન્સ કે ભારતના અઝહરુદ્દીન કે સચિન તેંડૂલકરના ડ્રાઈવ જોઈને પ્રેક્ષકો આ રમતનો આનંદ માણતા હોય છે.

પહેલા વિચાર કરીએ ડ્રાઈવની ટેક્નિકનો. આમાં જ્યાં દડાની ટપ પડે તેવી સંભાવના હોય તેની નજીક આગળના પગને લઈ જવો. આ સમયે શરીર તદ્દન સીધું રહેવું જોઈએ અને પ્રારંભે ડાબો પગ પણ સીધો રહેવો જોઈએ. બૅટ આસાનીથી, ઝડપથી સીધું અને વિશેષ ઘૂમવું જોઈએ. ડાબો હાથ બૅટ પર કાબૂ રાખે તેમજ જમણો હાથ ઘૂમતા બૅટમાં તાકાત પૂરીને બૅટના વેગને ઝડપી બનાવે, અને એ પછી જોશથી ઘૂમતું બૅટ દડાને મળે એમ બનવું જોઈએ. દડો ફટકાર્યા પછી પણ ઘૂમતા બૅટનું ઘૂમવાનું ચાલુ રહેવું જોઈએ અને તે પણ બૅટ ડાબા ખભા સુધી પહોંચે ત્યાં સુધી. આ રીતે ડ્રાઈવ લગાવી શકાય. ઝીણવટભરી રીતે જોતાં ખ્યાલ આવશે કે આમાં શરીરનું વજન પાછળના પગ પરથી આગળના પગ તરફ જાય' છે. આ ક્રિયાથી જ ડ્રાઈવમાં તાકાત અને વેગ આવે છે. ડ્રાઈવ લગાવતી વખતે બૅટને પાછળ લઈ જતા હો ત્યારે જમણા હાથને શરીરની વધુ ને વધુ નજીક રાખવો જોઈએ.

સામાન્ય રીતે ડ્રાઈવ બે પ્રકારે લગાવવામાં આવે છે. જો દડો બૅટ્સમૅન ભણી બરાબર આવ્યો હોય તો એ ડાબો પગ આગળ લઈ જશે અને જમણો પગ ક્રીસમાં રાખીને ફટકો મારશે. પણ જો દડો હાફ-વૉલી જેટલો આગળ નહીં હોય તો એ વિકેટ પર આગળ જઈને દડાને 'હાફ વૉલી' બનાવીને રમશે. આ સ્ટ્રોકને 'ક્રીસની બહાર નીકળીને ડ્રાઈવ મારવી' (સ્ટેપ આઉટ ઍન્ડ ડ્રાઈવ) કહેવાય છે. ડ્રાઈવ કરતી વખતે મનમાં સ્ટમ્પ આઉટ થવાનો ભય જાગે તો ઘણીવાર ખેલાડી મૂંઝાઈને દડાની પિચ સુધી પહોંચી શકતો નથી. ડ્રાઈવમાં શરીરનું સમતોલપણું મહત્ત્વનું છે. ડ્રાઈવ કરતી વખતે આગળનો પગ મજબૂત રીતે સ્થિર રાખવો જોઈએ અને ટૉપ હેન્ડ પણ મજબૂત રાખવો જોઈએ. દડાની શક્ય તેટલા વધુ નજીક જવું અને એના ઉપર સહેજ ઢળવું અને ટૉપ હેન્ડ જ આખો ફટકો પૂરો કરશે.

ડ્રાઈવના ઘણા જુદા જુદા પ્રકાર છે, જેમાં એક છે સ્ટ્રેટ ડ્રાઈવ. સ્ટ્રેટ ડ્રાઈવ યાદ આવતાં જ ભારતના નવજોત સિધ્ધુ, ઑસ્ટ્રેલિઆના માર્ક ટેયલર કે વેસ્ટઈન્ડિઝના ગોર્ડન ગ્રીનીઝનું સ્મરણ થશે. નવજોત સિધ્ધુ અને ગોર્ડન ગ્રીનીઝના સ્ટ્રેટ ડ્રાઈવમાં પણ એક તફાવત જોવા મળશે. સિધ્ધુના સ્ટ્રેટ ડ્રાઈવમાં જોશભરી તાકાતને બદલે બૅટ અને બૉલનું સુંદર ટાઈમિંગ હોય છે, જ્યારે ગોર્ડન ગ્રીનીઝમાં જોશભરી તાકાત વિશેષ દેખાય છે. મિડલ સ્ટમ્પ પર આવતા કે મિડલ સ્ટમ્પથી ઑફ સ્ટમ્પ બાજુ આવતા દડાને સ્ટ્રેટ ડ્રાઈવ લગાવી શકાય છે અને



ડાબી બાજુ પહેલું - દડાને ડ્રાઈવ કરવા આગળ વધવું. ડાબી બાજુ બીજું - લોફ્ટેડ ડ્રાઈવ

આમાં સહેજ આગળ વધીને દડાને હાફ-વોલી બનાવી બેટ્સમેન ફટકારે છે. આમાં પોતાનો આગળનો પગ દડાની પિચ પડવાની છે, તે સ્થાનની નજીક લાવવામાં આવે છે.

જો પગ દડાની પિચની નજીક ન લઈ જવાય અને દડાની પિચ અને પગ વચ્ચે અંતર રહે તો ક્યારેક દડો વચ્ચેની ગૅપમાંથી પસાર થઈને સ્ટમ્પ ઉડાવી જાય. બેટને ડાબા હાથથી નિયંત્રિત કરીને આગળ ધપાવવામાં આવે છે અને જ્યારે બેટની નજીક દડો આવે છે ત્યારે ડાબા હાથના પૂરા જોશથી અને સીધેસીધો ફટકારવામાં આવે છે. ફટકો લગાવ્યા પછી પણ ઘૂમતું બેટ એનું ચક્ર પૂરું કરે છે.

મધ્યમ ઝડપી ગોલંદાજ ગોલંદાજી કરતો હોય ત્યારે એની પાછળ ભાગ્યે જ કોઈ ફિલ્ડર હોય છે. આવે વખતે ગોલંદાજના માથા પરથી દડો ઊંચો કુદાવીને લોફ્ટેડ સ્ટ્રેટ ડ્રાઈવ લગાવે છે. દડાને જમીન-સરસા ડ્રાઈવના જેવી જ લોફ્ટેડ સ્ટ્રેટ ડ્રાઈવની ટેક્નિક છે. માત્ર એમાં દડાને થોડો વહેલો ફટકારવામાં આવે છે અને ફટકારતી વખતે કાંડું પાછળ રાખવાને બદલે બેટની સીધું રાખવામાં આવે છે. વળી, વિવિયન રિચાર્ડ્સ કે બેરી રિચાર્ડ્સ જેવા ખેલાડીઓ તો પોતાના ઑફ ડ્રાઈવમાં પણ દડાને ઊંચો કુદાવીને એક્સ્ટ્રા કવર બાજુ છગ્ગો લગાવતા જોવા મળે છે.

કોઈપણ પ્રકારના ડ્રાઈવ લગાવતી વખતે દડાને બેટથી જ્યાં સુધી પૂરેપૂરો ફટકો ન લગાવાય ત્યાં સુધી માથું નીચું રાખીને નજર દડા પર સ્થિર રાખવી જોઈએ. જો માથું વહેલું ઊંચુ થઈ જાય તો દડાની લાઈન ચૂકી જવાનો સંભવ છે.

ક્રિકેટના તમામ સ્ટ્રોકમાં સૌથી ખાનદાની સ્ટ્રોક ગણાય છે કવર ડ્રાઈવ. ઑફ સ્ટમ્પથી વધારે બહાર પડેલા હાફ વોલી દડામાં કવર ડ્રાઈવ લગાવવામાં આવે છે. આમાં સહુપ્રથમ ડાબો ખભો ફેરવીને એને કવર પોઈન્ટની દિશામાં લઈ જવો. એ પછી બીજા ડ્રાઈવની માફક બેટ ઘુમાવીને જમણા પગથી ડાબા પગ પર વજન લઈ જઈને સ્ટ્રોક મારવો. કવર ડ્રાઈવમાં દડાની ફ્લાઈટની વિરુદ્ધમાં બેટ વીંઝવાનું હોવાથી સમયસૂચકતા એ એનો પ્રાણ બની રહે છે.


સામાન્ય રીતે બેટ્સમેન મધ્યમ ઝડપી ગોલંદાજ સામે ખેલતો હોય ત્યારે ક્રીસમાં રહીને જ દરેક ડ્રાઈવ લગાવે છે. ચપળ ફુટવર્ક અને ત્વરિત નિર્ણયશક્તિ ધરાવતો બેટ્સમેન સ્પીનર સામે રમતો હોય ત્યારે એના દડાને હાફ વોલી બનાવા માટે ક્રીસની બહાર આવે છે. આ ડ્રાઈવના હથિયારથી બેટ્સમેન ગોલંદાજોનું પ્રભુત્વ છિન્નભિન્ન કરી નાખે છે. છેક ડબલ્યુ.જી.ગ્રેસના સમયથી ઑફ સાઈડના ફટકાઓને લેગ સાઈડના ફટકાઓથી ચડિયાતા માનવામાં આવે છે, અને એ જ બાબત કવર ડ્રાઈવના મહત્ત્વની પાછળ કારણભૂત હોય તેમ લાગે છે.

ઑફ ડ્રાઈવ ઓવર પિચ દડામાં ખેલવામાં આવે છે અને બેટ્સમેને દડાની જ્યાં પિચ પડે છે ત્યાં પહોંચવા માટે ધ્યાનપૂર્વક આગળનો પગ મૂકવો પડશે. આમાં જો પિચ ટર્ન લેતી હોય તો બેટ્સમેન ફટકો લગાવવા માટે બેટને ઓછું પાછળ લઈ જાય છે. જ્યારે ઑન ડ્રાઈવ લગાવવો હોય તો ખેલાડીની પાસે લાંબા અભ્યાસની અપેક્ષા રહે છે. ક્રિકેટની શરૂઆત કરનારને માટે આ સ્ટ્રોક આરંભમાં પરસેવો ઉતારનારો છે, પરંતુ એકવાર એના પર હથોટી આવી ગઈ પછી તે રનના ઢગલા આપનારો છે.

સામાન્ય રીતે ઑફ ડ્રાઈવ એ ઑફ સ્ટમ્પ ઉપર અથવા તેની સહેજ બહાર પડતા દડામાં લગાવવામાં આવે છે, તો ઑન ડ્રાઈવ લેગ સ્ટમ્પની દિશામાં કે તેનાથી સહેજ બહાર પડતા હાફ-વોલી દડામાં લગાવવામાં આવે છે. બેટને પાછળ લઈ જવાની સાથોસાથ જ આગળના પગને આગળ લઈ જવાની ક્રિયા કરે છે. અને ખભો મિડ ઑન તરફ રાખે છે. એ પછી બેટ નીચે લાવીને દડાને ફટકારે છે. દડો બરાબર ફટકાર્યા બાદ બેટ મુક્તપણે હવામાં ઘૂમે છે અને તેમ છતાં ઘૂમતા બેટ પર બેટ્સમેનનો પૂરેપૂરો કાબૂ હોય છે. આમાં દડા પર બરાબર નજર ઠેરવવી એ મુખ્ય બાબત છે અને આમાં દડો પગ પાસે આવતો હોવાથી બેટ્સમેનથી સરતચૂક થાય તો ભારે ઉપાધિ થાય.

(અનુસંધાન પૃ. ૬૧ ઉપર)

આરંભ] કવર ડ્રાઈવ [અંત



નેથેન્યલ લી

હિરોઇક ટ્રૅજેડિનો પ્રકાર ખેડવામાં ડ્રાયડન પછી નેથેન્યલ લી (Nathaniel Lee અંદાજે ૧૬૫૩-૧૬૯૨)નું નામ ગણાવી શકાય. એણે આરંભ નટ તરીકેની કારકિર્દીથી કર્યો, પણ તેમાં સફળ ન થયો અને નાટ્યક્ષેત્રે કલમ અજમાવી. એનું પહેલું નાટક નીરો (Nero) ઈ. ૧૬૭૫માં પ્રકટ થયું. પણ એ પછી તરત જ ડ્રાયડનને પગલે તેણે હિરોઇક ટ્રૅજેડિ રચવા માંડી. પણ એમાં એ સફળ થાય એ શક્ય જ નહોતું. એનામાં વ્યક્તિ તરીકે અથવા તો એક સર્જક તરીકે કશી સમતુલા જ નહોતી. વ્યક્તિ તરીકે તો એ કમનસીબ હતો જ. એના ચિત્તની નિરંકુશતાને કારણે પાંચેક વર્ષ તેને ગાંડાની હૉસ્પિટલમાં જકડી રાખવામાં આવ્યો હતો; અને એના સમકાલીનોએ તો એને પાગલમાં ખપાવી પણ દીધો હતો. એનાં નાટકોમાં હિરોઇક ટ્રૅજેડિમાં તેમ જ તે પછી બ્લૅન્કવર્સમાં રચાયેલાં નાટકોમાં - સર્વત્ર ઉન્માદ, ઝનૂન અને આવેગોની આત્યંતિકતા વરતાય છે.

રેસ્ટોરેશન કાળમાં ઊર્મિલતાને સ્થાને બૌદ્ધિકતા અને જીવન વિશેની ઊંડી સમજ વિસ્તરતી હતી તેવા સમયે લી જેવાનું નાટ્યકાર તરીકેનું આગમન કમનસીબ બની રહે એ સ્વાભાવિક હતું.

લીની હિરોઇક ટ્રૅજેડિમાં લગભગ સર્વત્ર ઝનૂન, ઉન્માદ, ખાંડાના ખેલ જેવા શાબ્દિક યુદ્ધો અને લાગણી, વિચારકાર્ય એ સર્વની આત્યંતિકતા, માત્ર શબ્દો જ શબ્દો, વાણીનો ભારે આડંબર, વગેરે ત્રાસરૂપ બની રહે છે. હિરોઇક ટ્રૅજેડિમાં પ્રેમ, શૌર્ય, કરુણતા, ભય વગેરેનું ડ્રાયડનમાં જે સમાયોજન છે તે કશું લીની કૃતિઓમાં વરતાતું નથી. હિરોઇક ટ્રૅજેડિનું સ્વરૂપ લીને હાથે હાસ્યાસ્પદ અને વિકૃત બની જતું લાગે છે. લીમાં માનસશાસ્ત્રીય નિરૂપણનો અભાવ જ જોવા મળે.

લાગણીના ઉત્કટ જુવાળ વિના, ઊર્મિના ધોધ વિના એના નાટકનાં પાત્રોને બોલવાનું કે વર્તવાનું જાણે ફાવતું જ નથી. એ પાત્રો રંગભૂમિ પર હજુ ઉપસ્થિત થાય ત્યાં જ એમની વચ્ચે થોડીક ક્ષણોમાં મૈત્રી અગર તો પ્રેમનું ગઠબંધન થઈ જ જાય; અને નહિતર એકબીજાં સામે તલવાર તાણીને યુદ્ધ માટે એ પાત્રો તત્પર થઈ ગયાં હોય. ઊર્મિના ઘોર ઝંઝાવાતમાં તેમનો વિચારદીપ બુઝાઈ ગયેલો હોય છે. પ્રેક્ષકની ચેતનાને, બુદ્ધિને અપીલ કરે તેવી વિચારપ્રેરક માર્મિક વાણીનો જાણે કે તેમને નિષેધ છે. અલબત્ત એમનો આ ઉન્માદ, અતિરેક વાહિયાત લાગવા છતાં એ એમની વાણીમાં, વર્તનમાં સુસંગતતા જાળવે છે. એમ કહી શકાય કે There is method in their madness. નૉનસેન્સ પ્રકારની કવિતા જેમ એના આંતરિક તર્કસંબંધે ચાલે છે તેવું લીનાં આ પ્રકારનાં નાટકોમાં છે. એમાં વાસ્તવિક દુનિયાનો સ્પર્શ તમને ભાગ્યે જ મળે. પત્રકાર સ્ટીલે (Steele) એની આ હિરોઇક ટ્રૅજેડિઓ વિશે કહ્યું છે કે His work illustrates 'Passion in its purity, without mixture of reason.' (Spectator, 438)

લીનાં નાટકોમાં પાત્રોની વાણી કેવી તો આગઝરતી અને તારસ્વરે પ્રકટતી હોય છે તેનું એક દૃષ્ટાંત એના 'ધ રાઈવલ ક્વીન' - ૧૬૭૭ (The Rival Queen)માંથી નોંધીએ. એમાં વસ્તુ તો ગ્રીસના મહાન એલેક્ઝાન્ડરની અને તેની માનીતી-અણમાનીતી બે રાણીઓ વચ્ચેના વિખવાદનું છે : એલેક્ઝાન્ડર કામદેવને પડકારતો હોય તેમ ઉગ્રતમ વાણીમાં ઉચ્ચરે છે :

Yes, I will shake this cupid from my arms.
It all the rages of the earth would fright him;
Drown him in the deep bowl of Herculus;
Make the world drunk, and then like aelous,
When he gave passage to the struggling winds,
I will strike my spear into the reeling globe
To let it blood, set Babylon in a blaze,
And drive this God of flames with more
consuming fires.

(Act II, scene I)

હિરોઇક ટ્રૅજેડિ માટે લીને એકાદ વિષય-વસ્તુ મળી જાય પછી એના નિરૂપણને તે પરાકાષ્ઠાએ પહોંચાડીને જ રહે. કલાસંયમની તો તેને તમા જ નથી અને ભાવ કે લાગણી પણ જે કઠોર, અમાનુષી હોય તેના નિરૂપણમાં તેની કલમ વિશેષ રાચતી. એના 'લ્યુસિઅસ જૂનિઅસ બ્રૂટસ' - ૧૬૮૦ (Lucius Junius Brutus)નાટક ઉદાહરણ તરીકે જોઈએ તો તેમાં રોમનોના અધિનાયક બ્રૂટસની ન્યાયભાવના કે તેની દેશભક્તિ લીના ચિત્તને પોતાની કૃતિ રચવા માટે પ્રેરતી નથી; પણ એણે એના પુત્રો પ્રત્યે જે કઠોરક્રૂર વર્તાવ કર્યો એ કઠોરતા અને ક્રૂરતાને તેણે અગ્રતા આપીને સવિશેષ આઘાતજનક દર્શાવી.

લી પોતે પોતાની કૃતિઓમાં છેલ્લા સૂર પરથી ઉચ્ચારાતી આડંબરી ભાષાની મર્યાદાથી અજાણ નહોતો. નાટ્યકૃતિના વસ્તુ સાથે અસંબદ્ધ એવાં છટાદાર વચનો તે સહેતુક, વાતાવરણ ઉપજાવવા માટે પ્રયોજતો હતો; પણ એની ભરમાર અસહ્ય થઈ પડતી. ક્યારેક પાત્રોની વાણીનો સૂર નીચા સ્તર પર લાવવા માટે અથવા તો તનાવ (tension)ની માત્રા ઘટાડવા કે તંગ વાતાવરણમાંથી ઘડીક રાહત માટે તે વચમાં ગીતરચનાઓ ગોઠવી દેતો. આ ગીતરચનાઓ જોઈને વિવેચકોએ આશ્ચર્ય પ્રકટ કર્યું છે કે ગીતકાર થવાને બદલે લીએ નાટકનું આ ખોટું માધ્યમ શા સારુ પસંદ કર્યું હશે?

શેક્સ્પીઅરનાં નાટકોમાં આવતાં ગીતો વાતાવરણની જમાવટ માટે કે અન્ય હેતુસર યોજાતાં હતાં. લીનાં નાટકોમાં ગીતોને નાટ્યવસ્તુ સાથે કોઈ સંબંધ હોતો નથી.

લીનાં નાટકોમાં કેટલીક વાર રેનેસાં યુગની કૃતિઓનાં પડઘા સંભળાય છે અને ઈલિઝાબેથ યુગના નાટકકારોની અસર તો તેનામાં છે જ. પણ પ્રાચીનોમાંથી કે પરદેશી કૃતિઓમાંથી એ જે વિષયવસ્તુ શોધી લાવે છે તેની ભૂમિકા જ તે પોતાના હેતુ માટે બદલી નાખે છે; મૂળ કૃતિ સુધરવાને બદલે એને હાથે વિકૃત બની જાય છે.

લીમાં નાટ્યવસ્તુને ઉઠાવ આપવાની શક્તિનો અભાવ નથી, પણ એ પોતાના તરંગોને છૂટો દોર આપી દે છે અને કલાકારનું તાટસ્થ્ય તે સમજતો જ નથી. એડિસને (Addision) એની શક્તિ-મર્યાદા વિશે સાચું જ કહ્યું છે : "Among our English poets, there was none who was better turned for tragedy than Lee, if instead of favouring the impetuosity of his genius, he had restrained it."*

લીનાં નાટકોમાં 'ગ્લોરિઆના' - ૧૬૭૬ (Gloriana), 'ધ રાઈવલ ક્વીન્સ' - ૧૬૭૭ (The Rival Queens), 'થીઓડોસિઅસ' - ૧૬૮૦ (Theodosius), 'લ્યૂસિઅસ જૂનિઅસ બ્રૂટસ' - ૧૬૮૦ (Lucius Junius Brutus) વગેરેનો સમાવેશ થાય છે.

ટૉમસ ઑટવે ૧૬૫૨-૮૫

નેથેન્યલ લી પછી હિરોઇક ટ્રૅજેડિમાં જહોન ક્રાઉન (John Crowne), ટૉમસ સધર્ન (Thomas Southerne), જેવા કેટલાક નાટ્યકારોએ થોડુંક ખેડાણ કર્યું છે, પણ એનું કોઈ ખાસ મહત્ત્વ નથી. ટૉમસ ઑટવે (Thomas Otway)એ પણ નાટ્યકાર તરીકેની એની આરંભની કારકિર્દીમાં હિરોઇક ટ્રૅજેડિના નમૂના મુજબ 'એલ્સિબાઈડીઝ' - ૧૬૭૫ (Alcibiades) અને 'ડૉન કેર્લૉસ' - ૧૬૭૬ (Don Carlos)એ બે નાટ્યકૃતિઓ રચી. એમાં એની સર્જકતાનાં બીજ દેખાય છે. પહેલી કૃતિને મુકાબલે બીજીમાં હિરોઇક ડ્રામાનું કલાસ્વરૂપ તેણે વિશેષપણે પ્રકટાવ્યું છે. તેમ છતાં એને એના સમયની અને નાટ્યસ્વરૂપની મર્યાદાઓ વચ્ચે ભીડાવું પડ્યું છે તેની આ બે કૃતિઓમાં પ્રતીતિ થાય છે. પણ ચારપાંચ વર્ષમાં જ એ પ્રાસાનુપ્રાસવાળી પંક્તિઓનો મોહ ત્યજીને બ્લૅન્ક વર્સમાં હિરોઇક ટ્રૅજેડિને નવો વળાંક આપે છે. અહીં એનું કૌશલ બરાબર ખીલી ઊઠતું દેખાય છે. એની બ્લૅન્ક વર્સમાં રચાયેલી બે ટ્રૅજેડિ 'ધી ઑરફાન'- ૧૬૮૦ (The Orphan)અને 'વેનિસ પ્રિઝર્વ્ડ' - ૧૬૮૨ (Vanice Preserved) તેને રેસ્ટોરેશન યુગમાં એક સમર્થ ટ્રૅજેડિકાર તરીકે સ્થાપી આપે છે.

આ બંને ટ્રૅજેડિમાં ઑટવેની વિશેષતા એ છે કે તેણે તેમાં હિરોઇક ટ્રૅજેડિના અંશો જાળવ્યા છે અને છતાં તેનાં વળગણોથી તે મુક્ત રહ્યો છે. હિરોઇક ટ્રૅજેડિને નવો ઘાટ આપવામાં તેને શેક્સ્પીઅર ખૂબ ખપ લાગ્યો છે. થોડાંક વર્ષો વિસારે પડેલા શેક્સ્પીઅરનો રેસ્ટોરેશન યુગમાં નવેસરથી મહિમા થવા માંડ્યો. શેક્સ્પીઅરની ટ્રૅજેડિના નમૂના લઈ તેમાં મુખ્ય તત્ત્વોમાં સુધારા અથવા ફેરફાર કરી ડ્રાયડન આદિ નાટ્યકારોએ હિરોઇક ટ્રૅજેડિ રચવા માંડી હતી. એની કૃતિ 'ઑલ ફૉર લવ'-૧૬૬૭ (All For Love)શેક્સ્પીઅરની શૈલીના અનુકરણરૂપે જ રચાઈ હતી અને ઑટવેએ પણ એની 'કેઅસ ઍન્ડ મેરિઅસ' - ૧૬૭૯ (Caius and Marius) શેક્સ્પીઅરના 'રોમિયો જૂલિએટ'ના રૂપાંતર તરીકે જ રચી હતી.

શેક્સ્પીઅરના આ પુન: પ્રભાવને કારણે હિરોઇક ટ્રૅજેડિની પ્રાસાનુપ્રાસવાળી 'હિરોઇક કપ્લેટ'નો મહિમા ઓસરવા માંડ્યો. તદુપરાંત કૃતક પ્રશિષ્ટવાદ (Pseudo-classicism)ના વધતા જતા પ્રભાવે પણ હિરોઇક ટ્રૅજેડિની લોકપ્રિયતા પર ઘા કર્યો. હિરોઇક ટ્રૅજેડિમાં ભાવ અને લાગણીઓની જે અતિશયતા હતી તેના સ્થાને આ નવા ટ્રૅજડિકારોએ કલાસંયમ પર ભાર મૂકવા માંડ્યો. આકારની પણ માવજત થવા માંડી.

ઑટવેનું, 'ધી ઑરફાન', અલબત્ત, શેક્સ્પીઅરના નાટ્યપ્રકાર જેવી કૃતિ નથી, પણ કલાત્મક ટ્રૅજેડિના નમૂના સાથે તેનો મેળ બેસી શકે તેમ છે. એનું વસ્તુ ટ્રૅજેડિને અનુરૂપ છે. બે ભાઈઓ એક જ યુવતીનાં પ્રેમમાં છે. એક ભાઈ તેની સાથે છૂપાં લગ્ન કરી લે છે. બીજો ભાઈ આ જાણતો નથી, માત્ર પ્રેમીઓનો સંકેત માની તેના ભાઈને અંધકારભર્યા ખંડમાં જકડી લે છે અને એમાંથી ત્રણે પાત્રોની ટ્રૅજેડિ સર્જાય છે. કથાવસ્તુ અસરકારક છે, ટ્રૅજેડિના સંઘર્ષને વિકસવા માટેની એમાં સામગ્રી પણ યથાયોગ્ય છે અને ઑટવેએ તે શક્યતાઓનો પૂરતો લાભ પણ ઉઠાવ્યો છે. કૃતિમાં વિધાતા પણ એનો ભાગ ભજવે છે. માનવભૂલ અને વિધાતા બંને ભેગાં મળીને ત્રણ પાત્રોનો કરુણ અંજામ લાવે છે.

અલબત્ત, ઑટવેની એક મોટી મર્યાદા પણ અહીં દેખાઈ આવે છે. મહાન ટ્રૅજેડિમાં જે વિષાદ અને આઘાતનો અંતે અનુભવ થાય છે તેને સ્થાને ઑટવેની કૃતિમાં Pathos અનુભવાય છે. પ્રેક્ષકને મનુષ્ય જીવનની વિષમતાઓ વિશે, અજ્ઞાત પરિબળ વિશે દિગ્મૂઢ કરી મૂકવાને બદલે ઑટવે પ્રેક્ષકોનાં આંસુને ઉત્તેજે એવું લાગણીનું નિરૂપણ કરે છે.

'ધી ઑરફાન' પર ફ્રેન્ચ નાટ્યકાર રાસીન (Racine)ની ટ્રૅજેડિનો પ્રભાવ છે. આ નાટ્યકૃતિમાં કરુણતાનો ઘેરો રંગ છે; અને સાથે લાગણીની મુલાયમતા પણ છે. મૃત્યુ વખતના મોનિમિયા ('ધી ઑરફાન'ની નાયિકા)ના ઉદ્‌ગારો ઑટવેની મુલાયમ લાગણીઓ નિરૂપવાની કુશળતાનું સારું ઉદાહરણ છે.

---

* "Rstoration Tragedy P.115 (Bonamy Dobree)

When I'm laid low i'the grave and qunite forgotton,
May'st thou be happy in a fairer bride;
But non can ever love thee like Monimia
When I am dead, as presently I shall be
(For the grim Tyrant grasps my heart already),
Speak well of me; and if thou find ill tongues
Too busy with my fame, don't hear me wronged;
'T will be a noble justice to the memory
Of a poor wretch once honoured with thy love.

પણ ઓટવેની ટ્રેજેડિકાર તરીકેની વિશેષ શક્તિ 'વેનિસ પ્રાઝર્વ્ડ'માં વરતાય છે. હિરોઇક ટ્રેજેડિને નવો વળાંક આપવામાં જેમ એક તરફ કૃતક પ્રશિષ્ટવાદે ભાગ ભજવ્યો તેમ બીજી તરફ Pathos Pity તરફનું વલણ પણ વિકસવા માંડ્યું. સત્તરમી સદીના છેલ્લા દાયકાઓમાં રચાયેલી ટ્રેજિક કૃતિઓમાં આ બે વલણો અવશ્ય ધ્યાન ખેંચશે. 'વેનિસ પ્રિઝર્વ્ડ'માં પણ ઓટવેની આ વૃત્તિ પ્રકટી છે.

આ બંને ટ્રેજિક કૃતિઓમાં ઓટવેની બ્લેન્કવર્સ પ્રયોજવાની અનેરી શક્તિનો સુખદ પરિચય થાય છે. આ કૃતિમાં પણ હિરોઇક ટ્રેજેડિના અંશ - પ્રેમ અને ગૌરવ - આત્મસન્માન વચ્ચેનો સંઘર્ષ છે; ઊર્મિના ઉત્કટ ઊભરા પણ પાત્રો અવારનવાર ઠાલવે છે - બધી રેસ્ટોરેશન ટ્રેજેડિમાં એ અવશ્યપણે આવે છે તેમ છતાં એકંદરે સંવાદોમાં પાત્રોની ઊંડી અને સાચી લાગણીનું આલેખન કરવામાં અને ઈલિઝાબેથ યુગના ટ્રેજેડિકારોની કૃતિઓનું સ્મરણ કરાવવામાં ઓટવે સફળ રહ્યો છે.

આ કૃતિમાં બીજી એક વિશેષતા એ છે કે ઓટવેએ તેમાં પ્રેમને બદલે મૈત્રીને કેન્દ્રમાં રાખીને કૃતિનું માળખું ઘડ્યું છે અને પ્રેમને કારણે રચાતી ટ્રેજેડિ કરતાં પણ મૈત્રીને કારણે રચાતી ટ્રેજેડિ વધારે સમર્થ હોઈ શકે એવી પ્રતીતિ તેણે કરાવી છે. આખી કૃતિની માનસશાસ્ત્રીય ભૂમિકા યોજવામાં તેની સફળતા છે.

આ કૃતિમાં વિસ્તૃત પરિચ્છેદો (સંવાદો), વાગાડંબર, અને એવી બીજી કેટલીક મર્યાદાઓ હોવા છતાં નાટ્યકૃતિમાં કાર્ય (Action)ના ઝડપી વિકાસની બાબતમાં તેમજ પાત્રોની ઊંડી લાગણીઓ નિરૂપવામાં ઓટવે યશસ્વી બન્યો છે. નાટ્યકૃતિમાં તેણે અર્લ ઓવ શેફ્ટસ્બરીને (Earl of Shaftesbury)ને એન્ટોનિઓ રૂપે રજૂ કરીને તેની ક્રૂર મશ્કરી કરવાનો લ્હાવો લીધો છે - અલબત્ત એથી કરીને ટ્રેજેડિનું ગંભીર વાતાવરણ અળપાતું નથી.

પણ સહુથી વિશેષ વાત તો એ છે કે ઓટવેને મિસિસ બેરી સાથેના પ્રેમમાં જે નિષ્ફળતા મળી તેને પરિણામે એની હૃદયસૃષ્ટિ ખંડિત થઈ ગઈ અને તેમાંથી જે નિરાશ (Pessimism) જન્મી તે લાગણીએ જ તેને ટ્રેજેડિ માટે ઉત્તમ તત્ત્વ પૂરું પાડ્યું. આ બીજી કૃતિમાં પણ તે તત્ત્વ ધ્યાન ખેંચી રહે છે. રેસ્ટોરેશન યુગની એક ઉત્તમ ટ્રેજેડિ તરીકે 'વેનિસ પ્રિઝર્વ્ડ'ને વિવેચકોએ બિરદાવી છે.(ક્રમશ:)

ઈશાવાસ્ય ઉપનિષદ

મંત્ર ૮

છઠ્ઠા અને સાતમા મંત્રમાં બ્રહ્મવિદની આત્મ(ઈશ)દર્શનની અનુભૂતિની વાત કર્યા પછી આ જ્ઞપ્તિને દૃઢીભૂત કરવા ગુરુ પુનઃ ઈશના સગુણ અને નિર્ગુણ સ્વરૂપની યથાર્થતાને નિરૂપે છે.

સ પર્યગાચ્છુક્રમકાયમવ્રણ
મસ્નાવિરં શુદ્ધમપાપવિદ્ધમ્।
કવિર્મનીષી પરિભૂઃ સ્વયંભૂ
ર્યાથાતથ્યતોઽર્થાન્ વ્યદધાચ્છાશ્વતીભ્યઃ સમાભ્યઃ॥૮॥

સ : - તે (૬ અને ૭માં મંત્રના અનસુંધાનમાં - વિજાનતઃ); પર્યગાત્ (અધ્યગાત્)) - સર્વગત, સર્વને પામ્યો, અનુભવ કર્યો; શુક્રમ્-શુભ્ર, દ્યુતિમંત; અકાયમ્-અશરીરી; અવ્રણમ્-અક્ષત, પૂર્ણ; અસ્નાવિરમ્-સ્નાયુરહિત, ક્રિયારહિત; શુદ્ધમ્-પવિત્ર, નિર્મલ; અપાપવિદ્ધમ્ - નિષ્પાપ, કર્તૃત્વ ભોકતૃત્વ રહિત; કવિ-ક્રાન્તદર્શી, સર્વદ્રષ્ટા; મનીષી-મનને પ્રેરનાર, મનનું શાસન કરનાર; પરિભૂઃ - સર્વોત્કૃષ્ટ, સર્વોપરિ; સ્વયંભૂઃ - નિર્નિમિત્તક, પોતાની સત્તાથી સત્તાવાન; યાથાતથ્યત. - યથાયોગ્ય રીતે, યથોચિત ભાવે; અર્થાન્- પદાર્થો, કર્મસંસ્કાર, કર્તવ્ય; વ્યદધાત્-સ્થાપિત કર્યા, નિર્ણિત કર્યા; શાશ્વતીભ્યઃ- નિત્ય, સનાતન; સમાભ્યઃ - સમય માટે.

છઠ્ઠા અને સાતમાં મંત્રમા કહ્યું છે તે પ્રમાણે જેણે પોતાને સર્વભૂતોમાં અને સર્વભૂતોને પોતાના આત્મામાં (અનુપશ્યતિ) સતત અનુભવ્યા છે તેણે 'વિજાનતે', તે દ્યુતિમન્ત, નિરાકાર, પૂર્ણ, સ્નાયુરહિત (ક્રિયારહિત) નિર્મલ, નિષ્પાપ, સર્વજ્ઞ, મનના પ્રેરક, સર્વોત્કૃષ્ટ, પોતાની જ સત્તાથી સત્તાવાન છે અને જેણે શાશ્વત કાલ માટે યથાયોગ્ય પદાર્થ-કર્તવ્યને પ્રસ્થાપિત કર્યાં છે તેનો અનુભવ કર્યો.

આત્મજ્ઞ તે પ્રાપ્ત કરે - પ્રભામય,
અકાય જે, જે વ્રણ-સ્નાયુહીન,
જે શુદ્ધ, જે પાપ થકી ન વિદ્ધ,
કવિર્મનીષી પરિભૂ સ્વયંભૂ જે,
ને જે યથા યોગ્ય કરે વિધાન
સમસ્ત અર્થોનું અનાદિ કાળથી.

રાજેન્દ્ર શાહ

ભારતની વસતી ગણતરી

ભરતકુમાર પ્રા. ઠાકર



ભારતની વસતી ગણતરીની શતાબ્દિ નિમિત્તે બહાર પડેલી ટપાલ ટિકિટ

દેશભરમાં ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી વસતીગણતરીનો બીજો, મુખ્ય અને મહત્ત્વનો તબક્કો શરૂ થઈ રહ્યો છે, જે ૨૮મી ફેબ્રુઆરી સુધી ચાલશે. તેમાં માણસોની ગણતરી(હેડ કાઉન્ટિંગ)નું કામ થશે. દેશવ્યાપી જનગણનાનું આ કામ ફક્ત ૨૦ દિવસોમાં જ થઈ જશે. જ્યારે ૨૮મી ફેબ્રુઆરીની રાતથી ૧લી માર્ચની સવાર સુધીમાં ઘરબાર-વિહોણાં લોકોની ગણતરી પણ થશે.

આપણા દેશમાં સૌપ્રથમ સર્વગ્રાહી(વ્યાપક ફલક પર) જનગણના આજથી ૧૨૦ વર્ષ પહેલાં ૧૮૭૧-૭૨માં કરવામાં આવી હતી અને ત્યારથી દર દસ વર્ષને અંતે 'દસ વાર્ષિક વસતીગણતરી' કરવાનો નિયમિત સિલસિલો ચાલુ રહ્યો છે. છેલ્લે વસતીગણતરી ૧૯૮૧માં કરવામાં આવી હતી. આમ, ૧૯૯૧ના વર્ષની વસતીગણતરી એ ભારતના ઈતિહાસમાં તેરમી, આઝાદી બાદ સ્વતંત્ર ભારતની પાંચમી, ગુજરાત રાજ્યની રચના થયા બાદ રાજ્યની ચોથી અને આ ૨૦મી સદીની અંતિમ વસતી ગણતરી પણ બની રહે છે! હવે પછીની આગામી વસતી ગણતરી ૨૧મી સદીમાં એટલે કે ૨૦૦૧માં કરવામાં આવશે.

વિશ્વમાં અનોખું અભિયાન!

વિશ્વના લગભગ ૯૦ ટકા રાષ્ટ્રો વસતી ગણતરીની કપરી કામગીરી નિયમિત અને નિર્ધારિત સમયાંતરે હાથ ધરે છે. ભારત જેવા વિશાળ દેશની વસતી ગણતરી કરવી એ કાંઈ સહેલી વાત નથી. દૂરના રણ પ્રદેશો, દુર્ગમ પહાડો, નદીતટ પરની વસાહતો, જંગલો, ખેતરો, જેલો, ગલી-કૂંચી...વગેરેમાં મકાન, ઝૂંપડાં, હોડી, તંબુઓ, ઝાડની ટોચે...ક્યાંય પણ રહેતી વ્યક્તિને સ્થળ પર મળીને વિવિધ પ્રકારની તબક્કાવાર માહિતી રખડીને ભેગી કરવાનું કામ અત્યંત મુશ્કેલ, ખૂબ જ સમય માંગી લેનારું અને અતિ ખર્ચાળ પણ છે. જનગણના કરવા નીકળેલા લાખો માણસોએ મહિનાઓ સુધી રઝળપાટ કરીને ભરેલાં કરોડો ફોર્મ્સ તેમાં નોંધેલી અનેકવિધ માહિતી, તેનું પૃથક્કરણ, સરવાળા, બાદબાકી, આંકડાના કોઠા...વગેરે કામ ખૂબ જ જટિલ, અટપટું, કંટાળાજનક અને ખૂબ જ મગજમારી કરાવનારું હોવા છતાં પણ અત્યંત આવશ્યક છે. આમ, ભારતની વસતી ગણતરીનું કાર્ય એ પ્રચંડ અને ભગીરથ કાર્ય છે!

ભારતની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા અને ભારતીય વસતી ગણતરીની દુનિયાનાં સૌથી મોટા ગંજાવર વહીવટી કાર્યોમાં ગણના થાય છે! ભારતમાં થતી વસતી ગણતરીની પદ્ધતિ વિશ્વભરમાં પ્રશંસા પામી છે. ભારતમાં વિશ્વની સાતમા ભાગથી પણ વધુ વસતી હોવાથી ભારતની જનગણનાનું સવિશેષ મહત્ત્વ છે. દુનિયામાં સરકારી સ્તરે વસતી ગણતરીનો વિશ્વનો સૌથી મોટો પ્રશાસકીય વ્યાયામ ભારત સરકાર કરે છે.

વિશ્વ-જનગણનાની તવારીખ

વસતી ગણતરી માટેનો બહુ પ્રચલિત અંગ્રેજી શબ્દ 'સેન્સસ' (CENCUS) મૂળે રોમન ભાષાનો છે. તેની વ્યુત્પત્તિ 'સેન્સર્સ' (Censors) પરથી થયેલી છે; પ્રાચીન રોમમાં આ શબ્દનો અર્થ 'કર નાખનારા ન્યાયાધીશો' થતો.

૧૦૬૬માં રાજા વિલિયમે બ્રિટન પર વિજય મેળવ્યો ત્યારે અધિકારીઓને પરાજિત બ્રિટનનાં નાગરિકો અને તેમની માલમિલકતનો માત્ર પ્રાથમિક અંદાજ કાઢવાનો આદેશ આપ્યો હતો અને તેઓએ આખા બ્રિટનની વસતી ગણતરી કરી નાખેલી! ઈતિહાસમાં તેની ગણના 'વિશ્વની પ્રથમ સેન્સસ' તરીકે થાય છે. ત્યારબાદ રોમમાં વસતી ગણતરીનું કામ નિયમિત સમયગાળે થવા માંડ્યું. કરવેરા ઉઘરાવવા, લોકોને નાગરિકતા આપવા અને ફરજિયાત લશ્કરી સેવાના હેતુઓ માટે વસતી ગણતરીનું કામ તે સમયે રોમનાં મેજિસ્ટ્રેટો કરતા હતા.

એ પછી ૧૪મી અને ૧૫મી સદીમાં કેટલાક યૂરોપીઅન નગરોમાં ફક્ત શહેર પૂરતી મર્યાદિત વસતી ગણતરી થતી. આ સિલસિલો ૧૪૪૯માં જર્મનીના ન્યૂરેમ્બર્ગ શહેરથી શરૂ થયેલો. આધુનિક અર્થમાં વસતી ગણતરી કરવાનું કામ ૧૭મી અને ૧૮મી સદીમાં શરૂ થયેલું. સ્વિડિશ સરકારે પહેલીવાર વસતી ગણતરીનું કામ ૧૭૪૯માં આટોપ્યું હતું. આધુનિક પદ્ધતિએ વસતી ગણતરીનો ખર્ચાળ વ્યાયામ કરવાની શરૂઆત અમેરિકાએ બરાબર બસો વર્ષ અગાઉ ૧૭૯૦માં કરેલી. ત્યારબાદ બ્રિટન (૧૮૦૧), ફ્રાન્સ (૧૮૩૬), બેલ્જિયમ (૧૮૪૬), ઈટલી (૧૮૬૧), જર્મની (૧૮૭૧), સોવિયેત સંઘ (૧૮૯૭) અને જપાને ૧૯૨૦માં વસતી ગણતરીનો આરંભ કર્યો હતો. આ તમામ દેશો હવે દર દસ વર્ષે નવેસરથી જનગણનાનું કામ કરે છે.

ભારતમાં જનગણનાનો વિકાસ

ભારતની વસતી ગણતરીના ઉલ્લેખો ઋગ્વેદ, પુરાણશાસ્ત્રો અને કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પણ જોવા મળે છે. સમ્રાટ અશોકના કાળમાં પણ લોકો પાસેથી કર વસૂલ કરવા વગેરે હેતુઓસર વિભિન્ન પ્રકારે

વસતી ગણતરી કરાતી હતી. આઈને અકબરીમાં 'ખાના સુમારી' (અર્થાત્ વસતી ગણતરી)ની સાથે ઉદ્યોગ, જમીનજાગીર, ખેતીવાડીની ગણતરીનો ચિતાર અપાયો છે. ૧૭મી સદીની મધ્યમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્થાનિક સંસ્થાઓની વસતીના અંદાજો કાઢવાનું કામ કર્યું હતું.

ભારતમાં સૌપ્રથમ વસતી ગણતરીના કામનો ખરો પ્રારંભ ૧૮૭૧-૭૨માં થયો હતો. એ પ્રથમ જનગણના દ્વારા ભારતમાં દસવર્ષીય વસતી ગણતરીનો પાયો નખાયો હતો. પરંતુ દેશમાં આધુનિક પધ્ધતિથી વ્યવસ્થિત જનગણનાનું કામ એ પછીની ૧૮૮૧ની દ્વિતીય વસતી ગણતરી થી શરૂ થયું હતું. આઝાદી બાદ ૧૯૪૮માં ભારત સરકારે સેન્સસ એક્ટ ઘડી કાઢ્યો, જે અન્વયે સ્વતંત્ર 'જનગણના નિર્દેશાલય'ની રચના થઈ અને ૧૯૫૧માં 'સ્વતંત્ર ભારત'ની પ્રથમ વસતી ગણતરી પૂરી થઈ. જનગણના સંબંધી આંકડાઓ તૈયાર કરવા માટે ૧૯૬૧માં પ્રચલિત યંત્રોનો અને ૧૯૭૧માં ઈલેક્ટ્રોનિક્સ કમ્પ્યૂટરનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આપણા દેશની વિશાળતા, તેની વસતીનું ખૂબ જ મોટું પ્રમાણ, સહેલાઈથી પહોંચી કે સંપર્ક કરી ન શકાય એવા કેટલાક અગમ્ય વિસ્તારો, દેશમાં મુખ્ય રાજકીય પરિવર્તનો ઉપરાંત બે વિશ્વયુદ્ધો આદિ અડચણો વચ્ચે પણ ભારતમાં એક પણ ચૂક વિના દર દસ વર્ષે વસતી ગણતરીનો સિલસિલો નિયમિત જળવાઈ રહ્યો છે!

વસતી ગણતરી શા માટે?

વસતી ગણતરીનો અર્થ અને ઉદ્દેશય માત્ર માથાં કે વ્યક્તિઓ ગણવા પૂરતો મર્યાદિત નથી. વસતી ગણતરીથી દેશની જનસંખ્યા તો ખબર પડે જ, ઉપરાંત બીજી અનેક અગત્યની માહિતી સેન્સસ રેકૉર્ડ પરથી મળે છે. અર્થપૂર્ણ કોઠાઓના રૂપમાં પ્રસ્તુત કરાએલી આવી માહિતી સરકારી, અર્ધ સરકારી, જાહેર તથા ખાનગી ક્ષેત્રોને તેમની યોજનાઓના આયોજનમાં ઘણી જ આવશ્યક અને પાયારૂપ છે. કોઈપણ શહેરના આયોજન માટે કે સમગ્ર રાષ્ટ્રના સંકલિત વિકાસ માટે પંચવર્ષીય યોજના ઘડાતી હોય ત્યારે સેન્સસનાં આધારભૂત આંકડા અને માહિતી બહુ ઉપયોગી અને અનિવાર્ય થઈ પડે છે. વળી લોકસભા, રાજ્યસભા અને વિધાનસભાઓની સભ્યસંખ્યા પણ વસતીના પ્રમાણ મુજબ નિર્ધારિત થતી હોય છે અને આ માટે વસતી ગણતરીના આંકડા જ અધિકૃત ગણાય છે.

ભારતમાં ૧૮૭૧થી હંમેશાં પ્રત્યેક દાયકાના પ્રથમ વર્ષમાં વસતી ગણતરી દ્વારા રાષ્ટ્રિય લેખાં-જોખાં લેવાતાં રહ્યાં છે અને ભારતીય વસતી ગણતરીની એક એવી સમૃધ્ધ પરંપરાનું નિર્માણ થયું છે કે જનગણનાને આ દેશસંબંધી માહિતીના એકમાત્ર ભરપૂર અને વિશ્વસ્ત સ્રોત તરીકે માનવામાં આવે છે. એ જનતા અને આયોજકો વચ્ચેની જીવંત કડી છે. અગાઉની વસતી ગણતરીના આધારે ઘડાએલી અને અમલમાં મુકાએલી અનેકવિધ યોજનાઓનો લાભ કોને કેટલો મળ્યો અને તેની વસતી પર શી અસ થઈ તે જાણવા માટે વસતી ગણતરીનું મહત્ત્વ વધતું જાય છે. વસતી ગણતરીનો અહેવાલ દેશ માટે એક પાયાનો દસ્તાવેજ બની રહે છે અને તે સમગ્ર રાષ્ટ્રના વિકાસનો એક્સ-રે કાઢવામાં સહાયભૂત થાય છે.

કેવી માહિતીનો સમાવેશ?

ભગીરથ આયોજન અને ચોકસાઈ માંગી લેતી જનગણનાની કામગીરી એક જ સમયે હાથ ધરવી મુશ્કેલ હોવાથી તેને સરળ બનાવવા બે તબક્કામાં વહેંચવામાં આવે છે. પ્રથમ તબક્કાની ગયા વર્ષે હાથ ધરાએલી કામગીરીમાં ઘર અને ઉદ્યોગ-ધંધાની યાદીઓ તૈયાર કરવા ઉપરાંત પ્રત્યેક ઘરને નંબર અપાયો છે. આનો મૂળ હેતુ કોઈ પણ ઘર વસતી ગણતરી માટે રહી ન જાય કે કામગીરી બેવડાય નહિ તે જોવાનો છે.

હવે ચાલુ વર્ષે ૯મીથી ૨૮મી ફેબ્રુઆરી દરમ્યાન માનવવસતીની ગણતરીના દ્વિતીય તબક્કાનું ખરું કાર્ય હાથ ધરાયું છે, જેમાં પ્રત્યેક ઘરનો પ્રત્યક્ષ સંપર્ક સાધી વ્યક્તિ અંગેની વિગતવાર જાણકારી એકત્રિત કરાશે. તેમાં એક 'ઈન્ડિવિડ્યુઅલ સ્લિપ' નામની પ્રશ્નાવલિ છે, જેમાં કુલ ૨૩ પ્રશ્નો અને ૪ ઉપપ્રશ્નો છે. આ પ્રશ્નોત્તરીમાં પ્રત્યેક વ્યક્તિનો કુટુંબના મુખ્ય માણસ સાથેનો સંબંધ, ઉંમર, લિંગ, વૈવાહિક દરજ્જો, માતૃભાષા, અન્ય ભાષાની જાણકારી, ધર્મ, સાક્ષરતા, મેળવેલ શિક્ષણની વિગત, જન્મસ્થાન, બાળકોની સંખ્યા, વ્યક્તિ કામ કરનાર છે કે કામ ન કરનાર, કામ કરતા હોય તો તેનો પ્રકાર...વગેરે જેવા અનેક વ્યક્તિગત, સામાજિક, આર્થિક જીવન-સંબંધિત પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ વખતે મહિલાઓને લગતી માહિતી અંગે ખાસ કાળજી રખાઈ છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને લગતા પ્રશ્નોનો તો સમાવેશ છે જ, ઉપરાંત માંડલપંચની સૂચના પ્રમાણેની પછાત જાતિઓનો પણ તેમાં સમાવેશ થયો છે. આ વખતની પ્રશ્નાવલિમાં પ્રથમ વખત જ ભૂતપૂર્વ સૈનિકોની જાણકારીને લગતા પ્રશ્ન પણ છે.

જનગણના : આંકડાની આંખે

ભારતમાં વસતી ગણતરીનું કાર્ય ખૂબ જ મોટી કામગીરી છે. આ વખતની જનગણનામાં દેશભરમાં ૧૬ લાખ (અને ગુજરાતમાં ૧ લાખ) ગણતરીકારોને રોકવામાં આવ્યા છે. આ બધા ગણતરી-કર્મચારીઓ ૨૦ દિવસના સમયગાળામાં ભારતનાં ૩,૯૫૦ શહેરો અને ૫.૫૭ લાખ ગામડાંઓમાં ઘૂમી વળીને માહિતી એકત્રિત કરશે. આવો દરેક ગણતરીકાર શહેરી વિસ્તારમાં ૨૦૦ અને ગ્રામ વિસ્તારમાં ૨૫૦ કુટુંબોની મુલાકાત લઈને લગભગ ૬૦૦ થી ૭૦૦ વ્યક્તિઓની વિગતો મેળવશે. બધાં રાજ્યોમાં કુલે મળીને ૧૬૦ સ્થાનિક કાર્યાલયો ખોલવામાં આવ્યાં છે, જેમાં દરેકમાં લગભગ ૪૩,૦૦૦ કર્મચારી પોતાની માહિતી આપશે. પાંચ કાર્યકર્તા પર એક સુપરવાઈઝર હશે. દેશના તમામ વિસ્તારોમાંથી મેળવાએલી માહિતીના પૃથક્કરણ માટે આવા ત્રણ લાખ સુપરવાઈઝરો નિમાયાં છે. વસતી ગણતરીના કામે રોકાએલાં કર્મચારીઓને માનદ્ વેતન તરીકે ૩૨.૫ કરોડ રૂપિયા ચુકવાશે!

વસતી ગણતરીના આ ભગીરથ કાર્ય પાછળ અંદાજે ૨૨.૫ કરોડ રૂપિયાનો વહીવટી ખર્ચ પણ થશે એ સહિત કુલ ૫૫ કરોડ

રૂપિયાનો આંક ઓળંગશે એવી શક્યતા છે ! લોકોને માહિતી આપવા લગભગ ચાર લાખ ભીંતપત્રો સ્થાનિક ભાષાઓમાં છપાવવામાં આવ્યાં છે. લોકોને ભરવાની પ્રશ્નાવલિ, પોસ્ટર્સ, અન્ય જરૂરી સાહિત્ય વગેરેનાં છાપકામ માટે લગભગ દસ હજાર મેટ્રિક ટન કાગળ વપરાઈ જશે!

રાષ્ટ્રિય કાર્યમાં સહયોગ

૧૯૪૮ના જનગણના ધારા મુજબ વસતી ગણતરી સંબંધી જરૂરી માહિતી કર્મચારીને આપવી અનિવાર્ય છે. જનગણનાના રાષ્ટ્રિય કાર્યમાં સહયોગ ન આપવો એ ગુનો બને છે, અને આવી વ્યક્તિ સજાપાત્ર ઠરે છે. વસતી ગણતરીના કામ સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ ગુપ્તતાના સોગંદથી બંધાયેલા છે. વસતી ગણતરી માટે અપાતી તમામ માહિતીઓ સંપૂર્ણપણે ગુપ્ત અને કોર્ટકચેરીની કાર્યવાહીમાંથી મુક્ત રાખવામાં આવશે. એટલે દરેક વ્યક્તિએ ધરપત રાખીને ઘરના દ્વારે આવનાર ગણતરી-કર્મચારીને સસ્મિત આવકાર આપીને વસતી ગણતરીને લગતી પૂરેપૂરી તમામ માહિતી આપવામાં એક જાગરૂક નાગરિક તરીકે સહકાર આપવો જોઈએ.

આમ, ભારતમાં કુલ કેટલાં લોકો જીવે છે તેનો પ્રાથમિક અંદાજ વસતી ગણતરીનાં કામચલાઉ આંકડા દ્વારા ૨૦મી માર્ચ, ૧૯૯૧ના દિવસે મળશે. તેની પૃથક્કરણ કરાયેલી વિસ્તૃત માહિતી એક હજાર ભાગોમાં વિભાજિત થયેલી હશે. દેશમાં અમલી બનાવાએલા વિવિધ વિકાસ કાર્યક્રમો અને પંચવર્ષીય યોજનાઓનાં પરિણામોનો નિષ્કર્ષ ૧૯૯૧ની વસતી ગણતરીના આંકડા પરથી નીકળશે. વીસમી સદીની આ છેલ્લી જનગણના ભારતનું કેવું ચિત્ર ઉપસાવે છે તેનાં રસપ્રદ પરિણામોનો આપણે ઈંતજાર કરીએ!

ગુજરાત અને ભારતની વસતી

૧૯૦૧ થી ૧૯૯૧

૯૦,૯૪,૭૪૮	૧૯૦૧	૨૩.૦૩ કરોડ
૯૮,૦૩,૫૮૭	૧૯૧૧	૨૫.૨૦
૧,૦૧,૭૪,૯૮૯	૧૯૨૧	૨૫.૧૨
૧,૧૪,૮૯,૮૨૮	૧૯૩૧	૨૭.૮૯
૧,૩૭,૦૧,૫૫૧	૧૯૪૧	૩૧.૦૫
૧,૬૨,૬૨,૬૫૭	૧૯૫૧	૩૬.૧૦
૨,૦૬,૩૩,૩૫૦	૧૯૬૧	૪૩.૯૦
૨,૬૬,૯૭,૪૭૫	૧૯૭૧	૫૪.૮૨
૩,૪૦,૮૫,૭૯૯	૧૯૮૧	૬૮.૫૨
૪,૧૫,૦૦,૦૦૦	૧૯૯૧	૮૪.૮૨ (અંદાજિત)

અનુસંધાન) માધુકરી (પૃ. ૭૯ ઉપરથી

આ કરવા માટે મિત્રને પણ લલચાવવામાં આવે. મિત્રતા ટકાવી રાખવા પરસ્પર એકબીજાની ઈચ્છાને તો માન આપવું જ પડે! આનાકાની કરનાર દોસ્ત કદાચ દિવસની એક બીડી કે સિગારેટ શરૂ કરે છે. સમય જતાં દોસ્તની હરોળમાં આવીને ઊભો રહે છે. એક દિવસ નકારાત્મક વલણ બતાવતી વ્યક્તિ આજે ગજવામાંથી સિગારેટનું ખોખું કાઢીને મિત્ર સમક્ષ ધરે છે. બંને વાતો કરતા જાય, નાક અને મોંમાંથી ધુમાડા કાઢવાનો આનંદ માણતા જાય. આ પળો બંનેના માટે આહ્‌લાદક બની જાય!

લઘુકથા

ભાઈ-બહેન

— દુર્ગેશ ઓઝા —

નિશાનું રુદન સાંભળતા જ તેના પિતાજી સુરેશચંદ્રે પૂછ્યું, 'શું થયું તને? કોણે તને હેરાન કરી?'

'પિતાજી, દિનેશે મારા હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી. મેં પાછી લેવા ચોપડી ખેંચી તો એણે મને... એણે મને માર્યું... તમે એને તો કાંઈ કહેતા નથી. કાલેય મને ખીજવતો'તો.'

અને સુરેશચંદ્ર ઊંચા અવાજે બોલ્યા, 'ક્યાં ગયો દિનેશ? આજે તો તારી ખબર લેવી પડશે. નાની બહેનને હેરાન કરતા શરમ નથી આવતી? મોટોભાઈ થઈને સમજતો નથી? શું કામ તેં એને માર્યું?'

'પણ મારેય આ ચોપડી વાંચવી છે.' દિનેશે કહ્યું.'પણ હમણાં તો તું બીજું કંઈક વાંચતો'તો. બહાનાં કાઢીને હાથ ઉગામતાં ક્યાંથી શીખી ગયો? આજે તને જમવાનું નહિ મળે અને જો હવે આવાં તોફાન કરીશ તો માર્યા વિના નહિ મૂકું.' સુરેશચંદ્રે પુત્રને ધમકાવ્યો.

નિશાએ અંગૂઠો બતાવીને કહ્યું: 'લે, લેતો જા, લેતો જા લાડવો,' ને પછી તાળી પાડીને હસવા લાગી.

અને જમવાનો સમય થયો. સુરેશચંદ્રે નિશાને બોલાવી, પણ એ ક્યાંય દેખાઈ નહિ. તેને શોધવા એ ઉપરના ઓરડે ગયા. ત્યાં અચાનક કંઈક ધીમો ધીમો અવાજ સંભળાયો. ડોકિયું કરતા જોયું તો નિશાની ભરેલી થાળી ત્યાં પડેલી હતી. તે તો જમતી જ હતી પણ દિનેશને પણ જમાડતી હતી. બંનેના ચહેરા પર લાગણી અને પ્રેમના ભાવ ચિતરાયેલા હતા ને નિશા કહેતી હતી, 'જલ્દી જલ્દી જમી લે, નહિતર પિતાજીને ખબર પડી જશે.'

અને સુરેશચંદ્ર આંખનો ખૂણો લૂછતા હર્ષભેર જમવા બેઠા!!

ટેવ પાડવાનો પ્રયત્ન કર્યો. આગળ જતાં ટેવ વ્યસન બની. વ્યસન વિનાશ નોતરશે એવું કહેવામાં આવે પણ 'પડી ટેવ ટાળી નવ ટળે.' વ્યસનને તોડવા માટેની મક્કમતા ક્યાંથી લાવવી? પશ્ચિમનાં રાષ્ટ્રો અને એશિયાનાં પણ બધાં જ રાષ્ટ્રો જાણે છે કે સ્વાસ્થ્યને માટે આ વ્યસન સારું નથી. સિગારેટને કારણે ફેફસાનું કેન્સર થશે, હૃદય અને લોહીની શિરાઓ ઉપર અસર આવશે, આવું જાણવા છતાં, તેનો ત્યાગ કરવાનું કામ વ્યક્તિને માટે કઠિન બની જાય છે.

ઉત્પાદકો અને સરકાર આર્થિક લાભને કારણે સિગારેટ બનાવવાનું ચાલુ રાખે છે. સિગારેટની મોજ માણનારા રોગનું નિદાન થાય ત્યાં સુધી ચાલુ રાખે છે. વ્યસન બંધ કરવાનું વિચારે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે.

માણસના જીવનમાં તો કેટલાં બધાં વ્યસનોએ સ્થાન લઈ લીધું છે! તેની આપણે નામાવલિ બનાવી શકીએ કે જે બધાં જ વ્યસનો આગળ જતાં જુદાં જુદાં પ્રકારનાં કેન્સરને નોતરું આપે છે.

-ડૉ. ઉષા જોષી

(કેન્સર : કષ્ટસાધ્ય કે અસાધ્ય?' માંથી)

ધારાવાહીક લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

પૃથ્વીગમનનો પ્રબંધ

સ્વર્ગલોકમાં ભદ્રંભદ્ર સુપ્રસિદ્ધ હતા. બ્રહ્માજી, શંકર ભગવાન, વિષ્ણુ ભગવાન આદિ દેવાધિદેવો ભદ્રંભદ્ર ઇચ્છે ત્યારે દર્શન આપતા. ઈન્દ્ર, અગ્નિ, વરુણ, વાયુ આદિ દેવો સાથે તો ભદ્રંભદ્રનો ઘનિષ્ઠ પરિચય હતો. એટલે અમારા માટે પૃથ્વીયાત્રાનો પ્રબંધ સરળતાથી થઈ જશે એવી મને શ્રદ્ધા હતી.

પૃથ્વી પરથી સ્વર્ગલોકમાં અમે પ્રથમવાર આવ્યા હતા તે દિવસે બનેલી ઘટનાઓનું મને હજુયે એવું ને એવું સ્મરણ છે. સ્વર્ગમાં આવેલા નવા જીવોને પ્રથમ એક વાર વિનાઅનુમતિએ ઈન્દ્રમહારાજના દરબારમાં પ્રવેશ મળતો હોય છે, પણ પછી ઈન્દ્રમહારાજને મળવું હોય તો અનુમતિની આવશ્યકતા રહે છે. આ નિયમાનુસાર, અમારા સ્વર્ગાગમનના પ્રથમ દિવસે અમને ઈન્દ્રમહારાજના દરબારમાં લાવવામાં આવ્યા હતા. નવા જીવોનો પરિચયવિધિ થયો ત્યારે ભદ્રંભદ્રનો પરિચય પામી ધન્યતા જેમણે અનુભવી છે તેવા ઈન્દ્રમહારાજે કહેલું, "ભદ્રંભદ્ર, આપની યશપતાકાથી હું અત્યંત પ્રભાવિત છું. પૃથ્વીલોકમાં આપે જે સંનિષ્ઠાથી સુધારાવાળાઓ સામે યુદ્ધ કર્યું, તનમનધનની ક્ષતિ વેઠી તેથી હું તેમજ સ્વર્ગના અન્ય દેવો આપના પર અતીવ પ્રસન્ન છીએ. યદ્યપિ આપનો માર્ગ અનુચિત હતો તથાપિ આપની સંનિષ્ઠા અદ્વિતીય હતી. આપ ઇચ્છશો ત્યારે અમારી રાજ્યસભામાં કે નૃપાવાસમાં ઉપસ્થિત થઈ શકશો."

ઈન્દ્રમહારાજની પ્રશંસા સાંભળી ભદ્રંભદ્ર પ્રારંભમાં પ્રસન્ન થયા, પણ પોતાના માર્ગને ઈન્દ્રમહારાજે અનુચિત કહ્યો તેથી, તુરંત અપ્રસન્ન થઈ, એ જ વખતે ઈન્દ્રમહારાજ સાથે શાસ્ત્રાર્થ કરી, એમને પરાસ્ત કરવા ભદ્રંભદ્ર ઉદ્યુક્ત થયા હતા. પણ મેં એમને વાર્યા હતા. મહારાજ ઈન્દ્ર દેવલોકના રાજા છે એમની સાથે વિવાદ કરવો યોગ્ય નથી એમ મેં કહ્યું, પણ તેથી શાસ્ત્રાર્થ માટે ભદ્રંભદ્રનો ઉત્સાહ મંદ પડ્યો નહોતો. પરંતુ તે પછી મેં દેવરાજ ઈન્દ્ર પાસેના શસ્ત્ર વજ્રની સ્મૃતિ કરાવી ને વજ્રપ્રહારથી ઈન્દ્ર મહારાજે માનવરાજ યયાતિને સ્વર્ગમાંથી પદભ્રષ્ટ કર્યા હતા તે કથાનું સ્મરણ કરાવ્યું ત્યારે ભદ્રંભદ્ર કિંચિત્ શાંત પડ્યા હતા. આમ છતાં, એમણે મને કહ્યું હતું, "મારા વાક્પ્રહાર આગળ ઈન્દ્રનો વજ્રપ્રહાર કશી તુલનામાં ન ગણાય. એટલે વજ્રપ્રહારના ભયથી નહીં, પણ ઈન્દ્રમહારાજ પરત્વેના શિષ્ટાચારથી હું મારા ક્રોધનું શમન કરું છું ને ઈન્દ્રમહારાજને ક્ષમા આપું છું."

ભદ્રંભદ્રના પરમ ઔદાર્યથી પ્રભાવિત થઈ, મેં એમને પ્રણામ કર્યા, ત્યાં ફરી ભદ્રંભદ્રની સ્વસ્થતા પર આપત્તિ આવી હતી. મેનકા, રંભા, ઉર્વશી આદિ અપ્સરાઓએ આવીને નૃત્યનો આરંભ કર્યો કે ભદ્રંભદ્ર પુનઃ અસ્વસ્થ થઈ ગયા. 'શાન્તમ્ પાપમ્, શાન્તમ્ પાપમ્' કહી પોતાના ક્રોધને સમાવવાનો નિષ્ફળ યત્ન કરતા મને કહેવા લાગ્યા, "અંબારામ, પશ્ચિમના લોકો જેવો વિલાસ કરનાર આ ઈન્દ્રને એના સિંહાસન સહિત ઊંચકી હું સમુદ્રમાં ફેંકી દઈશ." મેં કહ્યું, "મહારાજ, દેવોને વિલાસની વિપરીત અસર ન થાય એવું શાસ્ત્રવચન છે." શાસ્ત્રની વાત સાંભળી ભદ્રંભદ્રે ધૈર્ય ધારણ કર્યું હતું. અને પૂછ્યું હતું, "કયા શાસ્ત્રમાં આ નિર્દેશ છે?" મેં કહ્યું, "શ્રુતિપરંપરાથી આ શાસ્ત્રાધાર મેં જાણ્યો છે એટલે શાસ્ત્રનું નામ જાણવાની મારે કોઈ આવશ્યકતા નથી.

"શ્રુતિપરંપરા પણ પ્રમાણ છે એટલે શાસ્ત્રનું નામ ન જાણવું એમાં દોષ નથી. હું શાસ્ત્રાધારે ઈન્દ્રને ફરી ક્ષમા કરું છું. પણ આ નાટારંભ ચાલે ત્યાં સુધી હું આંખો મીંચીને બેસીશ અને સમાધિદશાને પ્રાપ્ત કરીશ. (ભદ્રંભદ્ર નિદ્રાવસ્થાને સમાધિદશાના ઉચ્ચનામાભિધાનથી ઓળખતા) અને મારો પરમ શિષ્ય હોવાને નાતે તું પણ આંખો મીંચીને બેસજે." ભદ્રંભદ્રની આ આજ્ઞા સાંભળી હું ખિન્ન દશાને પામ્યો હતો. મારે આ અપૂર્વ નાટારંભનું દર્શનસુખ લેવું હતું, પણ 'આજ્ઞા ગુરૂણામ્ હ્યવિચારણીય' એ ન્યાયે હું પણ યત્નપૂર્વક આંખો મીંચીને બેસી રહ્યો હતો. તે પછી અમે ક્યારેય ઈન્દ્રના દરબારમાં ગયા નહોતા. વર્ષો પછી આજે ઈન્દ્રમહારાજને મળવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો.

સ્વર્ગલોકમાં આંતરિક વિહાર માટે અમને એક રથ અને સારથિ આપવામાં આવ્યા હતા. આ રથમાં બેસી હું ઈન્દ્રભવન આવી પહોંચ્યો. ઈન્દ્રમહારાજ સામાન્ય રીતે, રાજ્યસભાગૃહ સિવાય કોઈને મળતા નહીં, પણ ભદ્રંભદ્રનો સંદેશ છે એ જાણી પ્રવેશ માટે તુરત અનુમતિ આપી. અંદર જઈ મેં ઈન્દ્રમહારાજને પ્રણામ કર્યા. "બોલો, શ્રીમાન ભદ્રંભદ્રના શા સમાચાર છે? તેઓશ્રી પછી તો ક્યારેય અત્રે કે રાજ્યસભામાં પધાર્યા જ નહીં!" ઈન્દ્રમહારાજે કહ્યું.

"મહારાજ, ભદ્રંભદ્રે આપને પ્રણામ કહેવરાવ્યા છે અને થોડા દિવસ માટે પૃથ્વીલોકમાં જવાની અનુમતિ માગી છે; અને એ માટેનો પ્રબંધ કરી આપવાની અનુજ્ઞા કરવાની વિનંતી કરી છે."

"અમને દેવોને પણ વારંવાર પૃથ્વીલોકમાં જવાની ઇચ્છા થાય છે એટલે ભદ્રંભદ્રની આ લાગણી હું સમજી શકું છું. પરંતુ આ માટેની સર્વસત્તા શ્રીપ્રભુએ ધર્મરાજાને આપી છે અને ધર્મરાજા વતી એમના રહસ્યસચિવ શ્રીમાન ચિત્રગુપ્ત આ સઘળી વ્યવસ્થા સંભાળે છે. હા, એમની અનુમતિ મળે તો હું ખાસ વિમાનનો પ્રબંધ અવશ્ય કરી આપી શકું."

"મહારાજ, પૃથ્વીવાસીઓ વિમાનમાં બેસી પરદેશગમનનું પાપ આચરતા હોઈ, વિમાનનો ઉપયોગ ભદ્રંભદ્ર માટે નિષિદ્ધ છે, તેનાથી આપ સુવિદિત છો."

ભદ્રંભદ્રના વિમાનનિષેધનું સ્મરણ થતાં ઈન્દ્ર મહારાજે કહ્યું, "ભદ્રંભદ્રની સંનિષ્ઠા અદ્વિતીય છે. એમના માટે વિશેષ પ્રબંધનો બાધ નથી. સાત અશ્વોવાળા મારા રથનો હું એમને માટે પ્રબંધ કરી આપીશ. તમે ચિત્રગુપ્તની અનુમતિ લઈ આવો."

ચિત્રગુપ્તની અનુમતિ માટે પ્રયાણ કરવા હું તત્પર થયો કે ઈન્દ્રમહારાજે કહ્યું, "મારા એક કુતૂહલનું શમન કરશો?"

"અવશ્ય મહારાજ!" મેં નમ્રતાથી કહ્યું.

"ભદ્રંભદ્ર માત્ર વિહારઅર્થે પૃથ્વીગમન કરી રહ્યા છે કે કોઈ વિશિષ્ટ પ્રયોજન છે?" ભદ્રંભદ્રની ગતિવિધિ જાણવા સ્વયં ઈન્દ્ર પણ અસમર્થ છે એ જાણી ભદ્રંભદ્ર પ્રત્યેના મારા આદરમાં વૃદ્ધિ થઈ. ભદ્રંભદ્રને મનોમન પ્રણામ કરી, મેં કહ્યું, "મહારાજ, અમારા પુરાણપ્રાચીન ભારતદેશના ગુર્જરપ્રદેશમાં પર્યાવરણનો વિનાશ થઈ રહ્યો છે. નર્મદાનદી પર બંધ બંધાઈ રહ્યો છે. અસંખ્ય વૃક્ષો ઉન્મૂલિત થવાનાં છે. અસંખ્ય પ્રજાજનો વિસ્થાપિત થવાના છે. સ્વયં નર્મદાનદીએ સ્વપ્નમાં આવીને પોતાની રક્ષા કરવા ભદ્રંભદ્રને પ્રાર્થના કરી છે. ગુર્જરવાસીઓના આ ઘોર અપરાધ સામે ભદ્રંભદ્ર યુદ્ધનો શંખનાદ કરવાના છે."

ઈન્દ્રમહારાજે કહ્યું, "સ્વર્ગલોક પૃથ્વીલોકનાં કાર્યોમાં વિક્ષેપ કરતો નથી, કિંતુ ભદ્રંભદ્રના ઉત્સાહને મંદ પાડવાની ક્ષમતા દેવોમાં પણ નથી. એટલે અમે એમના કાર્યમાં વિઘ્ન નહીં કરીએ."

ઈન્દ્રમહારાજના પરમ અનુગ્રહથી પ્રસન્ન થઈ હું ચિત્રગુપ્તના કાર્યાલયમાં ગયો. ભદ્રંભદ્રની કીર્તિ સ્વર્ગલોકમાં સર્વત્ર વ્યાપી રહી હતી. ચિત્રગુપ્તે પણ મારું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું ને મારા આગમનનું પ્રયોજન પૂછ્યું. મેં પ્રયોજન વર્ણવ્યું.

ચિત્રગુપ્તે કહ્યું, "ભદ્રંભદ્રને અનુમતિ આપવામાં કશી બાધા નથી. પરંતુ માત્ર છ માસ માટે અનુમતિ મળી શકશે. એ માટે ભદ્રંભદ્રે સ્વયં કષ્ટ ઉઠાવી અત્રે ઉપસ્થિત થવું આવશ્યક છે. સ્વર્ગમાં આવવાપાત્ર પુણ્યશાળી જીવો પણ કોઈ કોઈ વાર મતિભ્રષ્ટ થઈ પોતાને બદલે કોઈ અન્ય વ્યક્તિને સ્વર્ગમાં પ્રવેશ અપાવી દે છે. એટલે આ નિયમની રચના આવશ્યક બની છે. જોકે ભદ્રંભદ્રને તો સમસ્ત સ્વર્ગલોક ઓળખે છે તેથી એમને બદલે અન્યનો પ્રવેશ શક્ય નથી. પરંતુ નિયમપાલન સાર્વજનિક હોઈ એમનું અહીં ઉપસ્થિત થવું આવશ્યક છે. હું પણ એમનાં દર્શન માટે વ્યાકુળ છું."

ચિત્રગુપ્તના કાર્યાલયેથી હું ભદ્રંભદ્ર પાસે પાછો ફર્યો. ભદ્રંભદ્ર ક્ષુધાર્ત સિંહની જેમ વ્યાકુળતાથી આમથી તેમ આવાગમન કરતા હતા. મેં એમની વ્યાકુળતાનું રહસ્ય જાણવાની ઇચ્છા પ્રકટ કરી. "અંબારામ! ધર્મયુદ્ધ માટેની અતિ ઉત્સુકતાને કારણે હું આસને સ્થિર બેસવા અશક્તિમાન છું. વત્સ! પૃથ્વીલોકગમનાર્થપ્રબંધપ્રયોજનનું શું પરિણામ આવ્યું તેનાથી મને વિજ્ઞપ્ત કરવાના તારા કર્તવ્યનું પાલન કર."

"વિમાનનો આપને નિષેધ હોવાથી ઈન્દ્રમહારાજે સાત અશ્વોવાળા પોતાના વિશેષ રથનો પ્રબંધ કરી આપવાની અનુજ્ઞા કરી છે."

"ઈન્દ્રમહારાજનો જય હો! એમનું રાજ્ય યાવદચંદ્ર દિવાકરૌ તપતું રહે એવા મારા એમને આશીર્વાદ છે. વત્સ!આપણે શીઘ્રાતિશીઘ્ર પ્રયાણ કરીએ."

"પરંતુ મહારાજ, પૃથ્વીલોકમાં જવા માટે ચિત્રગુપ્તની અનુમતિ આવશ્યક હતી."

"તો વત્સ! ચિત્રગુપ્તના કાર્યાલય પ્રતિ પ્રયાણ કરવાને બદલે તારું અત્રે પુનરાગમન તને મારા શિષ્ય તરીકે અપાત્ર ઠેરવે છે."

"ના મહારાજ!હું આપનો શિષ્ય હોવાની પૂર્ણ પાત્રતા ધરાવું છું. હું ચિત્રગુપ્તની અનુમતિ લઈ આવ્યો છું."

"ધન્ય હો!તો હવે આપણે શીઘ્ર પ્રયાણ કરીએ. અત્યારે મારો ઉત્સાહ અપૂર્વ છે. તું જાણે છે, મારો ઉત્સાહ કેવો છે?"

"જાણું છું, મહારાજ! પૃથ્વી પર સુધારાવાળાઓ સામે યુદ્ધ કરવા આપે પ્રયાણ આદર્યું હતું ત્યારે આપનો ઉત્સાહ રાવણનો પરાજય કરવા નીકળેલા શ્રીરામના જેવો, કંસવધનું કાર્ય આરંભતા શ્રીકૃષ્ણના જેવો અને કીચકને મર્દન કરવાની યુક્તિ રચના ભીમસેન જેવો હતો એમ આપે જણાવ્યું હતું."

"તારી સ્મૃતિ અદ્ભુત છે, અંબારામ!નર્મદાવાળાઓ સામે યુદ્ધ-આરંભની વેળાએ પણ મારો ઉત્સાહ એવો જ છે."

"મહારાજ!પૃથ્વીગમન પહેલાં ચિત્રગુપ્તના કાર્યાલયમાં જઈ આપે ને મારે હસ્તાક્ષર કરવાનું આવશ્યક છે."

"આવા અનુચિત નિયમ સામે ધર્મયુદ્ધ કરવાનો ધર્મ પ્રાપ્ત થતો હોય તો હું પહેલાં ચિત્રગુપ્તના ચોપડાઓનો ધ્વંસ કરીશ."

"ના, મહારાજ! ધર્મયુદ્ધ કરવા માટે આપને પૃથ્વીલોક જ સવિશેષ અનુકૂળ છે. મહારાજ!ચિત્રગુપ્ત આપનાં દર્શન કરવા વ્યાકુળ છે અને એટલે જ કદાચ આ નિયમની રચના કરી હોવાનો સંભવ છે."

"એમ હોય તો હું ચિત્રગુપ્તને દર્શન આપી એમને કૃતાર્થ કરીશ."

"મહારાજ! પૃથ્વી પર છ માસની અવધિ માટેની અનુમતિ મળી શકશે."

"છ માસ તો ઘણી લાંબી અવધિ છે, વત્સ!પૃથ્વી પર મારા આગમનમાત્રથી શત્રુદળમાં નાસભાગ થઈ જશે. નર્મદા પર બંધ બાંધવાનું કાર્ય થંભી જશે. ગુર્જરદેશનો અધિપતિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી મારી ક્ષમા માગશે. એમને ક્ષમા કરી, શત્રુદળને પરાસ્ત કરી, શેષ સમયમાં આપણે તીર્થયાત્રા કરીશું. અંબારામ! હવે આપણે ચિત્રગુપ્તના કાર્યાલય પ્રતિ પ્રયાણ કરીએ."

'જેવી આજ્ઞા, મહારાજ!' મેં કહ્યું અને અમે ચિત્રગુપ્તના કાર્યાલય પ્રતિ પ્રયાણ આદર્યું.

(ક્રમશઃ)

કલાવાર્તા

શ્રી અમૃત પંચાલ યંત્રઉદ્યોગ સાથે સંકળાએલા જીવ છે. અભ્યાસ માત્ર મેટ્રિક સુધીનો. મશિન ડ્રૉઇંગ, ગ્રાફિક ચિત્રકલા, કાગળ-કોતરણી અને મોતીનાં તોરણોના પણ તેઓ કસબી કલાકાર છે. પણ ચિત્રકલા એમનો પ્રથમ પ્રેમ છે.

ઈ.સ. ૧૯૫૪માં ભારતીય ટપાલ ટિકિટ શતાબ્દીની ઉજવણીના અવસરે બાળકોએ ટિકિટની ડિઝાઈન તૈયાર કરવાની ભારત સરકારે યોજેલી સ્પર્ધામાં તેમણે ભાગ લીધો હતો અને તેમાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. ૧૯૫૬માં જ્યારે તેઓ ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે 'ઇન્ટરમિડિએટ ડ્રૉઇંગ અને પેઈન્ટિંગ'ની પરીક્ષા આપેલી અને ઉત્તીર્ણ થએલા. તેઓ બહુ ઓછાબોલા અને જાતજાહેરાતથી અલિપ્ત રહેનારા કલાકાર છે.



અમૃત પંચાલ

શ્રી અમૃત પંચાલ વર્ષોથી અમદાવાદમાં સ્થિર થએલા છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસે આવેલા નાનકડા સૌકા ગામના તેઓ વતની છે. પિતાનું નામ ઓધવજીભાઈ અને માતાનું નામ રતનબહેન. ઈ.૧૯૬૦માં કોકિલાબહેન સાથે તેમનું લગ્ન. મીના, હિતેન અને મનીષ એ ત્રણ સંતાનો. ખૂબ જ નાની વયથી લેથના કારખાનામાં કામગીરી, પણ જીવ કલાકારનો. ૧૪ થી ૨૨ની વય વચ્ચે એમણે અનેક સુંદર ચિત્રો દોરેલાં. તેમનાં ચિત્રોની વિશેષતા કલ્પાશીલતા અને વાસ્તવના સુમેળમાં છે. રંગ અને રેખાનું તેઓ પ્રશસ્ય પરિણામ લાવી શકે છે. સ્વ. રસિકલાલ પરીખને તેઓ પોતાના કલાગુરુ માને છે. ખાસ કરીને લૅન્ડસ્કેચ અને વાસ્તવદર્શી ચિત્રો તેમણે વધુ પ્રમાણમાં દોર્યા છે. તેમણે પરંપરા અને પ્રયોગ બન્ને શૈલીએ ચિત્રો બનાવ્યાં છે. તેમની ભાવિ યોજના જયશંકર પ્રસાદની 'કામાયની'ના ચિંતનને અને સુન્દરમ્, ઉમાશંકર તથા રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં ધબકતાં સ્પંદનોને રંગરેખામાં ઉતારવાની છે. તાજેતરમાં એમનાં ચિત્રોનું પ્રદર્શન ભરાયું હતું તેમાંની કેટલીક કૃતિઓ અહીં રજૂ કરી છે.

- રજનીકાન્ત જોશી



પહોળી આંખો અને ઘેરા રંગમાં વચ્ચે વચ્ચે આછી ગ્રંથ પૂરીને ચહેરા પર અંતરની વિવશતાનો ભાવ અભિવ્યક્ત કરતું ચિત્ર



વિવિધ ચહેરાઓના સંમિશ્રણથી માનવના ચિત્તમાં ચાલી રહેલાં વિવિધ વિચાર-સ્પંદનોને રજૂ કરતું ચિત્ર

સાહિત્ય સંપર્ક

બે સારસ્વતોની વિદાય



'સુન્દરમ્'

ત્રીશીના ગાળામાં જેમની કવિતાએ ઉન્નત શિખર સર કર્યું હતું તે કવિ સુન્દરમનું ૧૩મી જાન્યુઆરી ૧૯૯૧ના રોજ પૉંડિચેરી ખાતે હૃદયરોગના હુમલાથી ૮૨ વર્ષની વયે વહેલી સવારે અવસાન થતાં ગુજરાતી સાહિત્યે એક મહિમાવંતા અને માનવંતા સર્જકને ગુમાવ્યા છે અને ગાંધીયુગીન સર્જકપેઢીનું એક પ્રકરણ પૂરું થયું છે. એમનું મૂળ નામ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર. ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મિયાંમાતર ગામમાં ૧૯૦૮ના માર્ચની ૨૨મી તારીખે એમનો જન્મ. માતર અને આમોદની શાળામાં તથા એક વર્ષ ભરૂચમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પૂરું કરી ૧૯૨૯માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઈ ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા. એકાદ વર્ષ સોનગઢ ગુરુકુળમાં અધ્યાપનકાર્ય કરી ૧૯૩૫થી ૧૯૪૫ સુધી અમદાવાદમાં 'જ્યોતિસંઘ'માં સેવાઓ આપેલી. ૧૯૪૫થી સુન્દરમ્ સપરિવાર શ્રીઅરવિંદાશ્રમ પૉંડિચેરીમાં ,સ્થાયી થયા. ૧૯૪૭થી તેમણે 'દક્ષિણા'નું તંત્રીપદ સંભાળ્યું હતું. એમણે વિદેશના પ્રવાસો પણ કરેલા. એમની સાહિત્યિક પ્રતિભાને અનુલક્ષીને ૧૯૭૫માં સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભવિદ્યાનગર)એ એમને પી.એચ.ડી.ની માનદ્ ઉપાધિ એનાયત કરી હતી. ૧૯૩૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૪૬માં મહીડા પારિતોષિક અને ૧૯૫૫માં નર્મદ સુવર્ણચંદ્રક ઉપરાંત ૧૯૬૮માં દિલ્હીની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ એમને મળેલો. ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ એમનું સન્માન કરેલું અને ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નો ઇલકાબ એનાયત કર્યો હતો. ૧૯૭૦માં જૂનાગઢ ખાતે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના તેઓ પ્રમુખ વરાએલા.

એમણે 'સુન્દરમ્' ઉપરાંત 'કોયા ભગત', 'ત્રિશૂળ' અને 'મરીચિ'ઉપનામોથી પણ લેખન કરેલું. એમની સર્જકપ્રતિભાનો ઉત્તમોત્તમ ફાલ કવિતામાં ઊતર્યો છે. પરંતુ એમણે નોંધપાત્ર વાર્તાઓ અને ઉલ્લેખનીય વિવેચન પણ કર્યું છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' ૧૯૩૩માં પ્રકટ થએલો. એ જ વર્ષે એમનો બીજો કાવ્યસંગ્રહ 'કાવ્યમંગલા' અને ૧૯૩૯માં ત્રીજો કાવ્યસંગ્રહ 'વસુધા' પ્રકટ થાય છે. ત્યાર પછી પૂરા એક તપ બાદ ૧૯૫૧માં એમનો ચોથો કાવ્યસંગ્રહ 'યાત્રા' પ્રકટ થાય છે. ત્યાર પછી પણ એમનું કાવ્યસર્જન અવિરતપણે ચાલ્યું છે. સૉનેટ, ગીત, મુક્તક, અને દીર્ઘ રચનાઓમાં સુન્દરમે પોતાની કલમ સફળતાથી ચલાવી છે.. એમની કવિતામાં એક તરફથી નક્કર વાસ્તવિકતાનું આલેખન છે તો વળી બીજી તરફથી ભાવના-આદર્શનું પણ નિરૂપણ થએલું છે. છંદોલય પરની એમની હથોટી અને ભાષાકર્મની સજગતા તેમજ ઉન્નત કલ્પનોડ્ડયનો એમને આપણી ભાષાના એક ઉત્તમ કવિ ઠેરવે છે. એમને પ્રકૃતિ, પ્રણય અને ભક્તિ તથા અધ્યાત્મને ઉત્કટતાથી પોતાની કાવ્યરચનાઓમાં નિરૂપ્યાં છે. શરૂમાં પ્રગતિવાદની પછી ગાંધીજીની અને ત્યારબાદ શ્રી અરવિંદની વિચારસરણીનો એમના કવન પર સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

જેમ કવિતાક્ષેત્રે તેમ વાર્તાક્ષેત્રે પણ સુન્દરમે નોંધપાત્ર કામ કર્યું છે. એમની વાર્તાઓમાં ગ્રામપરિસર અને નગરચેતનાનો વાસ્તવ અને ભાવનાનો ખ્યાલ અને ખુમારીનો કલાત્મક સંયોગ થયો છે. ધૂમકેતુ - રાવિ.પાઠકની વાર્તાશૈલીથી એમની વાર્તાઓ કલાત્મક પ્રયોગની દૃષ્ટિએ જુદી તરી આવે છે અને સર્જકતાનો પ્રશસ્ય સંસ્પર્શ દાખવે છે. એમણે 'હીરાકણી અને બીજી વાતો' (૧૯૩૮), 'ખોલકી અને નાગરિકા' (૧૯૩૯), 'પિયાસી' (૧૯૪૦), 'ઉન્નયન' (૧૯૪૫) તથા 'તારિણી' (૧૯૭૮) વાર્તાસંગ્રહો આપ્યા છે.

વિવેચક તરીકે પણ સુન્દરમમાં સૂક્ષ્મ સૂઝ અને ઊંડો અભ્યાસ દૃષ્ટિગોચર થાય છે. ૧૯૩૧માં ગ્રંથસ્થ ગુજરાતી સાહિત્યની એમની સમજપૂર્વકની સમાલોચનામાં એક અચ્છા વિવેચકનો પ્રથમ ઉન્મેષ જોવા મળે છે. પરન્તુ આ ક્ષેત્રે એમનું ખૂબ જ મહત્ત્વનું કામ છે ૧૯૪૬માં પ્રકટ થએલો 'અર્વાચીન કવિતા' ગ્રંથ. ગુજરાતી વિવેચનસાહિત્યમાં આ ગ્રંથ એમનું સીમાચિહ્ન સમું અર્પણ છે, જેમાં એક તટસ્થ વિવેચકની હિમ્મત અને હૂંફ બન્નેનાં દર્શન થાય છે. 'અવલોકના' (૧૯૬૫), 'સાહિત્યચિંતન' તથા 'સમર્ચના' (૧૯૭૮) એમનું આ ક્ષેત્રે અન્ય પ્રદાન છે. આ ઉપરાંત 'સા વિદ્યા'માં એમના શિક્ષણવિષયક લેખો પણ ગ્રંથસ્થ થયા છે.

સુન્દરમે મૌલિક નાટકો લખ્યાં છે અને કેટલાંકના અનુવાદો પણ આપ્યા છે. ૧૯૭૭માં પ્રકટ થયેલો 'વાસન્તી પૂર્ણિમા' એમનો મૌલિક નાટ્યસંગ્રહ છે. તેમણે 'દક્ષિણાયન' જેવો પ્રવાસગ્રંથ આપવા ઉપરાંત 'ભગ્નવજ્જુકીય' (૧૯૪૦), 'મૃચ્છકટિક' (૧૯૪૪), 'માનાજીનાં નાટકો' (૧૯૫૧), 'સાવિત્રી' (૧૯૫૬), 'ઐસી હૈ જિંદગી' (૧૯૭૪) એમના મહત્ત્વના અનુવાદો છે.

'કુમાર'ની બુધસભા સાથે પણ એનાં આરંભનાં વર્ષોમાં સુન્દરમનો ઘનિષ્ટ નાતો રહેલો. એ મરમી કવિતાપારખુ, પણ ઊગતા કવિને પોષવા-ટપારવામાં એ સહૃદયી! સુન્દરમ્ મુલાયમ વ્યક્તિત્વ ધરાવતા માતબર સર્જક હતા. વ્યક્તિ તરીકે ભાવાવેગી અને સર્જક તરીકે કલારાગી સુન્દરમના સાહિત્યસર્જન અને વ્યક્તિત્વને લોકો ચિરકાળ સુધી સ્મર્યા કરશે.

'સ્નેહરશ્મિ'



ત્રીશીના ગાળાના કવિઓમાં બીજું જાણીતું નામ તે 'સ્નેહરશ્મિ', જેમનું મૂળ નામ ઝીણાભાઈ રતનજી દેસાઈ. વલસાડ જિલ્લાના ચીખલી ગામે ૧૬ એપ્રિલ ૧૯૦૩ના રોજ એમનો જન્મ. ૧૯૨૦માં અસહકારની લડતમાં સક્રિય બની મેટ્રિકમાંથી અભ્યાસ પડતો મૂક્યો. ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠની 'વિનીત' પરીક્ષા પસાર કરી અને ૧૯૨૬માં રાજ્યશાસ્ત્ર વિષય લઈ ત્યાંથી સ્નાતક થયા. ૧૯૨૬ થી '૨૮ સુધી વિદ્યાપીઠમાં જ રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે સેવાઓ આપી. ૧૯૩૦માં સવિનયભંગની લડત વખતે 'સત્યાગ્રહ પત્રિકા'નુ સંપાદન કરવા બદલ નવ માસનો કારાવાસ ભોગવવો પડેલો. બીજે જ વર્ષે સુરત શહેર કૉંગ્રેસના પ્રમુખ વરાયા. વળી પાછો બે વર્ષનો જેલવાસ. આમ, એમણે કારકિર્દીના આરંભમાં સ્વાતંત્ર્યની લડતમાં સક્રિય ભાગ લીધેલો. પરંતુ ૧૯૩૪થી એમની જીવનદિશા બદલાય છે. એઓ હવે શિક્ષણના ક્ષેત્રમાં પુન: ઝંપલાવે છે અને શિક્ષણને પોતાનું આજીવન કાર્યક્ષેત્ર બનાવે છે. ૧૯૩૪માં મુંબઈમાં વિલે પારલેની ગોકળબાઈ શાળામાં તેઓ આચાર્ય તરીકે નિયુક્ત થાય છે. ૧૯૩૮માં અમદાવાદની જાણીતી શિક્ષણસંસ્થા શેઠ ચી.ન.વિદ્યાવિહારમાં આચાર્યપદે જોડાય છે, અને ત્યાંથી જ તેઓ નિવૃત્ત થાય છે. આ સંસ્થાને એના શ્રેષ્ઠ શિખરે પહોંચાડવામાં ઝીણાભાઈ દેસાઈનું યોગદાન ઘણું મહત્ત્વનું રહ્યું છે. એમણે મુંબઈ અને ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળો પર પણ કામ કર્યું હતું અને ત્રણેક વાર ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિપદે પણ રહ્યા હતા. શિક્ષણ એ એમનો પ્રથમ પ્રેમ, એમની શૈક્ષણિક સિદ્ધિઓને લક્ષ્યમાં લઈ એમને ૧૯૬૧માં રાષ્ટ્રપતિ એવૉર્ડ એનાયત થએલો તથા ચંદ્રકાંત મેમોરિયલ પારિતોષિક પણ એનાયત થએલું.

શિક્ષણ સાથે એમણે સાહિત્યસર્જનના ક્ષેત્રમાં પણ સતત સક્રિયતા દાખવી છે. એમણે કાવ્યપ્રવૃત્તિનો આરંભ ૧૯૨૧થી કરેલો, પણ એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અર્ધ્ય' ૧૯૩૫માં પ્રકટ થાય છે. ૧૯૪૮માં 'પનઘટ', ૧૯૭૪માં 'અતીતની પાંખમાંથી', ૧૯૮૪માં 'ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ' અને 'નિજલીલા' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. સાતમા દાયકામાં એમણે હાઈકુનું સર્જન કરી ગુજરાતી સાહિત્યમાં એમણે હાઈકુ-ચળવળનું નિર્માણ કર્યું. એમનો પ્રથમ હાઈકુ-સંગ્રહ 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' ૧૯૬૭માં પ્રકટ થયો હતો. ૧૯૮૪માં બીજો હાઈકુ સંગ્રહ 'કેવળ વીજ' પ્રકટ થયો. ૧૯૮૯માં એમના હાઈકુનાં અંગ્રેજી અનુવાદનો સંગ્રહ 'સનરાઈઝ ઑન સ્નોપિક્સ' પ્રકટ થયેલો. 'તરાપો' અને 'ઉજાણી' (૧૯૮૦)જેવા સફળ બાળકાવ્યોના સંગ્રહો પણ તેમણે આપેલા છે. એમના આ સર્વ કાવ્યસંગ્રહોને 'સકલ કવિતા' (૧૯૮૪)નામથી ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. કવિ તરીકે 'સ્નેહરશ્મિ' મુખ્યત્વે ઊર્મિપ્રધાન અને ભાવનાશીલ છે. ગાંધીપ્રભાવિત જીવનમૂલ્યો અને સામાજિક કટુ વાસ્તવિકતાનું નિરૂપણ એમની કવનપ્રવૃત્તિની આધારશિલાઓ છે.

એમણે કાવ્ય ઉપરાંત વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર, વિવેચન આદિ અનેક સાહિત્ય સ્વરૂપોમાં પણ પ્રદાન કર્યું છે. 'ગાતા આસોપાલવ' (૧૯૩૪), 'તૂટેલા તાર' (૧૯૩૪), 'સ્વર્ગ અને પૃથ્વી' (૧૯૩૫), 'મોટી બહેન' (૧૯૫૫), 'હીરાનાં લટકણિયાં'.'શ્રીફળ' તથા કાલાટોપી (૧૯૬૨) એમના વાર્તાસંગ્રહો છે. એમની વાર્તાઓમાં મુખ્યત્વે ધૂમકેતુશાઈ ભાવનાશીલતાનું અનુસરણ જોવા મળે છે. એમણે 'અંતરપટ' નામે નવલકથા પણ લખી છે, જેમાં વિવિધપાત્રોને મુખે નિજકથા કહેવડાવવાની રચનારીતિગત વૈશિષ્ટ્ય અને સામાજિક-સાંસ્કૃતિક વૈચારિક ક્રાન્તિનું વિષયગત વૈશિષ્ટ્ય ધ્યાનાર્હ છે. ૧૯૮૩માં એમનાં એકાંકીઓનો સંગ્રહ 'મટોડું ને તુલસી' પ્રકટ થયો હતો તેમજ એમની સહૃદય ભાવયિત્રી પ્રતિભા તથા સ્વતંત્ર વિચારદષ્ટિનો પરિચય આપતા કેટલાક વિવેચનાત્મક લેખોનો સંગ્રહ 'પ્રતિસાદ' ૧૯૮૪માં પ્રકટ થયેલો.

એમનું નોંધપાત્ર અને મૂલ્યવાન અર્પણ છે એમની આત્મકથાના ચાર ભાગ : 'મારી દુનિયા' (૧૯૭૦) 'સાફલ્યટાણું' (૧૯૮૩), 'ઊઘડે નવી ક્ષિતિજ' (૧૯૮૭) અને 'વળી નવાં આ શૃંગ' (૧૯૯૦).

૬ જાન્યુઆરી ૧૯૯૧ની વહેલી સવારે સદાને માટે વિદાય લેનાર ઝીણાભાઈએ, આમ, શિક્ષણ અને સાહિત્યનાં ક્ષેત્રોમાં પોતાની શક્તિઓનો ઠીક ઠીક હિસાબ તો આપ્યો જ છે; પરંતુ મનુષ્ય તરીકે એમણે આજીવન વહાલનું વાવેતર કર્યું છે. એમના સ્નેહનું રશ્મિ-એમના ચાહકોનાં ચિત્તને ઝળાંઝળાં રાખ્યાં કરશે.

પ્રાપ્ત પ્રકાશનો

'મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા' :- યુવાન અધ્યાપક અને મધ્યકાલીન સાહિત્યના રસિક અભ્યાસી ડૉ. બળવંત જાનીનો આ ગ્રંથ આ પ્રકારના સાહિત્યમાં ઉપયોગી ઉમેરો છે. (પ્રકા. પાર્શ્વ પ્રકાશન, નીશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, ક્રાઉન પૃ. ૧૯૨, રૂ. ૪૦)

'મિત્રસ્ય ચક્ષુષા' : હરીશ વિ. પંડિતના વિવેચનલેખોનો સંગ્રહ (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૧૨૦, રૂ. ૨૫)

'સૂર્યમુખી' : જીવનમૂલ્યોને તાકતાં નાટકોનો સંગ્રહ. લે. નટવર અકલેસરી, વિક્રેતા

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા-૧; કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૧૫૫, રૂ. ૧૧)

'સ્પર્શ-ઐતિહાસિક' : ઈતિહાસ અને સમાજલક્ષી અભ્યાસલેખોનો દેવેશ ભટ્ટનો સંગ્રહ. (પ્રકા. ત્રિવિક્રમ પ્રકાશન, ૪૯૫, જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદ-૧; કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૯૫, રૂ. ૨૦)

'અધખુલ્લી બારી' : અરવિંદ જોષીનો પ્રથમ કાવ્યસંગ્રહ (વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, રતનપોળ સામે, અમદાવાદ-૧; કાચુ પૂઠું, ક્રાઉન પૃ. ૧૬૪, રૂ. ૩૦)

'અંતર્નિહિત' : દક્ષા પંડ્યાનો કાવ્યસંગ્રહ. (વિક્રેતા કુમકુમ પ્રકાશન, મામુનાયકની પોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૧૩૬, રૂ. ૫)

'જલપરી' : મોહનભાઈ ભાવસાર 'દીનબંધુ'નાં બાળકાવ્યોનો રંગીન ચિત્રો સાથેનો સંગ્રહ (ક્રાઉન ડબલ, પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૨૦, પ્રકા. સંસ્કૃતિ પ્રકાશન, 'શિવાલાં', ૬૩, અવનીશ સોસાયટી, ખોખરા - સીટીએમ. રોડ, અમદાવાદ-૨૬)

શબ્દકથા

આગમણ

આપણે ત્યાં ગામડાંઓમાં વપરાતા કેટલાક શબ્દો ત્યાંથી પણ ધીમે ધીમે ભૂલાતા જતા હોય તેમ લાગે છે. 'આગમણ' એક આવો જ શબ્દ છે. રસોઈઘર-સંલગ્ન આ શબ્દના સહુપ્રથમ ગુજરાતી કોશોનો અર્થ નોંધીએ :

(૧) આગમણ (ગ્રામ્ય) ૧. (સ્ત્રી) અક્કલ હોશિયારી. ૨ (સ્ત્રી) ચૂલાનો આગલો ભાગ, ચૂલાની બેળ, ત્યાં અંગારા કાઢી ઠારવામાં આવે છે.

('સંક્ષિપ્ત ભગવદ્ગોમંડળ' પૃ. ૮૧)

(૨) આગમણ (સ્ત્રી) ચૂલાનો આગલો ભાગ (જ્યાં અંગારા કાઢી ઓલવાય છે.)

('સાર્થ ગુજરાતી જોડણી કોશ' પૃ. ૬૮)

(૩) આગમણ (-ણ્ય) સ્ત્રી. (સં. અગ્રિમ પ્રા. અગ્ગિમ દ્વારા) આગમણ, ચૂલાનો આગલો ભાગ, ચૂલાની બેળ (જ્યાં અંગારા કાઢી ઠારવામાં આવે છે.)

(કે. કા. શાસ્ત્રી, 'બૃહદ્ગુજરાતી કોશ' ભા. ક, પૃ. ૧૯૪)

હવે, આ શબ્દ પાછળની અર્થ-વિભાવના તપાસીએ.

પહેલાનાં સમયમાં જ્યારે દીવાસળીની શોધ થઈ ન હતી ત્યારે અને શોધ પછીથીય આમવર્ગ સુધી હજુ તેનો વપરાશ પહોંચ્યો ન હતો ત્યારે આપણે ત્યાં આપણી બહેનો રસોઈ પૂરી થઈ ગયા બાદ, ચૂલાનું કામ પુરું થઈ ગયા બાદ, લાકડાના અંગારા ચૂલાના આગળના ભાગમાં રાખી તેના ઉપર રાખ વાળી દેતી. આથી, તેમાં અગ્નિ સંઘરાએલ રહે. પછી જ્યારે, ચૂલો પેટાવવાની જરૂર પડે ત્યારે તેને ઉખેળી ચૂલામાં મૂકી તેના ઉપર સુકાઈ ગયેલાં છાણાં-લાકડાં મૂકતાં થોડીવારમાં તે તપતાં અગ્નિ પેટાતો. આમ, ચૂલાનો આગળનો ભાગ અગ્નિનું 'મૂળ' બની રહેતો. આથી તેને 'અગ્નિમૂલ-મૂળ' કહેવાતું. ધીમે-ધીમે આ શબ્દ પરિવર્તિત થતો જઈ 'આગમૂળ-આગમૂણ કે આગમણ' સુધી આવી થંભ્યો. આજે તો સમય બદલાતા અગ્નિ પેટાવવાનાં વિભિન્ન ઉપકરણો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ હોઈ અગ્નિને સંગ્રહી રાખવાની જરૂર જ રહેતી નથી. પણ, આપણે ત્યાં પહેલાં તે જરૂરિયાત કઈ રીતે હલ થઈ રહેતી અને તેને નામ આપવા પાછળની કેવી સાર્થ લોકવિભાવના હતી તે આ ઉદાહરણથી જોઈ શકાય છે.

હસમુખ વ્યાસ

માધુકરી

જો કોઈને હૃદયમાં કદી સ્નેહ તું દે,
તો નાથ હે, વળી તું આટલું દાન દેજે;
સ્નેહીની આંખ મહીં સ્નેહ સદાય હોય,
સંસારને સમજવા દ્રઢ અન્ય ન્હોય.

સુન્દરમ્

પ્રાચીન વાર્તાકથનકળાના શુક્રતારક



કાનજી ભુટા બારોટ

કોઈ ડાયરામાં કાનજી ભુટા બારોટે દેશી ધોળી સુરવાળ, પહોળી બાંયની ધોળી કફની, કાળા કે કથ્થાઈ રંગની બંડી અને માથે ધોળો સાફો પહેરીને પલાંઠી વાળીને બેઠા-બેઠા વાર્તા માંડી હોય, ધીરગંભીર નાદે કાનજીભાઈના કંઠમાંથી વાર્તા સરતી હોય, ભાવાનુરૂપ આંગિક - સાત્વિક અભિનય હાથ ને ચહેરા દ્વારા પ્રકટતો હોય અને હાથમાં સાત તારની દેશી સિતાર ઉપર કાનજીભાઈની નખલી ફરતી હોય. શ્રોતાઓને રસલીન બનાવી મૂકતું કાનજી ભુટા બારોટનું આવું ગરવું દૃશ્ય હવે સાક્ષાત જોવા નહીં મળે! સૌરાષ્ટ્રની વાર્તાકથનની પ્રાચીન પરંપરાના આ રખેવાળે અનંતની યાત્રાએ જવા માટે તા. ૨૮-૯-૯૦ ને દિવસે આપણી વચ્ચેથી વિદાય લીધી, એ સાથે સૌરાષ્ટ્રની બારોટ શૈલીની વાર્તાકથનની પ્રાચીન પરંપરાના શુક્રતારકનો અસ્ત થયો.

કંઠસ્થ પરંપરાની વાર્તાકથનકળાના આવા વિરલ કથક શ્રી કાનજી ભુટા બારોટ લોકવાઙ્મયનું એક જીવંત પાત્ર હતા. પોરબંદર તરફના બરડા વિસ્તારની મેર જ્ઞાતિના અને વાળા કાઠી જ્ઞાતિના તેઓ વહીવંચા બારોટ હતા. એમની ડેલીએ કે ડાયરામાં જ તેઓ વાર્તા માંડતા. યજમાનો સિવાય ક્યાંય જતા નહીં. પરંતુ ઇ. ૧૯૬૨ થી લોકવાઙ્મયનું શ્રી જયમલ પરમાર સાથે મેળાપ થયો ત્યારથી આકાશવાણીના રાજકોટ કેન્દ્ર દ્વારા વ્યાપક જનસમુદાયને એમના કંઠનો પરિચય કરાવેલો. પછી તો ગુજરાત અને ગુજરાત-બહાર અનેક સ્થળોએ પોતાની વાર્તાકથનકળાથી સુખ્યાત થએલા.

વિ.સ.૧૯૭૫ (ઇ.સ.૧૯૧૯)ના આસો મહિનાની નવરાત્રીના પ્રથમ નોરતે જન્મેલા કાનજીભાઈ વિ.સ.૨૦૪૬ (ઇ.સ.૧૯૯૦)ના આસો મહિનાની નવરાત્રીના નવમા નોરતે સ્વર્ગવાસી થયા. પિતાનું નામ ભુટાભાઈ ધેલાભાઈ બારોટ. માતાનું નામ અમરબાઈ. જન્મસ્થળ અમરેલી જિલ્લાનું ટીંબલા ગામ. પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો ત્યાં પિતાશ્રીનું નિધન થએલું. બાળપણથી જ પોતાના યજમાન બરડાના મેર અને વાળા કાઠીની વંશાવળિ રાખવાની કૌટુંબિક વ્યવસાય-પરંપરામાં જોડાઈ ગએલા.

હડાળા દરબાર અને ઝવેરચંદ મેઘાણીના મુરશિદ વાજસૂર વાળાની કચેરીનાં રત્નોમાંના એક તે સુરા બારોટ. કાનજીભાઈના મોટાબાપુ (દાદાના મોટાભાઈ) થાય. એ સુરા બારોટે ઝવેરચંદ મેઘાણીને સોરઠી સંતો વિષયક મોટાભાગની સામગ્રી પૂરી પાડેલી તેથી મેઘાણીએ એમને 'સોરઠી સંતોનું દર્શન કરાવનાર શુકનદાતા' તરીકે ઓળખાવેલા. આ સુરા બારોટ ભારે વાતડાયા અને મરમી વાર્તાકથક પણ હતા. કાનજીભાઈને એ બારોટશૈલીની વાર્તાકથન-કળાની પ્રાચીન પરંપરા મોટાબાપુ સુરા બારોટ પાસેથી મળેલી. કાનજીભાઈને વારસામાં મળેલી વાર્તાઓ ઉપરાંત પોતાની રીતે, સંશોધન કરીને એ વારસાને સમૃદ્ધ કરેલો. 'ઊર્મિ નવરચના', 'અખંડ આનંદ', 'નવનીત સમર્પણ' અને 'દાનેવ દર્શન' જેવાં સામયિકોમાં એમની શતાધિક વાર્તાઓ પ્રકાશિત થઈ છે, જેમાં પ્રસંગોચિત રીતે સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, ઐતિહાસિક સામગ્રી અને પરંપરિત-પ્રચલિત કંઈ કેટલીય દંતકથાઓ, ઓઠાઓ પણ આડકથારૂપે પ્રસ્તુત થયા હોઈને આ વાર્તાઓનું વિશેષ મૂલ્ય છે.

વાર્તાકથક પૂર્વે કાનજીભાઈ બે તબક્કાઓમાંથી પસાર થએલા. એમની વાર્તાકથનકળામાં આ બન્ને તબક્કાઓનો પ્રભાવ વરતાઈ આવે છે.

યુવાઅવસ્થામાં જ ભક્તિમાર્ગે વળીને સંત લખીરામજીની ભજનમંડળીમાં જ મોટા ભાગે કાનજીભાઈ સમય પસાર કરતા હતા. મંજીરા-પખવાજ વગાડે અને ભજનો પણ ગાય. ભજન-સંતવાણી-ની મૂળ તળપદી ગાયકીના ઢંગ કાનજીભાઈએ આ ગાળા દરમ્યાન કંઠસ્થ કરી લીધા. એક પ્રાચીન પરંપરા એમના કંઠમાં સચવાઈ ગઈ, જે એમની અનેક વાર્તાઓમાં વચ્ચે-વચ્ચે ઉચિત સ્થળે સહજ રીતે ગોઠવાઈ જતી. એ રીતે એમની વાર્તાકથનકળાને આ તબક્કાના અનુભવ જગતનો લાભ થયો. બીજું, તેઓ રાષ્ટ્રિય સ્વાતંત્ર્યની ચળવળમાં પણ ભળ્યા હતા. ઇ.સ. ૧૯૩૯માં સાબરમતી આશ્રમમાં શ્રી નરહરિ પરીખ સાથે થોડો સમય રહેલા. સુખ્યાત ગાંધીવિચારક વિઠ્ઠલભાઈ કોઠારીના 'નવસૌરાષ્ટ્ર' પત્રના કાર્યાલયમાં પણ ઘણો સમય ગાળેલો. ઇ.સ.૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ સમયે અમદાવાદની ગુજરાત કોલેજમાં થએલા ગોળીબાર પ્રસંગે હાજર હતા. શહીદ વિનોદ કિનારીવાલાએ વહોરેલી શહીદીના તેઓ સાક્ષી હતા. અમદાવાદના કૉંગ્રેસ હાઉસ ધ્વજવંદન માટે ગએલા ત્યારે ત્યાં છોડાએલ ટિઅર ગેસથી ગૂંગળાઈ ગએલા. પણ તેમ છતાં છેક સુધી ધ્વજવંદનમાં ઉપસ્થિત રહેલા. આ રાષ્ટ્રપ્રીતિ-દેશદાઝ - સમાજસુધારા તરફ વળેલી એમની વાર્તાઓમાં કોઈ ને કોઈ રીતે એ ડોકાયા વગર રહેતી નથી. નશાબંધી, શિકારબંધી, કન્યાવિક્રયબંધી, અંધશ્રદ્ધામાંથી મુક્તિ અને રાષ્ટ્ર પ્રત્યે વફાદારી પ્રકટે એ માટે કોઈ ને કોઈ મુદ્દો કે ઉદાહરણ વાર્તાકથન દરમ્યાન પ્રસ્તુત થાય. આમ, આ બન્ને તબક્કાએ એમની વાર્તાને એમનું પોતીકું પરિમાણ અર્પ્યું.

પછી તો ચલાળા(જિ. અમરેલી)માં સ્થાયી થયેલા. વાર્તાકથન અને બાપદાદાના પરંપરિત વહિવંચાના વ્યવસાયમાં જ રત રહેતા. એમની પાસે રહેલી મેર અને વાળા કાઠીની વંશાવળિ સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક-સામાજિક ઇતિહાસ વિષયે કામ કરનારાઓને શ્રદ્ધેય સામગ્રી તરીકે ખપમાં લાગશે.

શ્રોતાને વિશ્રંભમાં લેવાની એમની શૈલીનો એક આગવો વિશેષ તે, જાતે જ કથન દરમ્યાન પોતે વચ્ચે ક્યાંક એક વળાંકે હોંકારો દે તે હતો. 'એ... તો ભાઈ,... આમ હતું હો,' 'એ એમની કથાની જાણે ટેકણલાકડી હતી. હાથમાંની દેશી સિતારના તાર પણ ઊર્મિ-સંવેદનની સાથોસાથ, વચમાં વચમાં ગત છેડી લેતા. અન્ય ચારણીશૈલીના વાર્તાકથકોથી એમની શૈલી ત્રણ રીતે જુદી પડી જતી : એક, એ ઝડઝમક ને શબ્દાળુતાને ટાળતા ને એને સ્થાને કથાદોરને જ આગળ કરતા : બે, ટૂંકાં વાક્યોમાં ધારદાર કથનને અંતે 'હો' કહીને ભાર મૂકતા; અને તંતુવાદ્યની ગતોથી એમની કથાના પ્રવાહને રંગ આપતા. એ રીતે એ તદ્દન જુદા પડી જતા. પરિણામે ચારણીશૈલીની કથાની ઘણીબધી એકવિધતાથી એમની કથા બચી જતી. પ્રભુએ ઘેરા, ઘૂંટેલા, નરવા અવાજની એમને નવાજેશ કરેલી, તેનો રણકો જ શ્રવણીય બનતો. એવા અવાજોય આજે વિરલ બનતા જાય છે. કહેણ ને કંઠ બેયમાં એ વિરલ હતા. આ ઉપરાંત એમની વાર્તાકથનકળાનું બીજું મહત્ત્વનું અંગ ઉચિત સ્થાને સમુચિત ઉદાહરણો ટાંકીને વાર્તાના કેન્દ્રસ્થ ભાવને દૃઢ બનાવવો તે હતું. વ્રજભાષાનાં અનેક કવિતો, ચારણી કવિઓની અનેક રચનાઓ, સંતસાહિત્ય-લોકસાહિત્યનાં વિપુલ ઉદાહરણો, સૌરાષ્ટ્રના ઇતિહાસની અનેક કથાઓ તથા એને લગતી કંઈ કેટલીય દંતકથાઓ તથા 'પ્રવીણ-સાગર' જેવો ગ્રંથ એમને કંઠસ્થ. એમની સ્મૃતિ પણ ભારે ધારદાર હતી. વાર્તાકથન વખતે, ઉચિત સમયે ઉચિત સ્થળે એ સામગ્રીને તેઓ સહજ રીતે ગોઠવી દેતા. સંગીતના પણ તેઓ જાણતલ હતા, એ કારણે એમની વાર્તાઓ માત્ર કથા જ ન રહેતાં એની સાથે સંગીત, કવિતા અને ઇતિહાસ-દંતકથાઓ એમ ત્રિવિધ સામગ્રીના સંગમ સમી બનતી. ચોથી અને સૌથી આગવી વિશિષ્ટતા બુલંદ-ધીરગંભીર નાદે ભાવપૂર્ણ સાભિનય વાર્તાકથન. એમની વાર્તાકથનકળા આ બધાં કારણે અર્થપૂર્ણ અને હૃદયસ્પર્શી બની રહેતી.

ઇ.સ.૧૯૬૨-૬૩થી કાનજીભાઈની વાર્તાઓ આકાશવાણી પરથી પ્રસારિત થવા લાગી અને સમગ્ર ગુજરાત ઘેલું થયું. પછી તો સતત કાર્યક્રમો યોજાતા રહ્યા. ગુજરાત બહાર પણ બહુ પ્રસિદ્ધિ મળી. ઇ.સ.૧૯૬૯માં ગાંધીજન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે દિલ્હીમાં કાર્યક્રમ આપવા ગએલા. કહેવાય છે કે ત્યારે મુક્ત રીતે બહુ ઓછું હસનારા ઢેબરભાઈ, મોરારજીભાઈ વગેરે ખડખડાટ હસી પડેલા. લોકવાણીના લબ્ધપ્રતિષ્ઠ ગાયક શ્રી કરશનભાઈ પઢિયારે એ પ્રસંગને શ્રદ્ધાંજલી રૂપ દુહામાં સરસ રીતે સાચવી લીધો છે.

'ડોલાવેલ દીલ્હી તણાં ખોખડધજ ખોખાં સામે
બેઠેલ બોખાં, (એને) કરેલ હસતા કાનજી'

આકાશવાણીએ એમની દોઢસો જેટલી વાર્તાઓનું રેકૉર્ડિંગ કરેલ છે. ઉપરાંત ત્રીશેક જેટલી વાર્તાઓની ઓડિયો કસેટ્સ અને ત્રણ વાર્તાઓની વિડિયો કસેટ્સ તથા પોલીડોર મ્યૂઝીક ઑફ ઇન્ડિયા તરફથી એક વાર્તાની એલ.પી. બહાર પડી છે.

કાનજીભાઈને જેમની પાસેથી વાર્તાઓ મળી હોય એમનો નામોલ્લેખ તેઓ અવશ્ય કરતા. શતાધિક વાર્તાઓ 'ઊર્મિ નવરચના' અને અન્ય સામયિકોમાં પ્રકાશિત થઈ છે, એમાં પણ આવા નિર્દેશો તેમણે કરેલા છે. પ્રાપ્ત થયેલી વાર્તાઓને પોતાની શૈલીમાં શ્રોતાઓને રસ પડે એ રીતે શ્રોતાની કક્ષાનુસાર વળોટ આપીને પ્રસ્તુત કરવાની તેમને ભારે ફાવટ હતી. 'વીર માંગડાવાળો', 'કસ્તુરીમૃગ', 'હકો ભાભો', 'જીંથરો ભાભો', 'સ્વામી બ્રહ્માનંદ', 'માંડણ ભગત', જેવી તેમની કંઈ કેટલીય ઉત્તમ વાર્તાઓ ભાવકચિત્તમાં ચિરસ્મરણીય બની રહેશે.

'આઈ લીરલબાઈ', 'સંત મૂળદાસ સ્વામી', 'મેર નાગાજણ સીસોદીઆ' અને 'દાનેવ દર્શન' જેવી ચારેક પુસ્તિકાઓ પણ પ્રકાશિત થઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના જૂનાગઢ, અમરેલીના સંમેલનોમાં તેમણે વાર્તાકથન દ્વારા અનેક સંશોધકોને-સર્જકોને મંત્રમુગ્ધ કરી દીધેલા.

વાર્તાકથન દ્વારા કાનજીભાઈએ ત્રણેક દાયકા સુધી લોકમાનસને ઘડવાનું બહુ મોટું સંસ્કારકાર્ય કર્યું. ફળસ્વરૂપે અનેક સન્માનો, ખિતાબો તેમને પ્રાપ્ત થએલાં. એમાંય સંગીત નાટક અકાદમી દિલ્હીનો લોકકલાના ક્ષેત્રનો સર્વોચ્ચ ગણાતો રાષ્ટ્રિય કક્ષાનો એવૉર્ડ ઇ.સ. ૧૯૮૮માં એનાયત કરાયો એનાથી સમગ્ર રાષ્ટ્ર અને રાષ્ટ્રબહાર વસતા લોકવાઙ્મયના અભ્યાસીઓને એમની વાર્તાકથનકળામાં અત્યંત રસ પડેલો. લખનૌ મુકામે એવૉર્ડ પ્રદાનવેળાએ કાનજીભાઈએ રજૂ કરેલ વાર્તાથી એમની ક્ષમતા-શક્તિની ઉપસ્થિત રહેલા દેશના ટોચના કલાકારોને પ્રતીતિ થએલી. મૂળ-તળપ્રદેશની ખરી પ્રાચીન લોકકલાની સરવાણી ભાષા ન જાણનાર ભાવકને પણ આર્દ્ર બનાવી જતી હોય છે એનો ખ્યાલ ત્યારે ઘણાંએ પ્રત્યક્ષ રીતે અનુભવેલો. શ્રોતાગણને રસલીન કરી મૂકનારા કાનજીભાઈ પ્રાચીન - તળ સૌરાષ્ટ્રની - વાર્તા - કથનકળાનું ઊજળું ઉદાહરણ હતા, આપણી બહુ મોટી અસ્ક્યામત હતા. તેઓ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના જ્ઞાનકોશ હતા. આવા લોકજ્ઞાનના ભંડાર અને વાર્તાકથનકળાના તેજસ્વી શુકતારક શ્રી કાનજી ભુટા બારોટ એમના પ્રદાનથી હંમેશાં યાદ રહેશે.

- બળવંત જાની

સંનિષ્ઠ કેળવણીકારની વિદાય

ગુજરાત અને મહારાષ્ટ્રના શિક્ષણજગતમાં 'યાજ્ઞિકસાહેબ'થી ઓળખાતા શ્રી અમૃતલાલ યાજ્ઞિકના ૩જી જાન્યુઆરી ૧૯૯૧ના રોજ થયેલા નિધનથી એક આદર્શ કેળવણીકાર ગુમાવ્યાની લાગણી અનુભવી છે. અમૃતલાલ ભગવાનજીભાઈ યાજ્ઞિકનો જન્મ ૧૯૧૩માં ઑગસ્ટની ૮મી તારીખે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ગામે થએલો. મૅટ્રિકની પરીક્ષા ત્યાંથી પસાર કરી ૧૯૩૬માં ભાવનગરની શામળદાસ કોલેજમાંથી ગુજરાતી અને અંગ્રેજી વિષયો સાથે બી.એ. તથા ત્યાંથી જ ૧૯૩૯માં એ જ વિષયો સાથે એમ. એ. થઈ પ્રથમ મુંબઈની ગોકળીબાઈ



અમૃતલાલ યાજ્ઞિક

હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકે અને ત્યારબાદ મુંબઈની ઝુઈઆ કોલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કારકિર્દીનો આરંભ કરી ૧૯૪૦ થી '૬૦ સુધી એ જ કોલેજમાં ગુજરાતીના મુખ્ય અધ્યાપક તરીકે સેવાઓ આપી, ૧૯૬૦-૬૧ સુધી કે. જે. સોમૈયા કોલેજ, મુંબઈના સ્થાપક આચાર્ય બની ૧૯૬૨ થી ૧૯૭૮ સુધી વિલે પારલેની મીઠીબાઈ કોલેજના આચાર્યપદે રહી નિવૃત્ત થયા હતા.

યાજ્ઞિકસાહેબનો મુખ્ય રસ શિક્ષણનો. ગુજરાતી સાહિત્યના અધ્યાપકને નાતે સાહિત્ય સાથે તો સંબંધ હોય જ, અને એ નાતે જે કેટલાક સ્વાધ્યાયલેખો તૈયાર થયા હશે તેનો સંગ્રહ 'ચિદઘોષ' નામે ૧૯૭૧માં પ્રકટ થયેલો. શિક્ષણ અને સમાજ એમના વિમર્શનો મનગમતો વિષય, જીવનગમતી પ્રવૃત્તિ. આ નિમિત્તે પણ જે કંઈ અવારનવાર લખવાનું બન્યું હશે તે લેખો 'જગગંગાનાં વહેતાં નીર' (૧૯૭૦), 'આત્મગંગોત્રીનાં પુનિત જળ' (૧૯૭૪) 'જાગીને જોઉં તો' (૧૯૭૬), 'મુખડા ક્યા દેખો દરપનમેં' (૧૯૭૯), 'સમાજગંગાના વહેણો' (૧૯૮૧), 'કુટુંબજીવનનાં રેખાચિત્રો' અને 'વિદ્યાસૃષ્ટિના પ્રાંગણમાં' (૧૯૮૭)માં એમના કુટુંબજીવન અને વિદ્યાજગતના પ્રેરક અનુભવો'માં વિચારોનું સરળ સચોટ બયાન છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં એમણે ગાંધીવાદી વિચારક 'કિશોરલાલ મશરૂવાલા' અને સાહિત્યસર્જક 'ગુલાબદાસ બ્રોકર' ઉપર બે લઘુગ્રંથો પણ તૈયાર કર્યા છે. આ ઉપરાંત એમણે 'લોકસાહિત્યનું સમાલોચન' (૧૯૪૬)', 'ગુજરાતમાં ગાંધીયુગ: ઐતિહાસિક અને સાહિત્યક અવલોકન' (૧૯૬૮) જેવાં સ્વતંત્ર સંપાદનો અને 'કાવ્યસુષમા' (૧૯૫૯), 'વાઙ્મયવિહાર' (૧૯૬૪), 'અક્ષર આરાધના' તથા 'સાહિત્યક વાદ' (૧૯૮૦) જેવાં સહસંપાદનો પણ આપ્યાં છે. વળી, એમણે તે 'ધૈર્યશીલોની વીરકથાઓ' (૧૯૫૯), 'શિક્ષણ અને લોકશાહી' (૧૯૬૪), 'અમેરિકાની સંસ્કૃતિની રૂપરેખા' (૧૯૬૪), 'કુમારન્ આશન્' (૧૯૭૯) આદિ અનુવાદો પણ આપ્યા છે.

મુંબઈ, પૂના અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીઓની અભ્યાસ સમિતિઓમાં એમણે પોતાની શૈક્ષણિક સમજપૂર્વકની સેવાઓ આપેલી. નિવૃત્ત થયા ત્યારે અનેક સંસ્થાઓએ એમનું સન્માન કરી જે રકમ અર્પણ કરી તે તેમણે વિવિધ સંસ્થાઓના વિકાસમાં વહેંચી દીધી હતી. અનેક સાંસારિક પ્રવૃતિઓમાં સક્રિય રસ લેનાર યાજ્ઞિકસાહેબ અંતરથી અધ્યાત્મવાદી હતા. એમના પ્રેમાળ વ્યક્તિત્વનો સંસ્પર્શ અનેક શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ અનુભવ્યો હતો. તેઓ વિદ્યાર્થીવત્સલ આદર્શ શિક્ષક, પ્રશિષ્ટ રુચિ ધરાવનાર સાહિત્યસર્જક અને માનવપ્રેમી મનુષ્ય હતા.

કેન્સરનાં કારણો

કેન્સર થવા પાછળ ઘણાં બધાં કારણો હોઈ શકે. આમાંના કોઈ એક કારણે અથવા બાજા કોઈ વધુ કારણથી વ્યક્તિ કેન્સરના રોગમાં ઝડપાઈ જાય છે.

એવું એક અનુમાન કરવામાં આવે છે કે કેન્સર પેદા કરે તેવા પદાર્થો વાતાવરણમાં બધે જ ફેલાયેલા છે, માનવસર્જિત રસાયણો હોય કે પછી વાતાવરણમાં કુદરતી રીતે તેનું અસ્તિત્વ હોય.

આ પ્રકારના કેન્સર પેદા કરનાર પદાર્થોની અસર માનવશરીરના કોષકેન્દ્ર ઉપર થતી હોય છે. જનનીય કેન્દ્ર (DNA)નાં તત્ત્વો ઉપર અસર થતાં, આ કેન્દ્રને નુકસાની પહોંચે છે. આ કેન્દ્રને થયેલી નુકસાનીની મરામત કરતા કોષનો નાશ અથવા તો કોઈ નોંધનીય ફેરફાર ન થાય. ક્યારેક તેમાં થયેલો ફેરફાર કેન્સરમાં પરિણમે છે.

કેટલાંક પદાર્થો અને રસાયણોને કારણે કેન્સર થાય છે, તેમ બીજા કેટલાક પદાર્થોને માટે શંકા સેવવામાં આવે છે, કારણ કે તે કેન્સર કરનારા પદાર્થો સાથે મળતા આવે છે. આ પ્રશ્ન ગૂંચવાડાભર્યો બની જતો હોય છે. કેન્સર ઉત્પન્ન કરવામાં એક કરતા વધારે પદાર્થોનો પણ ફાળો હોય. પ્રાયોગિક રીતે કોઈ એક રસાયણને કારણે કેન્સર ઉત્પન્ન થતું હોય તો કહી શકાય કે આ રસાયણથી કેન્સર થયું છે. કેન્સર ઉત્પન્ન કરનાર પદાર્થો જનનીય કેન્દ્રમાં ફેરફાર કરી કાઢે છે, જેનું પરિણામ કેન્સરની ગાંઠ બને છે. કેન્સર કરનારા વિવિધ પદાર્થો જુદા જુદા પ્રકારના કેન્સરો ઉત્પન્ન કરે છે.

રસાયણને કારણે કેન્સર થાય છે એવો પ્રથમ ઉલ્લેખ ૧૭૬૦માં પર્સીવલ પોટ (Percival Pott) દ્વારા કરવામાં આવ્યો. ચિમનિ સાફ કરનારાઓને મોટી સંખ્યામાં scrotumનું કેન્સર થયેલું જોવા મળ્યું. કેન્સર પેદા કરતાં તેલ અને મેશ તેમનાં કપડાંને સારા એવા પ્રમાણમાં ચોંટી જતાં.

ઔદ્યોગિક વસાહતોમાં કામ કરનારા કામદારોએ કેન્સરનું વૈજ્ઞાનિક રીતે સંશોધન કરનારાઓને માટે, કેન્સર ફેલાવતાં પદાર્થો અને રસાયણો માટે ઠીક ઠીક પ્રકાશ પૂરો પાડ્યો છે. વાતાવરણમાં રહેલાં કેન્સર ફેલાવનારાં તત્ત્વોનો પ્રશ્ન આપણે માટે એક ગંભીર સમસ્યા છે. વિવિધ ઉદ્યોગોના વિકાસ માટે ઊભાં થયેલાં ગંજાવર કારખાનાંઓએ વાતાવરણને પ્રદૂષિત કરીને માનવજીવન માટે ગંભીર સમસ્યાઓ આજે તો ઊભી કરી આપી છે. શું યંત્રયુગની માનવજીવનને માટે આવી ભેટ? આપણે સહુ વધતા-ઓછા પ્રમાણમાં પ્રદૂષિત વાતાવરણના સંસર્ગમાં આવ્યા જ કરીએ છીએ. આ એક દિવસની વાત નથી. એ રીતે એક પછી એક વરસ પસાર થવા માંડે છે. કેન્સર પેદા કરનારા પદાર્થો પણ પસાર થતાં વરસોની સાથે આપણામાંના કેટલાકનાં શરીરમાં કામગીરી ચાલુ રાખતા હોય છે, ત્યારે તો કોઈ ચેતવણીની

નિશાનીનો અણસાર પણ નથી હોતો. બે દાયકા કે તેથી વધુ સમય પણ પસાર થઈ ગયો હોય. જ્યારે રોગની ભયાનકતા ઓળખવામાં આવી હોય, ત્યારે મોડું થઈ ગયું હોય તેવું પણ બની જતું હોય છે.

વાતાવરણમાં રહેલા વાઈરસ (Virus)ને કારણે કેટલાંક પ્રાણીઓમાં કેન્સર થાય છે તેવું જાણી શકાય છે, પણ માનવીય કેન્સરને માટે આ કારણ હજી વધુ સંશોધનનો પ્રશ્ન છે.

ધંધાને કારણે પણ કેટલાંક કેન્સર થતાં હોય છે. ખાસ કરીને જે કામદારો ખાણોમાં, રબ્બર, સિમેન્ટ, રંગઉદ્યોગો, એસ્બેસ્ટોસ, કાપડ-ઉદ્યોગ, રેડિયોલૉજિ વગેરે પ્રકારનાં કામ સાથે સંકળાયેલા હોય તેમને માટે વિવિધ પ્રકારનાં કેન્સરની શક્યતાઓ રહેલી છે. દરદીના ધંધાકીય ઈતિહાસને આધારે કેન્સરનાં તારણો શોધી શકાયાં છે. ઉપર દર્શાવેલા વિવિધ ધંધાઓ સાથે સંકળાયેલી વ્યક્તિઓને ચામડી, શ્વસનતંત્ર, મૂત્રાશય, લોહીના (લ્યૂકેમિયા) કેન્સરની અસર જોવા મળતી હોય છે.

ઓગણસમી સદીના મધ્યમાં એઝો-ડાઈઈન્ડસ્ટ્રિ (azo-dye-industry)નો વિકાસ બહુ ઝડપથી થયો. ઓગણીસમી સદીના અંતમાં જાણવા મળ્યું કે જે કામદારોને એનીલીન સાથે કામ કરવાનું આવેલું તેમને બ્લેડરનું કેન્સરનું થયું હોય તેવું પ્રતીત થયું. આ પ્રકારના બ્લેડર કેન્સરને પ્રથમવાર પારખવામાં આવ્યું.

એનીલીન પોતે કેન્સર કરે તેવું રસાયણ નથી, પણ ઓગણીસમી સદીમાં જે એનીલીન વાપરવામાં આવેલું તેમાં જ એમીનો-બાય-ફિનાયલ અશુધ્દિ તરીકે હતો, જે કેન્સરને માટે કારણભૂત ગણવામાં આવ્યો.

રાષ્ટ્રના વિકાસની દ્રષ્ટિએ તો ઔદ્યોગિક ઉત્પાદનો બંધ ન કરી શકાય. ઔદ્યોગિક ઉત્પાદનો એ તો દરેક રાષ્ટ્રની જરૂરિયાત છે. રબ્બર, એસ્બેસ્ટોસ, કાગળ, કાપડ, ડામર વગેરેના ઉત્પાદન સાથે સંકળાયેલ માનવસમૂહના સ્વાસ્થ્યની દષ્ટિએ આ પ્રશ્ન અંગે ગંભીર રીતે વિચાર કરવો ઘટે છે. વ્યક્તિના સ્વાસ્થ્યની દષ્ટિએ, આહારની દષ્ટિએ આ પ્રકારનું કાર્ય કરનાર સહુની નિયમિત રીતે દેખભાળ લેવાતી રહે તે બહુ જરૂરી બાબત છે. આવા પ્રકારની કાળજીથી રોગ થતો તો નહિ અટકાવી શકાય, પણ તેનું પ્રમાણ તો ચોક્કસ ઘટાડી શકાશે.

કેન્સરને માટે કેટલાંક રસાયણો જવાબદાર હોવાને કારણે પશ્ચિમનાં રાષ્ટ્રોમાં કોઈપણ માનવીએ બનાવેલ નવા રસાયણની બરાબર ચકાસણી કરવામાં આવે છે કે તે કેન્સરને માટે કારણભૂત બને તેમ નથી ને ? આ અંગેના પ્રયોગો પ્રાણીઓ ઉપર કરવામાં આવતા હોય છે, જેના માટે મધ્યસ્થ સરકાર સંચાલિત ડ્રગ એડમિનિસ્ટ્રેશન જેવી સંસ્થા ઊભી કરવામાં આવી હોય છે.

દરેક વરસે નવાં પેદા કરવામાં આવતાં રસાયણોની અસર ઝીણવટભરી રીતે કરવામાં આવે છે. ખાસ કરીને જનનીય કેન્દ્ર (DNA) ઉપર શું અસર થાય છે, તે બાબત મહત્ત્વની છે. જે પદાર્થની DNA ઉપર અસર થાય તેને mutagens કહે છે. પછીથી તેની પ્રાણી પર શું અસર થાય છે તે તપાસવામાં આવે છે. આ પ્રશ્ન અંગે વિવિધ મતભેદો પ્રવર્તે છે. કેટલાકનો ખ્યાલ એવો છે કે પ્રાણીઓને પ્રમાણમાં આ નવું રસાયણ પ્રયોગને માટે આપવામાં આવે છે. વળી પ્રાણીનું આયુષ્ય માનવી કરતાં ટૂંકું છે. જ્યારે મનુષ્ય ઉપર રસાયણની અસર ધીરી ગતિએ થતી હોય છે. માનવીનું આયુષ્ય ઘણું લાંબું છે. આ દષ્ટિએ આવા પ્રકારના મોંઘા પ્રયોગોનું સત્ય નક્કી કરવાનું અઘરું છે.

આપણે માટે વાતાવરણમાં કયા કેન્સરજન્ય પદાર્થો છે તે જાણવું બહુ જરૂરી છે. એ જાણવા માટે આપણી પાસે એવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેનાથી વાતાવરણના કેન્સર પેદા કરતા પદાર્થો બહુ ઝડપથી સાદી અને સસ્તી રીતે ચોકસાઈથી શોધી શકાય.

અનાજ, ફળો, શાકભાજીના ઉત્પાદનને માટે થતા પ્રયોગો જરૂર આવકારદાયક છે. વિવિધ રાસાયણિક ખાતરોનો ઉપયોગ દિવસે દિવસે વધતો જાય છે. ઉત્પાદન વધ્યા પછીથી એ જ પેદાશોની બીજી શી આડઅસરો આવી છે તે જાણવું બહુ જરૂરી બને છે. પાકને જંતુઓ ન બગાડે તે માટે વપરાતી ઝેરી દવા, માનવશરીરને માટે નુકસાનકર્તા ન બની જાય તે જાણવું બહુ મહત્ત્વનું છે. ખોરાકને આકર્ષક બનાવવા માટે વપરાતા ખાદ્ય રંગો, પ્રિઝર્વેટિવ્ઝ, વરખ વગેરેની અવારનવાર ઝીણવટભરી તપાસ થવી જરૂરી બને છે. ખોરાકમાં ભેળસેળ કરનારા બેચાર જણાને શિક્ષા કરવાથી આ પ્રશ્નનો અંત આવતો નથી. વાતાવરણનું પ્રદૂષણ દૂર કરવું આપણા હાથમાં નથી, પણ ખોરાકને કારણે થતી હાનિ, માનવી જો થોડી વેપારવૃત્તિ દૂર કરે તો, અટકી શકે, અને માણસને નુકસાન ન કરે તેવી જ પેદાશો બજારમાં મુકાય. જો કે આ બાબત આજના જમાનામાં અસંભવિત, અશક્ય અને બિનવ્યવહારુ ગણાય છે.

જીવનને ટકાવવા માટે હવા, પાણી, અને ખોરાક આ ત્રણે બાબતો મહત્ત્વની છે. પણ આપણી કમનસીબી છે કે શુધ્દતાની દષ્ટિએ આ ત્રણે જીવનની જરૂરિયાતોમાં પ્રદૂષણ પ્રવેશી ગયું છે. ભવિષ્યની પ્રજાને માટે જીવન જીવવા માટેની કોઈ નવી દષ્ટિ આજની નવી પેઢીને આપવામાં આવે તો જ આ બધી બાબતોમાં પરિવર્તન લાવી શકાય. ફેરફારો જડમૂળથી ન લાવી શકીએ ત્યાં સુધી તો 'હોતી હૈ ચલતી હૈ' તે વાત સ્વીકારવાની રહી.

કેન્સર થવા પાછળનાં કારણોમાં વ્યક્તિગત જીવન જીવવાની રીતનો પણ અગત્યનો ફાળો હોય છે. વ્યક્તિનું દામ્પત્યજીવન, તેની રીતભાતો, આહાર, કસરત, સ્વચ્છતા, વિચારસરણી વગેરે બાબતોની અસર જીવન ઉપર સીધી કે આડકતરી રીતે પડતી હોય છે. જીવનને ભર્યુંભર્યું બનાવવામાં અથવા જીવનને જીવવા જેવું કરવાની ચાવી આ જ છે, એમ કહીએ તો પણ તેમાં જરાય અતિશયોક્તિ નથી.

ઘણી વાર એવું બને છે કે વ્યક્તિગત ખ્યાલો ઉપર સમાજજીવનની બીજી વ્યક્તિઓની ક્યારેક છાયા પડી જતી હોય છે. સોબતની અસરો પણ ઊંડી પડી જતી હોય છે. પોતે બીડી પીએ છે અને જિગરજાન દોસ્ત પણ પોતાની જેમ સિગારેટ પીતો થઈ જાય તો સાથે બેસીને સિગારેટ પીવાની કેવી મજા આવે?

(અનુસંધાન પૃ. ૬૯ ઉપર)

જીતવું દિલ જીતવાનું કામ છે,
જિંદગી જિંદાદિલીનું નામ છે.
—બ. ક. ઠાકોર

ભાવનગર રાજ્યનો આ પ્રસંગ છે. એકવાર રાજ્યનરેશ પોતાના શાહી મહેલના બગીચામાં બેઠા હતા. કોટની બહાર કોઈ અનાડી અબૂઝ છોકરાએ આંબા પરથી કેરી પાડવા પથરો માર્યો. નરેશને તે વાગ્યો. સિપાઈ બેબાકળો બની ગયો અને બહારથી પથરો મારનાર નાદાન છોકરાને પકડી લાવી નરેશ પાસે રજૂ કર્યો અને સજા કરવા કહ્યું. નરેશે કહ્યું, 'આંબાને એણે પથરો માર્યો તો આંબાએ શું આપ્યું ?' સિપાઈએ જવાબ આપ્યો, 'કેરી'. 'તો મારાથી એને સજા કેમ અપાય? જાવ, લઈ જાવ એને.' નરેશે તે બાળકને છોડી મૂકવાનો હુકમ આપ્યો. આ રાજવી તે મહારાજા ભાવસિંહજી.

¤

વીજળીના ગોળામાં બાળવા માટે યોગ્ય એવા ફિલામેન્ટને શોધવા માટે એડિસન નામના વિજ્ઞાનીએ બારીક રેસાસહિત લગભગ ૬૦૦ જેટલા વિધવિધ પદાર્થોનું પરીક્ષણ કર્યું હતું.

¤

સૂર્ય જ્યારે ક્ષિતિજથી ૪૦° થી ઓછા કોણની ઊંચાઈએ હોય છે ત્યારે જ મેઘધનુષ જોવા મળે છે.

¤

ગરમ કપડાંને શિયાળામાં ફરી ઉપયોગ કરવા માટે વાળીને મૂકી દો ત્યારે તેમાં થોડી સૂકી તમાકુ સાથે મૂકશો તો જિવાત તેને નુકસાન પહોંચાડશે નહિ.

¤

સૂકી ઉધરસ આવતી હોય તો ઈલાયચીના બે-ત્રણ દાણાને બાળીને તેની ભસ્મ ફાકી જોજો.

¤

આંગળાની છાપની જેમ કોઈ પણ બે વ્યક્તિના કાન કે એક જ વ્યક્તિના બંને કાન એકસરખા હોતા નથી. કાનના બાહ્ય ભાગ ઉપર કેટલાંક એવાં બિંદુઓ છે જેમાં જીવનભર કંઈ ફર્ક પડતો નથી.

¤

બચપણથી જ દૃષ્ટિ ગુમાવી બેઠેલાં વિખ્યાત પ્રજ્ઞાચક્ષુ હેલન કેલરે પોતાની ઘ્રાણશક્તિ એટલી તો વિકસાવી હતી કે પોતાના મિત્રો વગેરેને એ કેવળ એમની ગંધથી જ ઓળખી લેતાં હતાં.

¤

'સરકાર પર આધાર રાખી બેસી ન રહો: માગ માગ અને આપ આપનો સંબંધ કદી લાંબો ટકી ન શકે. સમાજનું કામ સમાજે પોતે જ કરવું રહ્યું : પ્રાચીન ભારતમાં તો રાજ્ય નહિ, સમાજ જ સામૂહિક જીવનનો પાયો હતો; રાજ્યની મોટી ઊથલપાથલો છતાં કદી લાચારી ભોગવવી પડતી ન હતી.'

રવીન્દ્રનાથ ઠાકુર

¤

ગણિતગમ્મત : કોઈ પણ બે આંકડાની રકમ લો. તેને ઊલટાવીને જે રકમ આવે તેને પેલી મૂળ રકમમાં ઉમેરો. જે સરવાળો થશે તેને ૧૧ વડે નિ:શેષ ભાગી શકાશે. દા.ત.
૭૨+૨૭ = ૯૯ ને ૧૧ વડે નિ:શેષ ભાગી શકાશે.
૬૫+૫૬ = ૧૨૧ ને ૧૧ વડે નિ:શેષ ભાગી શકાશે.

¤

પૂર્વ તથા મધ્ય આફ્રિકામાં આદિવાસી સ્ત્રીઓ પોતાનો ઉપલો હોઠ છેદાવીને અલંકાર પહેરે છે. તો પશ્ચિમોત્તર અમેરિકામાં આદિવાસી સ્ત્રીઓ નીચલો હોઠ છેદાવીને અલંકાર પહેરે છે.

¤

જોડણીભેદે અર્થભેદ
દ્વિપ-હાથી ; દ્વીપ - ટાપુ, બેટ

¤

ત્રીજા વિશ્વયુદ્ધમાં અણુશસ્ત્રો અને એથીય વધુ ઘાતક શસ્ત્રોનો ઉપયોગ થતાં પૃથ્વી પરથી જીવમાત્રનો સાર્વત્રિક ભારે વિનાશ થઈ ગયો. ત્યારે કોઈ અજ્ઞાત દેશના અતિ દુર્ગમ સ્થાનની એક ઊંડી ગુફામાંથી બચી ગયેલું એક વાનરયુગલ બહાર આવ્યું. સર્વત્ર સર્જાયેલો પ્રલય જોઈને ઊંડો શ્વાસ લેતાં એકબીજાને કહ્યું: 'અરેરે ! હવે બધું જ કામ નવેસરથી શરૂ કરવું પડશે.'
પ.ના.

¤

વન્ય પ્રાણીઓમાં એક હાથી જ એવું પ્રાણી છે કે જેને ઊંધે માથે ઊભા રહેવાનું શીખવી શકાય છે.

¤

લાંબામાં લાંબુ યુદ્ધ ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે ઈ.સ. ૧૩૨૮ થી ૧૪૪૩ સુધી એટલે કે ૧૧૫ વર્ષ સુધી ચાલેલું.


¤

વિશ્વના સૌથી ઝડપી જાદૂગર એલ્ડન ડી. વિગ્ટન ઊર્ફે ડૉ. એલ્ડ્નીએ યુ.એસ.એ.માં ઓહાઓમાં કિલબોર્ન ખાતે ૧લી માર્ચ ૧૯૯૦ના રોજ બે મિનિટમાં ૧૧૮ વિવિધ હાથચાલાકીઓ દર્શાવી હતી.

¤

નવા બટાટાની આ ઋતુ છે. નવા બટાટાને મીઠાના પાણીમાં બોળી રાખ્યા બાદ છોલશો તો છીલટાં સહેલાઈથી ઊખડી આવશે.

¤



કલાકણિકા : છે તો માત્ર સોપારી કાપવાની મહારાષ્ટ્રી સૂડી, પણ કલાકારે એને સાદ્યંત કેવી સજાવી છે! ઉપયોગિતા સાથે મનુષ્યની કલાપ્રિતીની, આવા કલાનમૂનાઓમાં ઝાંખી થાય છે. બંને ફળાંના ઉપરના ભાગે નારીની સુંદર મુખાકૃતિઓ અને બંને છેડે નીચે લટકતી ઘૂઘરીઓ બે સુંદર આકૃતિઓ સર્જે છે જ, પણ સોપારી કાતરતી વખતે ઘૂઘરીનો મંજુલ અવાજ સંગીત પણ સર્જે.